RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૨ ભાદરવા વદ - ૩ | મંગળવાર તા.૨૯-૦૯-૨૦૨૬ | અંક : ૨૩૦ વર્ષ : ૨૧ | jamnagar@aaspassaindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

# ભારતના એસ્સાર ગ્રૂપ અમેરિકામાં સૌથી મોટો સ્ટીલ પ્લાન્ટ સ્થાપશે

## ૨૦૩૦ સુધીમાં વાર્ષિક ૧૦ મિલિયન ટન સ્ટીલ ઉત્પાદન કરશે, પ્રોજેક્ટથી ૧,૭૫૦ કાયમી અને ૬,૦૦૦ બાંધકામ સંબંધિત નોકરીઓનું સર્જન થશે, વ્હાઈટ હાઉસમાં રાષ્ટ્રપતિ ટ્રમ્પે જાહેરાત કરી



વોશિંગટન

ભારતનું એસ્સાર ગ્રૂપ અમેરિકામાં કુલ ઈ૧૮ બિલિયનનું જંગી રોકાણ કરવા જઈ રહ્યું છે. વ્હાઈટ હાઉસમાં અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટની જાહેરાત કરી હતી. આ રોકાણ માત્ર અમેરિકાના સ્ટીલ ઉદ્યોગનું ચિત્ર જ નહીં બદલે, પરંતુ વૈશ્વિક સપ્લાય ચેઈનમાં ભારતીય બિઝનેસ હાઉસનું વર્ચસ્વ પણ સાબિત કરશે.

આ વિશાળ પ્રોજેક્ટ અંતર્ગત એસ્સાર ગ્રૂપ પોતાની માલિકીની યુએસ સ્થિત કંપની 'મેસાબી મેટાલિક્સ' મારફતે આયોવા રાજ્યમાં ઈ૧૫ બિલિયનના ખર્ચે એક અદ્યતન સ્ટીલ પ્લાન્ટનું નિર્માણ કરશે.આ પ્રોજેક્ટ અમેરિકાના ઈતિહાસના સૌથી મોટા સ્ટીલ સંકુલ પૈકીનો એક બનવા જઈ રહ્યો છે, આ પ્લાન્ટની ઉત્પાદન ક્ષમતા તબક્કાવાર રીતે વાર્ષિક ૧૦ મિલિયન ટન (૧ કરોડ ટન) સુધી પહોંચાડવામાં આવશે,પ્રોજેક્ટના પ્રથમ તબક્કામાં વાર્ષિક ૭.૫ મિલિયન ટન સ્ટીલ ઉત્પાદનનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે, પ્લાન્ટમાંથી પ્રથમ વ્યાપારી સ્ટીલ ઉત્પાદન વર્ષ ૨૦૩૦ સુધીમાં શરૂ કરવાનું લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યું છે.ભારતીય જૂથે માત્ર સ્ટીલ ઉત્પાદન પૂરતું સીમિત ન રહેતાં અમેરિકાની ધરતી પર સંપૂર્ણ ઈન્ટિગ્રેટેડ સ્ટીલ સપ્લાય ચેઈન તૈયાર કરવાનો માસ્ટરપ્લાન બનાવ્યો છે. એસ્સાર ગ્રૂપે મિનેસોટાના નાશવાક સ્થિત મેસાબી મેટાલિક્સના આયર્ન ઓર પ્રોજેક્ટમાં પહેલેથી જ ઈ૨.૫ બિલિયનથી વધુ રકમનું રોકાણ કરી દીધું છે. એસ્સારના જણાવ્યા અનુસાર, મિનેસોટા ખાતે શરૂ થયેલી આ કામગીરી છેલ્લા લગભગ ૫૦ વર્ષોમાં યુએસમાં શરૂ થનારી પ્રથમ નવી આયર્ન ઓર ખાણ અને પેલેટ પ્લાન્ટ છે. ૧૬,૦૦૦ એકરથી વધુ વિસ્તારમાં ફેલાયેલી આ સુવિધા જ્યારે પૂર્ણ ક્ષમતાએ કાર્યરત થશે.

# ફતેહપુરમા સિલિન્ડર બ્લાસ્ટ, ચાર લોકોના મોત

ફતેહપુરા,

ઉત્તર પ્રદેશના ફતેહપુર જિલ્લામાં ગેસ સિલિન્ડર બ્લાસ્ટમાં એક મકાન ધરાશાયી થયું હતું. જેમાં ચાર લોકોના મોત થયા છે. જ્યારે બે લોકો ઘાયલ થયા છે. તેમજ સાત લોકોનું રેસ્ક્યુ કરવામાં આવ્યું છે. આ અકસ્માત બાદ ઘરના માલિકની તબિયત આઘાતને કારણે બગડી ગઈ હતી. આ ઘટના સ્થળેથી ગેસના ચાર સિલિન્ડર મળી આવ્યા હતા અને એવું જાણવા મળ્યું છે કે તેમાંથી બેમાં વિસ્ફોટ થયો હતો.

આ અંગે મળતી માહિતી મુજબ ઘરમાં રસોઈ બનાવતી વખતે ગેસ પાઈપમાં અચાનક લીકેજ થવાને કારણે આગ લાગી અને ઘરમાં ધુમાડો ભરાવા લાગ્યો હતો. તેમજ બધા દોડીને બહાર નીકળી ગયા હતા.આ હોબાળો સાંભળીને પાડોશીઓ પણ ઘટનાસ્થળે એકઠા થવા લાગ્યા હતા.

ઉપરના માળની છત ધરાશાયી થઈ હતીઆ દરમિયાન બીજા માળે રહેલા બે લોકો આગ ઓલવવા માટે નીચે દોડી આવ્યા. હતા. તે જ સમયે એક જોરદાર વિસ્ફોટ થયો અને ઉપરના માળની છત ધરાશાયી થઈ હતી. જેમાં ત્રણ લોકો કાટમાળ નીચે દબાઈ ગયા હતા. તેમજ ત્રણેયનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતા. જ્યારે અન્ય લોકો ગંભીર રીતે દાઝી ગયા હતા.આ દુર્ઘટનાની જાણ થતાં જ કલેકટર અને પોલીસ અધિક્ષક સ્થળ પર પહોંચ્યા હતા. તેમજ ઘટના અંગે માહિતી મેળવી હતી. પોલીસ,ફાયર વિભાગ અને સ્થાનિક વહીવટીતંત્ર બચાવ અને રાહત કામગીરીમાં લાગ્યા હતા. તેમજ પ્રાથમિક દ્રષ્ટિએ આ અકસ્માત ગેસ સિલિન્ડરના વિસ્ફોટને કારણે થયો હતો. ફોરેન્સિક અને ફાયર વિભાગની ટીમો તપાસ કરી રહી છે.

# ઈ-ચલણ ના ભરે તેને લાઈટ બિલમાં જોડીને મોકલો: સુપ્રીમકોર્ટનું સૂચન

## જસ્ટિસ જેબી પારડીવાલા અને કેવી વિશ્વનાથનની બેન્ચે અરજીની સુનાવણીમાં જણાવ્યું

નવી દિલ્હી,

સુપ્રીમ કોર્ટે સૂચન કર્યું છે કે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ઈ-ચલણ પેટે લગભગ ૨૦,૦૦૦ કરોડ રુપિયાની રકમ બાકી છે. હવે આ રકમને વસૂલવા માટે ટ્રાફિક ચલણને વીજબિલમાં જોડવા પર વિચાર કરવો જોઈએ. જસ્ટિસ જેબી પારડીવાલા અને કેવી વિશ્વનાથનની બેન્ચે ટ્રાફિક નિયમોના ભંગમાં ઈ-ચલણની વસૂલાત સાથે જોડાયેલી અરજીની સુનાવણી કરતાં આ વાત જણાવી હતી.

જસ્ટિસ પારડીવાલાએ જણાવ્યું હતું કે અધિકારીઓએ ફક્ત ઈ-ચલણ જારી કરીને જ હાખ ખંખેરી લેવા ન જોઈએ. દંડની વસૂલાત પર પણ ધ્યાન આપવું જોઈએ. પોલીસ આવા હજારો-લાખો ઈ-ચલણ જારી કરી શકે છે. અસલી સવાલ ઈ-ચલણ દ્વારા ઠપકારવામાં આવેલા દંડની વસૂલાતનો છે. બેન્ચે જણાવ્યું હતું કે મોટી સંખ્યામાં ઈ-ચલણ જારી કરવામાં આવ્યા હોવા છતાં પણ દંડની વસૂલાત ઘણી ઓછી છે.

આના અંગે બેન્ચે જણાવ્યું હતું કે જે લોકો ઈ-ચલણના દંડની ચૂકવણી કરતાં નથી તેમની દંડ પેટે બાકી નીકળતી રકમ વીજ બિલમાં જોડી દેવામાં આવે. તેમણે વીજળીના બિલની તો ચૂકવણી કરવી જ પડશે. આમ નહીં થાય તો વીજ જોડાણ કપાઈ જશે. આ જો અધિકારીઓએ આ યોજના

# પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા કોંગ્રેસમાં જોડાશે

## અમિત ચાવડાએ કહ્યું- હાઈકમાન્ડ સાથે ચર્ચા ચાલુ, શંકરસિંહે વાતને આપ્યું સમર્થન

અમદાવાદ,તા.૨૯

ગુજરાતની રાજનીતિના સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા કોંગ્રેસમાં જોડાશે. કોંગ્રેસ હાઈકમાન્ડની લીલીઝંડી બાદ શંકરસિંહના જોડાવાનો લઈને નિર્ણય લેવામાં આવશે. પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ કહ્યું કે, હાઈકમાન્ડ સાથે ચર્ચા ચાલુ છે. તો બીજી તરફ બાપુએ પણ કહ્યું- હા સાચી વાત છે.

શંકરસિંહે ૨૦૧૭માં એમના જૂથના ધારાસભ્યો સાથે કોંગ્રેસને તોડી હતી. ૯ વર્ષ બાદ હવે કોંગ્રેસમાં જોડાવાની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. અમિત ચાવડાએ કહ્યું કે, શંકરસિંહ વાઘેલા સહિત અનેક લોકોને કોંગ્રેસમાં જોડાવવા માટે હાઈકમાન્ડ સાથે ચર્ચા કરવામાં આવી રહી છે. શંકરસિંહ વાઘેલાએ ૧૯૯૫માં બળવો કરી ભાજપ છોડી રાજપા બનાવી હતી. કોંગ્રેસના ટેકાથી મુખ્યમંત્રી બન્યા બાદ ૧૯૯૮માં તેઓ કોંગ્રેસમાં જોડાઈ પણ ગયા.



એ પછી ૨૦૧૭માં તેમણે કોંગ્રેસ છોડી પોતાની નવી પાર્ટી જનવિકલ્પ મોરચાની રચના કરી હતી, પરંતુ એ વર્ષે યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં તેમનો એકપણ ઉમેદવાર જીત્યો નહોતો.

એ પછી જાન્યુઆરી ૨૦૧૯માં તેમણે એનસીપી જોઈન કર્યું હતું અને ત્યાં રાષ્ટ્રીય મહામંત્રી રહ્યા બાદ તેમને પાર્ટીમાં પોતાનું મહત્ત્વ જળવાતું ન હોય એવું લાગ્યું હતું અને દ્વઝ છોડી દીધી હતી. નવેમ્બર, ૨૦૨૪ના શંકરસિંહ વાઘેલાના નિવાસસ્થાન વસંત વગડોમાં સ્નેહ મિલન યોજાયું હતું. જ્યાં શંકરસિંહે બેઠક બાદ પ્રજા શક્તિ ડેમોક્રેટિક પાર્ટીની જાહેરાત કરી હતી.

# ક્રૂડતેલ ઉછળી ૧૦૯ ડોલર નજીક:ઝડપી કડાકો

## વૈશ્વિક સોનામાં ફંડોનું સેલીંગ : પ્લેટીનમના ભાવ ઘટી રૂ.૫૯૧૩૩




મુંબઈ,

મુંબઈ ઝવેરીબજારમાં સોના- ચાંદી તથા પ્લેટીનમના ભાવમાં વિશ્વબજાર પાછળ ઝડપી ઘટાડો નોંધાયો હતો. નવી માગ ધીમી હતી. વિશ્વબજાર તૂટતાં ઘરઆંગણે ઈમ્પોર્ટ કોસ્ટ નીચી ઉતરી હતી. દરમિયાન, વિશ્વબજારમાં ક્રૂડતેલના ભાવ ૪ ટકા ઉછળી બેરલના ઉંચામાં ૧૦૯ ડોલર નજીક પહોંચી જતાં બજારના ખેલાડીઓમાં અજંપો દેખાયો હતો. ઈરાન તથા અમેરિકા વચ્ચે મડાગાંઠ વધ્યાના વાવડ હતા. બ્રેન્ટક્રૂડના ભાવ વધી ઉંચામાં ૧૦૮.૮૩ થઈ ૧૦૭.૯૮ ડોલર રહ્યા હતા. જ્યારે યુએસ ક્રુડના ભાવ વધી ઉંચામાં ૯૬.૫૪ થઈ ૯૫.૭૮ ડોલર રહ્યા હતા. દરમિયાન, વિશ્વબજારમાં આજે સોનાના ભાવ ઔંશના ૪૨૮૪થી ૪૨૮૫ ડોલરવાળા નીચામાં ભાવ ૪૧૪૦ થઈ ૪૧૫૭થી ૪૧૫૮ ડોલર રહ્યા હતા. વિશ્વબજારમાં ડોલર ઈન્ડેક્સ ઉંચકાતાં વૈશ્વિક સોનામાં ફંડોનું સેલીંગ વધ્યાના સમાચાર મળ્યા હતા. દરમિયાન, વિશ્વબજાર પાછળ ઘરઆંગણે આજે અમદાવાદ ઝવેરીબજારમાં સોનાના ભાવ રૂ.૨૫૦૦ તૂટયા હતા જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ કિલોના રૂ.૫૦૦૦ તૂટયા હતા. વિશ્વબજારમાં સોના પાછળ આજે ચાંદીના ભાવ ઔંશના ૬૪.૨૯થી ૬૪.૩૦ ડોલરવાળા ઘટી નીચામાં ભાવ ૬૦.૯૫ થઈ ૬૧.૫૩થી ૬૧.૫૪ ડોલર રહ્યા હતા.

દરમિયાન, અમદાવાદ બજારમાં સોનાના ભાવ ગબડી ૯૯૫ના રૂ.૧૫૨૨૦૦ તથા ૯૯૯ના ભાવ રૂ.૧૫૨૫૦૦ રહ્યા હતા જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ ગબડી રૂ.૨૨૭૦૦૦ રહ્યા હતા. મુંબઈ બુલીયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર રૂ.૩૦૦૦ ઘટી ૯૯૫ના રૂ.૧૪૭૩૮૭ તથા ૯૯૯ના રૂ.૧૪૭૯૮૦ રહ્યા હતા જ્યારે મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર રૂ.૭૮૦૦ ગબડી રૂ.૨૨૩૦૫૩ બોલાયા હતા. મુંબઈ સોના-ચાંદીમાં જીએસટી સાથેના ભાવ આ ભાવથી ત્રણ ટકા ઉંચા રહ્યા હતા. દરમિયાન, મુંબઈ બજારમાં આજે પ્લેટીનમના ભાવ ૧૦ ગ્રામદીઠ ૧૦૦૦ ઘટી નીચામાં ભાવ રૂ.૫૮૯૮૦ થઈ રૂ.૫૯૧૩૩ રહ્યા હતા.

# સ્પેસએક્સના સ્ટારશિપ રોકેટ પહેલી વખત પૃથ્વીની ભ્રમણ કક્ષામાં પ્રવેશ્યું

## ફાલ્કન-૯ રોકેટથી છોડાતા જૂના સેટેલાઈટ કરતાં ૧૦ ગણી વધુ સ્પીડ આપશે

ટેક્સાસ,

સ્પેસએક્સે જાયન્ટ 'સ્ટારશિપ' રોકેટને પહેલી વખત પૃથ્વીની ભ્રમણકક્ષામાં સફળતાપૂર્વક સ્થાપિત કરીને અંતરિક્ષ વિજ્ઞાનના ઈતિહાસમાં નવો અધ્યાય લખ્યો છે. દુનિયાના સૌથી શક્તિશાળી લોન્ચ વ્હીકલનું આ ફ્લાઈટ-૧૪ મિશન પ્રાયોગિક પરીક્ષણમાં સફળ સાબિત થયું છે. ટેક્સાસના બોકા ચિકા સ્થિત સ્પેસબેઝ લોન્ચ ફેસિલિટી પરથી ૧૨૪ મીટર ઊંચા આ મહાકાય રોકેટે ઉડાન ભરી હતી. આ રોકેટ સિસ્ટમમાં 'સુપર હેવી બૂસ્ટર ૨૧' અને 'શિપ ૪૧' નો સમાવેશ થાય છે.

ઓર્બિટલ એન્જિન બર્ન સફળતાપૂર્વક પૂર્ણ કર્યા બાદ સ્ટારશિપે પોતાના પેલોડ બેના




દરવાજા ખોલીને ૨૬ નેક્સ્ટ-જેન સ્ટારલિંક વીડ સેટેલાઈટ્સ ને સફળતાપૂર્વક ઓર્બિટમાં તરતા મૂક્યા હતા.વોશિંગ્ટનમાં સ્પેસએક્સ ફેસિલિટી ખાતે તૈયાર કરાયેલ દરેક વી-૩ સેટેલાઈટ ૧ ટેરાબિટ પ્રતિ સેકન્ડની બેન્ડવિડ્થ ધરાવે છે, જે ફાલ્કન-૯ રોકેટથી છોડાતા જૂના સેટેલાઈટ કરતાં ૧૦ ગણી વધુ સ્પીડ આપશે.

ત્રણ સેટેલાઈટ પર ખાસ પ્રકારના હાઈ-રિઝોલ્યુશન કેમેરા લગાવવામાં આવ્યા છે. જે સેટેલાઈટ છૂટા પડયા બાદ સ્ટારશિપની હીટશીલ્ડ ટાઈલ્સનું સ્કેનિંગ કરીને જમીન પર કન્ટ્રોલ ટીમને ડેટા મોકલશે. તેનાથી પૃથ્વી પર રી-એન્ટ્રી વખતે થતા ઘર્ષણ સામે થર્મોડાયનેમિક સહનશક્તિ ચકાસી શકાય.ફ્લાઈટ-૧૩ વખતે એન્જિન રિલાઈટમાં થયેલી ખામીને ધ્યાનમાં રાખીને કરાયેલા સોફ્ટવેર અને ટાઈલ એન્જિનિયરિંગ સુધારા આ મિશનમાં સફળ પુરવાર થયા છે. સ્ટારશિપની ઓર્બિટલ સફળતા નાસાના આર્ટેમિસ મૂન મિશન માટે મહત્ત્વપૂર્ણ છે, કારણ કે માનવજાતને ફરીથી ચંદ્રની સપાટી પર ઉતારવા માટે સ્ટારશિપના જ ખાસ લુનર લેન્ડર મોડેલનો ઉપયોગ થવાનો છે.

# ઉત્તર પ્રદેશના કુશીનગરમાં નારાયણી નદીનો બંધ તૂટ્યો



કુશીનગર,

ઉત્તર પ્રદેશના કુશીનગરમાં નારાયણી નદીનો બંધ તૂટ્યો છે. ચેઈન પટ્ટી અને જવાહી માલી એહતમાલી નજીક મોડી રાત્રે બંધમાં ભંગાણ પડતાં નદીનું પાણી આસપાસના ગામો તરફ વળ્યું છે. પાણી ગામ તરફ આગળ વધતાં સ્થાનિકોમાં ચિંતા ફેલાઈ છે. અસરગ્રસ્ત વિસ્તારોના લોકોને સાવચેતીના ભાગરૂપે સુરક્ષિત સ્થળે ખસી જવાની સલાહ આપવામાં આવી છે. વહીવટી તંત્ર દ્વારા સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે અને લોકોને સાવચેત રહેવા અપીલ કરાઈ છે.

# છત્તીસગઢ:અનેક જિલ્લાઓમાં ભારે વરસાદ બાદ પૂરની સ્થિતિ



રાયપુર,

છત્તીસગઢના અનેક જિલ્લાઓમાં ભારે વરસાદ બાદ પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાયે સુકમા અને બસ્તરના પૂરગ્રસ્ત વિસ્તારોનું હવાઈ સર્વેક્ષણ કર્યું. મુખ્યમંત્રીએ જણાવ્યું કે પૂરથી અત્યાર સુધીમાં ૮ લોકોનાં મોત થયા છે અને લગભગ ૧૬ હજાર લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે. ૫૭૧ ગામોના ૨૨ હજાર ૩૭૭ લોકો અસરગ્રસ્ત થયા છે. રાહત શિબિરોમાં અસરગ્રસ્તોને વળતરના ચેક અપાયા. મકાન નુકસાન અને પાક નુકસાનનું પણ વળતર અપાશે.

# મ્યાનમાર સેનાની રાખાઈનમાં ભીષણ એરસ્ટ્રાઈક! ૪૯ લોકોનાં મોત

## રાખાઈનમાં એક શક્તિશાળી વિદ્રોહી સંગઠનના નિયંત્રણવાળા વિસ્તારમાં બજાર પાસે થયો હુમલો

રાખાઈન,

મ્યાનમારના રાખાઈન પ્રાંતમાં સેનાની તરફથી કરવામાં આવેલી ભીષણ કાર્યવાહીમાં ૪૯ લોકોનાં મોત થયા છે. સેનાએ વિદ્રોહીઓના નિયંત્રણવાળા આ વિસ્તારમાં હવાઈ હુમલો કર્યો હતો, ત્યારબાદ અહીં અફરાતફરી મચી ગઈ હતી.

મ્યાનમારના પશ્ચિમી રાખાઈન પ્રાંતમાં સેનાની તરફથી કરવામાં આવેલા હવાઈ હુમલામાં ઓછામાં ઓછા ૪૯ લોકોનાં મોત થયા છે, જ્યારે ૫૮ લોકો ઘાયલ થયા છે. આ હુમલો એક શક્તિશાળી વિદ્રોહી સંગઠનના નિયંત્રણવાળા વિસ્તારમાં બજાર પાસે થયો હતો. હુમલાની માહિતી વિદ્રોહી સંગઠન અને બચાવ કામગીરી સાથે જોડાયેલા એક અધિકારીએ આપી હતી. જણાવવામાં આવ્યું છે કે આ ઘટના ક્યાઉક્તાવ ટાઉનશિપમાં બની હતી. આ વિસ્તાર રાખાઈન



રાજ્યમાં આવેલો છે અને અહીં અરાકાન આર્મી નામના શક્તિશાળી જાતિ આધારિત સશસ્ત્ર સંગઠનનું નિયંત્રણ છે.

સોમવારે આ હુમલો ક્યાઉક્તાવ ટાઉનશિપમાં થયો હતો. આ વિસ્તાર દેશના બીજા સૌથી મોટા શહેર મંડાલેથી લગભગ ૩૪૦ કિલોમીટર (૨૧૦ માઈલ) પશ્ચિમમાં આવેલો છે. ક્યાઉક્તાવ પર રાખાઈન સ્થિત શક્તિશાળી જાતિ આધારિત સશસ્ત્ર જૂથ 'અરાકાન આર્મી'નું નિયંત્રણ છે. હુમલામાં સામાન વેચનારા, ખરીદદારો અને રાહદારીઓનાં મોત આ હુમલાની માહિતીની સ્વતંત્ર રીતે પુષ્ટિ કરવી શક્ય બની નહોતી. મંગળવારે વહેલી સવારે જાહેર કરવામાં આવેલા નિવેદનમાં અરાકાન આર્મીએ જણાવ્યું કે બપોરના સમયે એક લડાકુ વિમાને સ્થાનિક બજાર પાસે ૨ બોમ્બ ફેંક્યા હતા, જેમાં સામાન વેચનારા, ખરીદદારો અને રાહદારીઓનાં મોત થયા હતા. જૂથે જણાવ્યું કે અન્ય ૫૮ લોકો ઘાયલ થયા છે, જેમાંથી ૨૨ની સ્થિતિ ગંભીર છે.

### DGP કચેરીના 'જનસંપર્ક કાર્યાલય' થકી પ્રજાના પ્રશ્નોનું ત્વરિત અને પરિણામલક્ષી નિરાકરણ

# ગુજરાતમાં છેલ્લા ૮ મહિનામાં ૩૧૦ રજૂઆતો સાંભળ્યા બાદ ૨૮ ગંભીર બાબતોમાં તાત્કાલિક ફરિયાદ નોંધાઈ

**સાચા અરજદારોને તાત્કાલિક ન્યાય, ખોટી રજૂઆત કરનારા સામે પણ કાયદેસર પગલાં : ખોટી અને બદઈરાદાપૂર્વક રજૂઆત કરનારા ૮ અરજદારો સામે કાયદેસર કાર્યવાહી કરી**

ગાંધીનગર,

રાજ્યના છેવાડાના માનવીને ત્વરિત, પારદર્શક અને સંવેદનાસભર ન્યાય મળે તેવા સંકલ્પ સાથે પોલીસ ભવન, ગાંધીનગર ખાતે શરૂ કરવામાં આવેલું 'જનસંપર્ક કાર્યાલય' આજે રાજ્યના સામાન્ય નાગરિકો માટે અત્યંત વિશ્વાસપાત્ર સેતુ બની ગયું છે.

રાજ્યના પોલીસ વડા શ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિક તથા લૉ એન્ડ ઓર્ડર ડીજીપી શ્રી રાજકુમાર પાંડિયનના સીધા માર્ગદર્શન અને ઉચ્ચસ્તરીય મોનિટરિંગ હેઠળ આ કાર્યાલય દ્વારા નાગરિકોની રજૂઆતોનું સમયબદ્ધ અને પરિણામલક્ષી નિરાકરણ લાવવામાં આવી રહ્યું છે. તા. ૦૪ ફેબ્રુઆરી ૨૦૨૬થી કાર્યરત આ કાર્યાલય પ્રત્યે લોકોનો વિશ્વાસ એટલી હદે વધ્યો છે કે માત્ર ૮ મહિનાના ટૂંકા ગાળામાં સમગ્ર રાજ્યમાંથી ૩૧૦ જેટલા અરજદારોએ રૂબરૂ મુલાકાત લઈને પોતાની રજૂઆતો નોંધાવી છે.

કોઈ નાગરિક કચ્છ કે સૌરાષ્ટ્રના અંતરિયાળ વિસ્તારોમાંથી લાંબી મુસાફરી કરીને આવતું હોય કે પછી દક્ષિણ ગુજરાતના છેવાડાના આદિવાસી ગામોમાંથી, ગાંધીનગર પોલીસ ભવન પહોંચતા જ દરેક અરજદારને પૂરા સન્માન, ધીરજ અને સંવેદનશીલતાથી સાંભળવામાં આવે છે. કોઈ પણ નાગરિક સાથે અન્યાય ન થાય તે માટે પૂર્ણ તકેદારી રાખીને સમર્પિત ટીમ દ્વારા તેમની અરજીઓ સ્વીકારવામાં આવે છે. આ ટીમમાં પોલીસ ઈન્સ્પેક્ટર શ્રીમતી પલક પટેલ, પોલીસ સબ-ઈન્સ્પેક્ટર શ્રી એન.જી. બારડ તથા એમ.જે. પટેલ, હેડ કોન્સ્ટેબલ શ્રી મણીલાલ વણગઈ અને પોલીસ કોન્સ્ટેબલ શ્રી કિશનભાઈ રાઠોડનો સમાવેશ થાય છે. આ ટીમ સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર મુજબ અરજી નોંધણી કરીને સંબંધિત શહેર કે જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે તુરંત ટેલિફોનિક સંકલન સાધી જરૂરી સૂચનાઓ આપે છે.

જનસંપર્ક કાર્યાલયમાં આવેલી અરજીઓને માત્ર ફોરવર્ડ કરવાને બદલે તથ્યો અને પુરાવાઓના આધારે ગુણદોષ ચકાસી કાયદેસર પગલાં સુનિશ્ચિત કરવામાં આવે છે. જે અંતર્ગત ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ ગંભીર અને તથ્યપૂર્ણ જણાયેલી બાબતોમાં સંબંધિત પોલીસ સ્ટેશનો મારફતે તુરંત 28 FIR દાખલ કરાવાયા છે. એટલું જ નહીં, અરજી મોકલ્યા બાદ પ્રક્રિયા ક્યાં પહોંચી તે સુનિશ્ચિત કરવા.

# અમદાવાદ: ટ્યુશન જતી વિદ્યાર્થિનીની રીક્ષાચાલકે કરી છેડતી, સગીરા ધક્કો મારી ચુંગાલમાંથી ભાગી છૂટી, આરોપી ઝડપાયો

**ક્લાસમાં રડતી બાળકીને જોઈ શિક્ષિકાએ માતાને બોલાવતાં સમગ્ર ઘટના બહાર આવી**



અમદાવાદ,

અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારમાં રહેતી અને ધોરણ ૧૦માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની સાથે રિક્ષાચાલકે છેડતી કરી હોવાની ઘટના સામે આવી છે. ટ્યુશન ક્લાસ જવા નીકળેલી સગીરાની રિક્ષાચાલકે ઓઢવ જડેશ્વર વનના ગેટ નજીક રિક્ષા રોકીને છેડતી કરી હતી. જોકે, હિંમત દાખવી સગીરાએ રિક્ષાચાલકને ધક્કો મારી તેની ચુંગાલમાંથી મુક્ત થઈ બીજી રિક્ષા પકડી ક્લાસ પહોંચી ગઈ હતી. ક્લાસમાં રડતી બાળકીને જોઈ શિક્ષિકાએ માતાને બોલાવતાં સમગ્ર ઘટનાના જણાવી હતી. આ અંગે સગીરાની માતાએ ઓઢવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે આરોપી રિક્ષાચાલકની ધરપકડ કરી છે.

મળતી માહિતી અનુસાર, વસ્ત્રાલમાં રહેતી અને ધોરણ ૧૦માં અભ્યાસ કરતી સગીરા ૨૬મી સપ્ટેમ્બરના રોજ પોતાના ઘરેથી નિયત સમયે ટ્યુશન ક્લાસ જવા નીકળી હતી.

# ગેરકાયદેસર રીતે અમેરિકા જવા નીકળેલા ૩ ગુજરાતીઓનું ઈથોપિયામાં અપહરણ

**પરિવાર પાસે એક કરોડ જેટલી ખંડણી માંગવામાં આવી છતા બંધકોને મુક્ત ન કર્યા**

અમદાવાદ,

વિદેશમાં સેટ થવાની ઘેલછા ક્યારેક એવી ભારે પડે છે કે જીવ જોખમાઈ જાય છે. પરંતુ આમ છતાં આ ઘેલછા દૂર થતી નથી. મળતી માહિતી મુજબ ગેરકાયદેસર રીતે અમેરિકા જવા નીકળેલા ૩ ગુજરાતીઓનું ઈથોપિયામાં અપહરણ થયું છે જેમાં ૨ યુવતીઓ અને એક યુવક સામેલ છે. ૩ દિવસથી આ લોકો અપહૃત છે અને પરિવાર પાસે ૧ કરોડ જેટલી ખંડણી માંગવામાં આવી હોવાના પણ સમાચાર છે. આ લોકો ૨૦ સપ્ટેમ્બરે અમેરિકા જવા રવાના થયા હતા.

મહેસાણાના એજન્ટ અલ્પેશ પટેલ મારફતે આ લોકો ગેરકાયદેસર રીતે અમેરિકા જવા નીકળ્યા હતા. જેમાં મહેસાણાનો ૨૩ વર્ષનો એક યુવક ઋત્વિક શૈલેષભાઈ જનસરી સામેલ છે અને બે યુવતીઓ સામેલ છે. એક યુવતીની ઓળખ મમતા ચિરાગભાઈ ચાવડા તરીકે થઈ છે જે મૂળ મહેસાણાના છે પરંતુ હાલ અમદાવાદમાં વસવાટ કરે છે.

ગેરકાયદેસર રીતે વિદેશમાં જવાનો મોહ ભારે પડતો હોવાના અનેક દાખલા સામે આવે છે પરંતુ આમ છતાં લોકો આ મોહ છોડી શકતા નથી. આ આખી વાત ત્યારે બહાર આવી જ્યારે એક યુવકનું અપહરણ થયું પરંતુ ૭૦ લાખની ખંડણી ચૂકવી દેતા છોડી દેવાયો અને આ યુવક તેમના જ ગામનો હતો. આ બધા સાથે હતા. આ યુવક ગુજરાત પાછો પણ આવી ગયો હોવાના અહેવાલ છે.

# બાળ કલ્યાણ ક્ષેત્રે ગુજરાતની સિદ્ધિ: પાલક માતા-પિતા અન્ય યોજનાઓથી હજારો બાળકોને થયો આર્થિક લાભ

**રાજ્યમાં વર્ષ ૨૦૨૫ થી અત્યાર સુધીમાં ૨૭ હજાર થી વધુ જરૂરિયાતમંદ બાળકોને રૂ. ૧૩૨ કરોડથી વધુની આર્થિક સહાય અને શિષ્યવૃત્તિ ચૂંકવાઈ**

ગાંધીનગર,

રાજ્યભરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અનાથ, નિરાધાર અને જરૂરિયાતમંદ બાળકોના જીવન ઘડતર અને ભવિષ્યને વધુ સુરક્ષિત કરવા માટે નિયામક, સમાજ સુરક્ષા પ્રભાગ દ્વારા મુખ્યત્વે 'પાલક માતા પિતા યોજના', 'શેરો પોઝીટીવ ઈલનેસ શિષ્યવૃત્તિ' તેમજ 'પાલક માતા પિતા યોજના અથવા મુખ્યમંત્રી બાળ સેવા યોજનાની લાભાર્થી દીકરીના લગ્ન સમયે કુલ ૨.૦૦ લાખ સહાય આપવાની યોજના અમલી બનાવવામાં આવી છે.

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા અને રાજ્ય મંત્રી ડૉ.મનિષા વકીલના નેતૃત્વમાં નિયામક, સમાજ સુરક્ષા પ્રભાગ દ્વારા આ વિવિધ બાળ કલ્યાણ યોજનાઓ હેઠળ રાજ્યભરમાં વર્ષ ૨૦૨૫-૨૬ થી ઓગસ્ટ ૨૦૨૬ સુધીમાં ૨૭ હજાર થી વધુ જરૂરિયાતમંદ બાળકોને રૂ.૧૩૨ કરોડથી વધુની આર્થિક સહાય અને શિષ્યવૃત્તિરૂપી સન્માન અપાઈને તેમનું ભવિષ્ય વધુ સુરક્ષિત કરવા આવ્યું છે.

જેમાં પાલક માતા પિતા યોજના હેઠળ વર્ષ ૨૦૨૫-૨૬ માં ૨૧,૮૮૧ લાભાર્થીને કુલ રૂ. ૮૦.૮૧ કરોડ અને એપ્રિલ-૨૬ થી ઓગસ્ટ ૨૦૨૬ સુધીમાં ૨૨,૨૨૪ બાળકોને રૂ. ૩૪.૨૪ કરોડ ની સહાય, શેરો પોઝીટીવ ઈલનેસ શિષ્યવૃત્તિ અંતર્ગત વર્ષ ૨૦૨૫ - ૨૬માં ૫૪૪૦ બાળકોને રૂ.૧.૮૬ કરોડ અને એપ્રિલ-૨૬ થી ઓગસ્ટ ૨૦૨૬ સુધીમાં ૫,૫૪૦ બાળકોને રૂ. ૩.૮૭ કરોડ ની શિષ્યવૃત્તિ તેમજ પાલક માતા પિતા અથવા મુખ્યમંત્રી બાળ સેવા યોજનાની લાભાર્થી દીકરીના લગ્ન સમયે કુલ ૨.૦૦ લાખ સહાય આપવાની યોજના માં વર્ષ ૨૦૨૫ - ૨૬ માં ૪૦૬ દિકરીઓ ને રૂ. ૮. ૧૨ કરોડ ની આર્થિક સહાય અને એપ્રિલ - ૨૬ થી ઓગસ્ટ - ૨૬ સુધીમાં ૨૧૫ દિકરીઓને રૂ. ૪.૩૦ કરોડ ની સહાય આપવા આવી છે.

# ખેડૂતોને સત્વરે "કપાસ કિસાન" એપ પર નોંધણી કરાવવા રાજ્ય સરકારની અપીલ

**રાજયના ખેડૂતો આગામી તા. ૩૧ ઓક્ટોબર સુધી નોંધણી કરાવી શકશે**

ગાંધીનગર,

ખેડૂતોને તેમની ઉપજના પૂરતા અને પોષણક્ષમ ભાવ મળી રહે તેવા શુભ આશયથી ભારત સરકાર દ્વારા પ્રતિવર્ષ વિવિધ જણસીઓની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવે છે. ચાલુ વર્ષ ૨૦૨૬-૨૭માં ગુજરાતના ખેડૂતો પાસેથી ટેકાના ભાવે કપાસ પાકની ખરીદી માટે સરકાર દ્વારા નોંધણી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. ટેકાના ભાવે કપાસનું વેચાણ કરવા ઈચ્છુક ખેડૂત મિત્રો આગામી તા. ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ સુધીમાં ભારતીય કપાસ નિગમ લિ. (CCI)ની "કપાસ કિસાન" એપ્લિકેશન પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી શકશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, દેશમાં ખરીફ પાકોનું વાવેતર શરૂ થાય તે પહેલાં જ ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ના ખરીફ પાકો માટે લઘુત્તમ ટેકાના ભાવ જાહેર કરવામાં આવ્યા હતા. જે અંતર્ગત લંબતારી કપાસ માટે રૂ. ૮,૬૬૭ પ્રતિ ક્વિન્ટલ તથા મધ્યમ તારી કપાસ માટે રૂ. ૮,૨૬૭ પ્રતિ ક્વિન્ટલ ટેકાનો ભાવ જાહેર કરવામાં આવ્યો છે.

"કપાસ કિસાન" એપ પર નોંધણી કરાવવાથી ખેડૂતોને લઘુત્તમ ટેકાના ભાવ હેઠળની ખરીદી સેવાઓ, ખરીદી કેન્દ્રોની વિગત અને તેને સંબંધિત અન્ય તમામ માહિતી મેળવવામાં સુગમતા રહેશે. ખરીદી કેન્દ્રો તથા MSP અંગેની વધુ વિગતો માટે ભારતીય કપાસ નિગમ લિમિટેડ (CCI)ની સત્તાવાર વેબસાઈટ www.cOcorp.org.in ની મુલાકાત પણ લઈ શકાય છે.

# અમદાવાદમાં હોર્ન વગાડવા મુદ્દે મહિલા સાથે મારામારીના કેસમાં શખ્સને પાંચ વર્ષની જેલ



અમદાવાદ,

રસ્તા પર હોર્ન વગાડવાના મામલે એક મહિલા સાથે મારામારી કરવા અને જાતિગત અપશબ્દો બોલવાના કેસમાં અમદાવાદની સિટી સેશન્સ કોર્ટે હિતેશ રાવલ (૪૫ વર્ષ)ને પાંચ વર્ષની જેલની સજા ફટકારી છે. કોર્ટે આરોપીને રૂ. ૪૨ હજારનો દંડ પણ કર્યો છે. આ ઘટના ૪ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ બની હતી. મહિલા સ્કૂટર પર પોતાની બહેનને પાછળ બેસાડીને નરોડા ખાતે પોતાના ઘરે જઈ રહી હતી. રસ્તા વચ્ચે ચાલી રહેલા હિતેશ રાવલને જોઈ તેણે હોર્ન વગાડ્યું હતું. આથી રોષે ભરાયેલા હિતેશે મહિલા તરફ પાણીની બોટલ ફેંકી હતી. બોટલથી બચવાનો પ્રયાસ કરતાં મહિલાનું સંતુલન બગડ્યું હતું અને તે સ્કૂટર પરથી નીચે પડી ગઈ હતી. મહિલા નીચે પડી ગયા બાદ હિતેશે તેની સાથે કથિત રીતે મારામારી કરી હતી અને તેની સાથે અભદ્ર વર્તન કર્યું હતું. બંને એકબીજાને નજીકની હાઉસિંગ સોસાયટીઓના રહેવાસી હોવાના કારણે ઓળખતાં હતાં. મહિલા અનુસૂચિત જાતિ (એસસી) સાથે સંબંધ ધરાવતી હોવાથી હિતેશ પર તેની સામે જાતિગત અપશબ્દો બોલવાનો પણ આરોપ હતો. ત્યાર બાદ મહિલાએ સરદારનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આરોપી સામે આઈપીસીની જોગવાઈઓ તેમજ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ હેઠળ કાર્યવાહી કરી હતી.

# આણંદમાં મહી કેનાલમાં ફૂલ પધરાવવા જતાં દંપતીનું ડૂબી જવાથી મોત

આણંદ,

આણંદ જિલ્લાના લીંગડા નજીક આવેલી મહી કેનાલ પર એક કરુણ ઘટના સામે આવી છે. કેનાલમાં પૂજાના ફૂલ પધરાવવા ગયેલા એક દંપતીનું ડૂબી જવાથી કરૂણ મોત નીપજ્યું છે. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં અને પરિવારમાં ભારે અરેરાટી સાથે શોકનું મોજું ફરી વળ્યું છે.

મળતી માહિતી મુજબ, દંપતી પોતાની પુત્રી સાથે મહી કેનાલ કિનારે ફૂલ પધરાવવા માટે ગયું હતું. તે સમયે અચાનક પતિનો પગ લપસી જતાં તેઓ કેનાલના ઊંડા પાણીમાં ખાબક્યા હતા. પતિને ડૂબતો જોઈને તેને બચાવવાના પ્રયાસરૂપે પત્નીએ પણ કંઈ પણ વિચાર્યા વગર પાણીમાં ઝંપલાવ્યું હતું. જોકે, કેનાલમાં પાણીનો પ્રવાહ ઝડપી હોવાના કારણે બંને દંપતી ક્ષણવારમાં તણાઈ ગયા હતા. કિનારે ઊભેલી તેમની દીકરીએ આ દર્દનાક દ્રશ્ય નજરોનજર જોતાં જ તરંત જ સગા-સંબંધીઓ અને આસપાસના લોકોને ઘટનાની જાણ કરી હતી.

ઘટનાની જાણ થતાં જ ઉમરેઠ ફાયર બ્રિગેડની ટીમ અને સ્થાનિક પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. સ્થાનિકો અને ફાયર ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલી શોધખોળ દરમિયાન મેઘવા પાસે આવેલા ડાહ્યાપુરા નજીકથી દંપતીના મૃતદેહ મળી આવ્યા હતા. ભાલેજ પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. બંને મૃતદેહોને પંચનામું કરી પોસ્ટમોર્ટમ અર્થે ઉમરેઠ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. અકસ્માતના આ બનાવ અંગે પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

# અમદાવાદમાં પ્યોર ઘીના નામે ભેળસેળ, અલગ-અલગ બ્રાન્ડના આશરે ૫૦૦ લિટર ઘીનો જથ્થો સીઝ

**માધુપુરા માર્કેટમાં આવેલા એક ટ્રેડર એકમ પર ફૂડ વિભાગની કાર્યવાહી**



અમદાવાદ,

ગુજરાતમાં અવારનવાર અનેક વસ્તુઓમાં ભેળસેળના સમાચાર સામે આવે છે. ત્યારે આજે ઘીમાં ભેળસેળને લઈને AMCના ફૂડ વિભાગે કાર્યવાહી હાથ ધરી છે. માધુપુરા માર્કેટમાં આવેલા એક ટ્રેડર એકમ પર દરોડા પાડીને અલગ-અલગ બ્રાન્ડના આશરે ૫૦૦ લિટર ઘીનો જથ્થો સીઝ કરવામાં આવ્યો છે. ફૂડ વિભાગના જણાવ્યા મુજબ, અગાઉ લેવામાં આવેલા ઘીના સેમ્પલના ફૂડ એનાલિસ્ટના રિપોર્ટમાં સેમ્પલ 'સબસ્ટાન્ડર્ડ' જાહેર થયા બાદ આ કાર્યવાહી કરવામાં આવી છે. તપાસ દરમિયાન શુદ્ધ ઘીના નામે વનસ્પતિ ઘીનું વેચાણ થતું હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આવા ઘી શુદ્ધ ઘીના અડધા જેટલા ભાવે વેચાતા હોવાનું વેપારીએ જણાવ્યું છે. ફૂડ અધિકારી રાકેશ ગામીતના જણાવ્યા મુજબ, ૧૬ સપ્ટેમ્બરે અલગ-અલગ સ્થળેથી ઘીના સેમ્પલ લેવામાં આવ્યા હતા. ફૂડ એનાલિસ્ટના રિપોર્ટમાં આ સેમ્પલ સબસ્ટાન્ડર્ડ જાહેર થયા હોવાનું તેમણે જણાવ્યું હતું. આ રિપોર્ટ બાદ ઘીના મેન્યુફેક્ચરિંગ યુનિટ અંગે તપાસ કરવા માટે વિવિધ ટીમોને મોકલવામાં આવી છે. ફૂડ વિભાગ દ્વારા સંબંધિત ઘીના જથ્થાનું વેચાણ પણ સ્થગિત કરવામાં આવશે તેમ અધિકારીએ જણાવ્યું છે.

# ગુજરાતમાં આંધી તોફાન સાથે વરસાદની ચેતવણી, નવરાત્રીમાં પણ મેઘો ધબધબાટી બોલાવશે!

**૩૦ સપ્ટેમ્બરથી ૫ ઓક્ટોબર વચ્ચે હાથીયો ગાજવીજ સાથે વરસવાની શક્યતા**

અમદાવાદ,

ચોમાસાની વિદાયની ઘડીઓ ગણાઈ રહી છે ત્યારે જતા જતા પણ મેઘરાજા દેશના અનેક ભાગોમાં ધબધબાટી બોલાવવાના મૂડમાં લાગે છે. આ ઉપરાંત જાણીતા આગાહીકાર અંબાલાલ પટેલે પણ ભારે ચેતવણી આપી છે. તેમના જણાવ્યાં મુજબ આ વખતે મેઘો નવરાત્રી બગાડી શકે છે.

બંગાળની ખાડીમાં હાલ ડીપ ડિપ્રેશન સર્જાયું છે. જેના કારણે પૂર્વ ભારત તરબોળ રહી શકે છે. આગામી ૨૪ કલાકમાં ભારે આંધી તોફાન સાથે મૂસળધાર વરસાદ પડી શકે છે. ઉત્તર પ્રદેશ, દિલ્હી, બિહાર, હરિયાણા, રાજસ્થાન, પંજાબ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, બંગાળ, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત, આંધ્ર પ્રદેશ તેલંગાણા, આંદામાન અને નિકોબાર તેમજ કેરળમાં આંધી સાથે ભારે વરસાદ પડી શકે છે. ઝારખંડ અને હિમાચલમાં ૨૯મી સુધી વરસાદ વરસી શકે છે. આવામાં ચોમાસું હજુ સપ્ટેમ્બરથી આગળ ઓક્ટોબર સુધી વધી શકે છે. સામાન્ય રીતે ઉત્તર ભારતીય રાજ્યોમાં આ સમયે ચોમાસું વિદાય થઈ રહ્યું હોય છે. પરંતુ હાલ વરસાદની શક્યતા જોવા મળી રહી છે. હાલ બંગાળની ખાડીમાં ઓછા દબાણનું ક્ષેત્ર બનેલું છે. જેનાથી આ લેટેસ્ટ સિસ્ટમ વરસાદની સંભાવના વધારી રહી છે. સાઈક્લોનિક સર્ક્યુલેશનની અસર હોવાના કારણે ભેજવાળો પવન મેદાની વિસ્તારો તરફ આગળ વધી રહ્યો છે અને વરસાદ પડી રહ્યો છે.

ગુજરાતમાં મોટાભાગમાં વાદળો છવાઈ શકે છે. ૩૦ સપ્ટેમ્બરથી ૫ ઓક્ટોબર વચ્ચે હાથીઓ ગાજવીજ સાથે વરસવાની શક્યતા છે.

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે અરબસાગરનો ભેજ અને બંગાળના ઉપ સાગરનો ભેજ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સમાં મર્જ થવાની શક્યતા વ્યક્ત કરાઈ છે.જેના કારણે ઉત્તર ગુજરાતના ભાગો પાટણ, સમી, હારીજા ભાગોમાં કદાચ અને સાબરકાંઠાના ભાગોમાં, બનાસકાંટામાં ક્યાંક ક્યાંક, રાજસ્થાન સંલગ્ન ગુજરાતના કેટલાક ભાગોમાં ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે.

અંબાલાલની આગાહી મુજબ ૧૦ ઓક્ટોબરથી સૂર્ય ચિત્રા નક્ષત્રમાં આવશે. જેના કારણે બંગાળના ઉપસાગરમાં હલચલ જોવા મળી શકે. ભેજના લીધે અને અરબ સાગરના ભેજના લીધે નવરાત્રીની શરૂઆતમાં વાદળ વાયુ કે ક્યાંક વરસાદ પડી શકે છે. ૧૬ ઓક્ટોબરે હવામાનમાં પલટો આવે, ૧૭ ઓક્ટોબરના રોજ દરિયા કિનારે ભારે પવન ફૂંકાઈ શકે છે.

# રાજભાષા તરીકે હિન્દીએ રાષ્ટ્રીય સ્તરે સંવાદ સ્થાપિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે – પોસ્ટમાસ્ટર જનરલ

**ડાક વિભાગ દ્વારા હિન્દી પખવાડિયાનો સમાપન સમારોહ યોજાયો, પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે વિજેતાઓને પુરસ્કૃત કર્યા**

અમદાવાદ,

હિન્દી એક સમૃદ્ધ, સશક્ત અને અભિવ્યક્તિની દૃષ્ટિએ સક્ષમ ભાષા છે. રાજભાષા તરીકે હિન્દીએ રાષ્ટ્રીય સ્તરે સંવાદ સ્થાપિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. જરૂરિયાત એ છે કે આપણે હિન્દીને માત્ર હિન્દી દિવસ અથવા પખવાડિયા પૂરતી મર્યાદિત ન રાખીએ, પરંતુ જ્ઞાન, વ્યવહાર, વહીવટ, ટેકનોલોજી અને સર્જનાત્મકતાના વિવિધ ક્ષેત્રોમાં તેના સ્વાભાવિક અને અસરકારક ઉપયોગને સતત પ્રોત્સાહન આપીએ. ઉપરોક્ત ઉદ્ગારો વરિષ્ઠ સાહિત્યકાર તથા ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ક્ષેત્રીય કાર્યાલય, અમદાવાદ ખાતે આયોજિત 'હિન્દી પખવાડિયા'ના સમાપન અને પુરસ્કાર વિતરણ સમારોહની અધ્યક્ષતા કરતાં વ્યક્ત કર્યા હતા. આ પ્રસંગે હિન્દી પખવાડિયા દરમિયાન આયોજિત વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓને તેમણે હિન્દી પુસ્તકો અને પ્રશસ્તિપત્ર એનાયત કરીને પુરસ્કૃત કર્યા હતા.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે, હિન્દીની મધુરતામાં 'વસુધૈવ કુટુમ્બકમ્'ની ભાવના સમાયેલી છે અને તેની સરળતામાં ગહન જ્ઞાન સમાયેલું છે. હિન્દીને પરિવર્તન અને વિકાસની ભાષા તરીકે એક નવો આયામ મળ્યો છે. હિન્દીની સૌથી મોટી શક્તિ તેના બોલનારાઓની વિશાળ સંખ્યા છે. આપણને હિન્દી પર ગર્વ છે, કારણ કે તે માત્ર આપણી માતૃભાષા અને રાજભાષા જ નથી, પરંતુ આપણી સંસ્કૃતિ, સભ્યતા અને આત્મસન્માનનું પ્રતીક પણ છે. તેથી હિન્દીને અપનાવવી, તેનો ઉપયોગ કરવો અને તેના વિકાસમાં સહભાગી બનવું દરેક ભારતીયની ફરજ છે.

# કોંગ્રેસ ચૂંટણી પંચ પર ખોટા આક્ષેપો કરી જનતાને ગેરમાર્ગે દોરે છે : ભાજપ

## રાહુલ ગાંધી અને વિપક્ષ 'ખોટું કથાનક' ઊભું કરી રહ્યા હોવાનો જામનગર ભાજપનો પત્રકાર પરિષદમાં આક્ષેપ : એક અખબારમાં પ્રસિદ્ધ થયેલ કાલ્પનિક સમાચારના આધારે કોંગ્રેસ અને વિપક્ષ ચૂંટણી પંચ સામે ખોટા સવાલો ઉઠાવી જનતાને ગેરમાર્ગે દોરે છે : મેયર


તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર જિલ્લા ભાજપ કાર્યાલય 'અટલ ભવન' ખાતે ગઈકાલ ભાજપ દ્વારા પત્રકાર પરિષદ યોજાઈ હતી. જેમાં ભાજપના આગેવાનોએ કોંગ્રેસ તથા રાહુલ ગાંધી સામે આકરા પ્રહારો કર્યા હતા. પત્રકાર પરિષદમાં જિલ્લા ભાજપ પ્રમુખ વિનુભાઈ ભંડેરી, શહેર ભાજપ અધ્યક્ષ બીનાબેન કોઠારી, જિલ્લા પંચાયત પ્રમુખ રંજનબેન ગજેરા સહિત ભાજપના મહામંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. નગરના મેયર મોનિકાબેન વ્યાસે પત્રકાર પરિષદને સંબોધી હતી.

જેમાં મેયર મોનિકાબેન વ્યાસે જણાવ્યું હતું કે, કોંગ્રેસ દ્વારા એક અખબારમાં પ્રસિદ્ધ થયેલા કાલ્પનિક લેખના આધારે ચૂંટણી પંચ સામે ખોટા સવાલો ઉઠાવી જનતાને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. મુખ્ય ચૂંટણી કમિશનર સહિત ત્રણેય ચૂંટણી કમિશનરોએ સંયુક્ત પત્ર દ્વારા સ્પષ્ટતા કરી છે કે એસ.આઈ.આર. સંબંધિત તમામ નિર્ણયો સર્વસંમતિથી લેવામાં આવ્યા છે તેમજ ફોર્મ-૬માં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, મતદારોની ચકાસણી પ્રક્રિયા અંગે સુપ્રીમ કોર્ટે પણ માન્યતા આપી છે. તેમ છતાં કોંગ્રેસ દ્વારા ચૂંટણી પંચની કામગીરી અંગે પાયાવિહોણા આક્ષેપો કરવામાં આવી રહ્યા છે.

ભાજપના આગેવાનોએ આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ હવે 'જૂઠાણાંની ફેક્ટરી' બની ગઈ છે. અગાઉ ઈ.વી.એમ., ત્યારબાદ એસ.આઈ.આર. અને હવે ચૂંટણી પંચને નિશાન બનાવવામાં આવી રહ્યું છે. રાહુલ ગાંધી અને વિપક્ષ દ્વારા 'ખોટું કથાનક' ઊભું કરી દેશની છબી ખરાબ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હોવાનો પણ ભાજપના આગેવાનોએ આક્ષેપ કર્યો હતો.

# દરેડમાં પરપ્રાંતિય યુવકની હત્યા પ્રકરણમાં ચાર આરોપીઓને કરાયા જેલ હવાલે

જામનગર : જામનગરના દરેડ ખાતે સ્મશાનમાં તા. ૨૪ સપ્ટેમ્બરના રોજ ઉછીના રૂપિયા મુદ્દે મિત્રો વચ્ચે મોટાપાટે માથાકૂટ થઈ હતી. ૪ મિત્રોએ જ લાકડાના ધોકા વડે આડેધડ પ્રહાર કરી પરપ્રાંતિય યુવકનું ઢીમ ઢાળી દીધું હતું. હત્યા કેસમાં ફરિયાદ બાદ ચારેય આરોપીઓની ધરપકડ બાદ જેલ હવાલે કરાયા છે.

બિહારના આમવાગામનો વતની અને હાલ જામનગરના દરેડમાં રહી મજૂરી કરતો સુર્યકાન્ત ઉર્ફે સુર્યા બિટેશ્વર પ્રસાદ (ઉ.વ.૨૮) સ્માશનમાં મિત્રો સાથે બેઠા હતા ત્યારે આરોપી મિત્ર એવા વિમલ પરમારે તેની પાસેથી વાપરવા માટે ઉછીના રૂપિયા માંગ્યા હતા. સુર્યકાન્તએ રૂપિયા આપવાની મનાઈ કરતા આરોપી વિમલ પરમાર, ખોડાભાઈ ઉર્ફે ખોળુ અને વિરમ તથા રવીરાજસિંહ કંચવાએ સુર્યકાન્તને લાકડાના ધોકા વડે માર માર્યો હતો. બાદમાં યુવાનનું સારવાર પહેલા જ મોત નીપજ્યું હતું. આ અંગે મૃતકના બનેવી સુગ્રીમકુમાર વર્માની ફરિયાદના આધારે વિમલ પરમાર, ખોડાભાઈ ઉર્ફે ખોળુ, વિરમ ઉર્ફે રાધે રવીરાજસિંહ કંચવા (રહે.દરેડ ગામ) સામે હત્યા સહિતની કલમ હેઠળ ગુનો નોંધાયા બાદ પંચકોષી બી ડિવિઝન પોલીસે તમામ આરોપીઓને દબોચી લઈ જેલ હવાલે કર્યા છે.

## જામનગર અને સિક્કામાં દારૂની ૧૧ બાટલી સાથે શખ્સની અટકાયત, ફરાર

જામનગર : જામનગર શહેર તથા સિક્કા વિસ્તારમાં પોલીસે વિદેશી દારૂ અંગે બે અલગ કાર્યવાહી કરી છે. સિક્કા સર્વોદય સોસાયટીમાં પોલીસે આરોપીના રહેણાક મકાનેથી રૂ.૧૨ હજારની કિંમતની વિદેશી દારૂની ૧૦ બોટલ કબજે કરી છે, જ્યારે સીટી-એ ડિવિઝન પોલીસે હર્ષદમીલની ચાલી પાસે એક યુવાનને વિદેશી દારૂની બોટલ સાથે ઝડપી લીધો છે.

સિક્કા પોલીસને સર્વોદય સોસાયટીમાં વિજયસિંહ જાડેજાના રહેણાક મકાનમાં વિદેશી દારૂ હોવાની માહિતીના આધારે તપાસ કરતાં બ્લેન્ડર પ્રાઈડ સિલેક્ટ પ્રીમિયમ વ્હિસ્કીની ૭૫૦ મિલીની ૧૦ બોટલ મળી આવી હતી. જેની કિંમત રૂ.૧૨,૦૦૦ હોવાનું પોલીસે જણાવ્યું છે. જોકે દરોડા સમયે આરોપી હાજર મળી આવ્યો ન હતો. જેથી પોલીસે દારૂ કબ્જે કરી આરોપીની શોધખોળ હાથ ધરી છે. આ ઉપરાંત સીટી-એ ડિવિઝન પોલીસે હર્ષદમીલની ચાલી પાસે જાહેર રોડ પરથી પાર્થ કટામલ નામના ૨૦ વર્ષીય યુવાનને દારૂના એક ચપલા સાથે ઝડપી લીધો છે.

# જામનગરની જી.જી. હોસ્પિટલમાં ABHA ID દ્વારા સરળ રજીસ્ટ્રેશનની નવી વ્યવસ્થા ઉપલબ્ધ

જામનગર : જામનગરની જી.જી. સરકારી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે આવતા દર્દીઓએ કેસ પપેર કઢાવતી વખતે સરળતાથી ABHA ID દ્વારા દર્દીનું રજીસ્ટ્રેશન થઈ શકે તે માટે દર્દીઓ સાથે ABHA અથવા તે ન હોય તો આધાર કાર્ડ/ એકટીવ મોબાઈલ નંબર જે આધારકાર્ડ સાથે લિન્કડ હોય તે રાખવું. આ માટે હોસ્પિટલ દ્વારા ૩ પ્રકારની વ્યવસ્થા કરેલ છે.

ગુરુ ગોબિંદસિંઘ સરકારી હોસ્પિટલ, જામનગર ખાતે દરેક કેસ બારી પર ઊઈ કોડ રાખવામાં આવેલ છે. જે દર્દીઓ પાસે પોતાનો છમ્ઞ્ઁછ નંબર આગાઉથી રજિસ્ટર કરાવેલ હશે તેઓએ કેસ બારી પાસે રાખવામાં આવેલ ઊઈ કોડ સ્કેન કરી ABHA એપ્લીકેશન પરથી દર્દી કે દર્દીના સગા જાતે જ કરી શકશે. જેથી દર્દીઓને લાંબી કતારમાં રાહ જોવાને બદલે છમ્ઞ્ઁછ એપ્લીકેશન પર રજીસ્ટ્રેશન કરી પોતાનો કેસ પપેર ની પ્રિન્ટ ટોકન નંબર બતાવી કેસ બારીએથી મેળવી શકાશે.

ABHA એપ્લીકેશન પર રજીસ્ટ્રેશનની સુવિધા માટે દર્દીઓ કે દર્દીઓના સગાને મુશ્કેલીનો સામનો ન કરવો પડે તે હેતુસર તમામ કેસ બારી પર સહાયક સ્ટાફની નિમણુંક પણ કરવામાં આવેલ છે. જે માટે દર્દીઓ કે દર્દીના સગા દ્વારા પ્રથમ વખત રજીસ્ટ્રેશન વખતે માત્ર આધાર કાર્ડ / એકટીવ મોબાઈલ નંબર (સ્માર્ટ ફોન) જે આધારકાર્ડ સાથે લિન્કડ હોય તેની જરૂર પડે છે. સહાયક સ્ટાફ આપના આધાર નંબર/ છમ્ઞ્ઁછ નંબર પરથી ટોકન જનરેટ કરી આપશે. ABHA નંબર પરથી જનરેટ થયેલ ટોકન નંબર કેસ બારી પર આપવાનો રહેશે. ત્યારબાદ સ્ટાફ દ્વારા કેસ પપેર કાઢી આપવામાં આવશે.

નીચે દર્શાવેલ QR કોડ સ્કેન કરી દર્દી ઘરે બેઠા ટોકન જનરેટ કરી ૬૦ મિનીટ સુધીમાં ટોકન નંબર બતાવી હોસ્પિટલના ABHA કેસ બારી પરથી કેસ પપેરની પ્રિન્ટ કઢાવી શકશે. તેઓએ કેસ બારી પર કતારમાં રાહ જોવી પડશે નહિ. તેમ જી.જી.હોસ્પિટલના તબીબી અધિક્ષકની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જામનગર જિલ્લાના ૧૫૪ જેટલા રેડ અને યલો ઝોન વિસ્તારોમાં ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ

જામનગર : જામનગર જિલ્લો ભારતની પશ્ચિમ આંતરરાષ્ટ્રીય દરીયાઈ સીમાએ આવેલ અતિ-સંવેદનશીલ જિલ્લો છે. જામનગર જિલ્લાની હદમાં મીલીટરી સ્ટેશન, એરફોર્સ સ્ટેશન, જામનગર તથા સમાણા, આઈએનએસ વાલસુરા, એશીયાની સૌથી મોટી ઓઈલ રીફાઈનરી, થર્મલ પાવર સ્ટેશન સિક્કા, જી.એસ.એફ.સી. તથા અન્ય મોટા ઔદ્યોગિક એકમો જેવા સંવેદનશીલ વાઈટલ ઈન્સ્ટોલેશન્સ આવેલ છે.

જામનગર જિલ્લા વિસ્તારમાં આવેલ કુલ-૧૫૪ ક્રિટીકલ/ સ્ટ્રેટેજીકલ મહત્વ ધરાવતા ઈન્સ્ટોલેશન્સને રેડ ઝોન કે યલો ઝોનમાં વિભાજીત કરેલ છે જે પૈકી રેડ ઝોનમાં ૧૧૨ તથા યલો ઝોનમાં ૪૨ ઈન્સ્ટોલેશન્સ આવેલા છે. આથી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી વિમલ ચૌધરી દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

જે મુજબ જામનગર મહાનગરપાલિકા સહિતના સમગ્ર જામનગર જીલ્લાના રેડઝોન અને યલો ઝોન જાહેર કરાયેલા વિસ્તારોમાં ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ રહેશે. આગામી તા.૨૫-૧૧ સુધી આ જાહેરનામું અમલમાં રહેશે. આ જાહેરનામાંનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમ જાહેરનામામાં જણાવવામાં આવ્યું છે.

### સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત

# જામનગર રોજગાર કચેરી દ્વારા કારકિર્દી માર્ગદર્શન સેમીનારનું આયોજન કરાયું




જામનગર : વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૨૫ વર્ષની જનસેવાના "સેવા સંકલ્પ અભિયાન" અન્વયે જિલ્લા રોજગાર કચેરી જામનગર દ્વારા આઈ.ટી.આઈ જામનગર ખાતે કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજવામાં આવ્યો હતો. જેમાં ધારાસભ્યો મેઘજીભાઈ ચાવડા અને દિવ્યેશભાઈ અકબરી દ્વારા તાલિમાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કેરિયર કાઉન્સેલર હમીરભાઈ ચૌહાણ દ્વારા તાલિમાર્થીઓને પાસપોર્ટ તથા વિદેશ રોજગાર વિશે માર્ગદર્શન આપવામા આવ્યુંહતું. કાર્યક્રમના અંતે મહાનુભાવો દ્વારા આઈ.ટી.આઈ કેમ્પસમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં મેયર મોનિકાબેન વ્યાસ, અગ્રણીઓ બીનાબેન કોઠારી, ડો. વિનોદભાઈ ભંડેરી, કુમારપાલસિંહ રાણા, વોર્ડ નં.૪ના કોર્પોરેટર નીશાબેન અસ્વાર, જિલ્લા રોજગાર કચેરી અને આઈ.ટી.આઈ જામનગરનો સ્ટાફ અને ૨૫૦ જેટલા તાલીમાર્થીઓ ઉપસ્થિત હતા. આઈ.ટી.આઈ આચાર્ય આર.એસ.ત્રિવેદી દ્વારા સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન તેમજ આભારવિધિ કરવામાં આવી હતી.

# જામનગરમાં સજુબા હાઈસ્કૂલ નજીકની લારીઓ જપ્ત કરતા વેપારીઓમાં રોષ


તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા દ્વારા શહેરમાં ટ્રાફિકને અડચણરૂપ દબાણો અને ગેરકાયદેસર રીતે ઉભી રાખવામાં આવતી લારીઓ સામે કાર્યવાહી યથાવત રાખવામાં આવી છે. આજે વધુ એક વખત સજુબા હાઈસ્કૂલથી સુભાષ માર્કેટ સુધીના વિસ્તારમાં દબાણો દૂર કરતા તંત્ર પહોંચ્યું હતું. જેમાં અડચણરૂપ લારીઓ જપ્ત કરવામાં આવી હતી. સાથે પ્રતિબંધિત પ્લાસ્ટિકના ઉપયોગ અને વેચાણ સામે પણ કાર્યવાહી કરી પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કરી વેપારીઓને સમજાવવામાં આવ્યું હતું. મનપાની ટીમે જાહેર માર્ગો પર દબાણ ન કરવા અને પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવા વેપારીઓને સૂચના આપી હતી.

# જામનગરમાં રહેણાંક વિસ્તારમાં ગરબાના મેગા આયોજન સામે રહેવાસીઓમાં રોષ

## ચાર સોસાયટી રહીશો દ્વારા આયોજનની પરવાનગી નહિં આપવા કલેકટર રજૂઆત



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર ગીતા મંદિર તરીકે જાણીતા વિસ્તારની સામે ખુલ્લી જગ્યામાં રહેણાંક વિસ્તારની એકદમ વચ્ચોવચ્ચ જેન્ઝી ગરબા મહોત્સવ નામથી નવરાત્રી મહોત્સવના આયોજનની જાહેરાત થતાં રહેણાંક વિસ્તારમાં આવા આર્થીક ઉપાર્જન વાળા કાર્યક્રમને મંજુરી ન આપવાની સ્થાનિકોમાં માંગ ઉઠી છે. પારસ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી, પંચવટી ગૈશાળા વિસ્તાર, મહાવીર સોસાયટી અને અંબાવીજય કો-ઓપરેટીવ સોસાયટીના સ્થાનિકોએ કલેકટર, મ્યુનિ. કમિશનર અને એસ.પી. સહિતનાઓને લેખિત રજૂઆત કરી વિરોધ નોંધાવ્યો હતો.

રજૂઆતમાં જણાવાયા અનુસાર ગીતા મંદિર તરીકે ઓળખાતા પોશ વિસ્તારના કોમન પ્લોટમાં જામનગર જેન્ઝી ગરબા મહોત્સવમાં ૪૦૦૦ ખેલૈયાઓ એ.સી. ડોમમાં રમી શકે તેવી વ્યવસ્થા તથા રાત્રીના ૧૦ થી ૨ વાગ્યા સુધી મેગા આયોજનના દાવા સાથેની જાહેરાત કરવામાં આવી છે. નવરાત્રી એક સાંસ્કૃતિક ઉત્સવ છે પરંતુ રહેણાંક વિસ્તારમાં આવા આયોજનોએ અતિરેક છે. અર્વાચીન ગરબીના મોટા અને કર્કશ ઘોંઘાટથી સ્થાનિકોની શાંતિ હણાઈ શકે છે અને આયોજનમાં લોકોના સતત આવાગમન સહિતની સ્થિતિને લઈ આવા આયોજન સંપુર્ણ રહેણાંક વિસ્તારમાં રહેતા લોકો માટે માનસીક ત્રાસ સમાન છે. ૪ હજાર લોકોના પાર્કિંગની વ્યવસ્થા અહી અશક્ય છે. રહેણાંકમાં આવા આયોજનએ બાળકો અને વૃદ્ધો સહિત સ્થાનિકોની શાંતિ ડહોળવા સમાન છે. આથી લોકોએ પરવાનગી આપવા સામે વાંધા અરજી આપી હતી.

# જામનગરમાં રવિપાર્ક અને જ્ઞાનગંગા ઝોન વિસ્તારોમાં આજે પાણી વિતરણ બંધ

જામનગર : જામનગર મહાનગરપાલિકાની વોટર વર્કસ શાખા દ્વારા સસોઈ ડેમથી પાણી આવતી પાઈપલાઈન પર સ્કાડા સિસ્ટમ હેઠળ જ્ઞાનગંગા ફિલ્ટર પ્લાન્ટ ખાતે ફ્લોમીટર ઈન્સ્ટોલેશનની કામગીરી હાથ ધરવામાં આવનાર હોવાથી આજ તા. ૨૯ સપ્ટેમ્બર, મંગળવારે રવિપાર્ક અને જ્ઞાનગંગા ઝોનમાં પાણી વિતરણ બંધ રહેશે.

મહાનગરપાલિકાની યાદી મુજબ રવિપાર્ક ઝોન-એ હેઠળના યાદવનગર, ભક્તિનગર, મહાદેવનગર, રાધેકૃષ્ણ પાર્ક, ડિફેન્સ કોલોની, વિશાલ પાર્ક, ગોકુલધામ, બાલાજી-૧, ૨ અને ૩, નવી-જૂની ચાલી, આનંદ કોલોની, ભીંડાવાડી, પુરબીયાની વાડી, શિવ ટાઉનશિપ, તિરુપતિ પાર્ક-૧ અને ૨, રાધેકૃષ્ણ સોસાયટી, નિલકંઠ પાર્ક, દ્વારકાધીશ પાર્ક, પુષ્પક પાર્ક, યોગી પાર્ક અને સંગમ પાર્ક સહિતના વિસ્તારોમાં પાણી પુરવઠો બંધ રહેશે.

તેજ રીતે જ્ઞાનગંગા ઝોન હેઠળના ઈવા પાર્ક, રઘુવીર પાર્ક, સુભાષ પાર્ક, ન્યૂ નવાનગર, નિલકંઠ પાર્ક, મયુર ટાઉનશિપ, ખોડિયાર પાર્ક, મયુરબાગ, સેટેલાઈટ પાર્ક, શ્રીજી પાર્ક, મારુતિનંદન, મારુતિ રેસિડેન્સી, પુષ્કરધામ, ગોકુલધામ, મંગલધામ, હરિધામ, આલાપ એવન્યુ, તુલસી પાર્ક, સહજાનંદ પાર્ક અને શનૈશ્વર પાર્ક સહિતના વિસ્તારોમાં પણ પાણી વિતરણ બંધ રહેશે.

મહાનગરપાલિકાએ જણાવ્યું છે કે, કાલ તા. ૩૦ સપ્ટેમ્બરે પ્રથમ દિવસે પાણી બંધ રહેલા ઝોનમાં પાણી વિતરણ કરવામાં આવશે, જ્યારે ત્યારબાદના દિવસે નિયમિત સમયપત્રક મુજબના ઝોનમાં પાણી વિતરણ કરવામાં આવશે. કામગીરીને કારણે પાણી પુરવઠાના સમયપત્રકમાં થયેલા ફેરફારની જાહેરજનતાએ નોંધ લેવા અને સહકાર આપવા વોટર વર્કસ શાખાએ અપીલ કરી છે.

## કાલાવડમાં દુકાનની બહાર પાર્ક કરેલ બાઈકની ચોરી

જામનગર : કાલાવડના જૂના માર્કેટિંગ યાર્ડ પાછળ આવેલી ધાર્મિક ઈલેક્ટ્રિક નામની દુકાનની બહારથી બાઈકની ચોરી થઈ હોવાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

કાલાવડના કૃષ્ણનગર-૨ વિસ્તારમાં રહેતા વલ્લભભાઈ મારકણાએ તેઓની હીરો હોન્ડા કંપનીની જી.જે.-૧૦-સી.પી.-૭૧૩૦ નંબરની બાઈક દુકાન બહાર પાર્ક કરેલી હતી. દરમિયાન કોઈ અજાણ્યો તસ્કર રૂ.૨૦ હજારની કિંમતની બાઈક ચોરી કરી ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાવી છે.

# નયારા એનર્જી રિટેલ નેટવર્કને ઈંધણ પુરવઠો જાળવવા કટીબધ્ધ



જામનગર : નયારા એનર્જી તેના રાષ્ટ્રવ્યાપી ડીલર રિટેલ નેટવર્કમાં ઈંધણ પુરવઠો જાળવી રાખવા કટીબધ્ધ છે અને તેના ગ્રાહકો માટે ઈંધણની અવિરત સુલભતા સુનિશ્ચિત કરી રહી છે.

કંપનીએ એક નિવેદનમાં જણાવ્યું છે કે નયારા એનર્જી ભારતીય બજારને સેવા આપવા અને દેશના સમગ્ર વિસ્તારમાં ઈંધણની માંગને પૂર્ણ કરવા માટે પ્રતિબદ્ધ છે. દેશના સૌથી મોટા ખાનગી ક્ષેત્રના ઈંધણ રિટેલર તરીકે અમારી એકમાત્ર પ્રાથમિકતા ૭,૦૦૦ થી વધુ સ્ટેશનો અને અન્ય ચેનલો, જેમાં જથ્થાબંધ ગ્રાહકોનો સમાવેશ થાય છે, તેઓને શ્રેષ્ઠ પુરવઠો સુનિશ્ચિત કરવાની છે. અમે ભારતીય ગ્રાહકોને વધુ સારી રીતે સેવા આપવા અને ભારતની વધતી જતી ઉર્જા જરૂરિયાતોને ટેકો આપવા માટે ઈંધણ છૂટક વેચાણ અને ગ્રાહક-કેન્દ્રિત ઉકેલોમાં નવીનતાનો ઉપયોગ કરવાનું ચાલુ રાખીએ છીએ.

# જામનગર જિલ્લાના ખેડૂતોને સૌની યોજનાથી પાણી આપવા જિલ્લા કોંગ્રેસની રજૂઆત

જામનગર : જામનગર જિલ્લામાં વરસાદની અછત અને સિંચાઈના પાણીની સમસ્યાના કારણે ખેડૂતોના સુકાતા પાકને બચાવવા સરકાર દ્વારા સૌની યોજના મારફતે ડેમોમાં પાણી ભરવામાં આવે તેમજ સિંચાઈની કેનાલોમાં પાણી છોડવામાં આવે તેવી માંગ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ મનોજભાઈ કથિરીયાએ રાજ્યના કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણી અને જિલ્લા કલેક્ટર પી. બી. પંડયાને લેખિત રજૂઆત કરી છે.

રજૂઆતમાં જણાવાયું છે કે, જામનગર જિલ્લાના અનેક વિસ્તારોમાં વરસાદની અછતના કારણે ખેડૂતો પોતાના ઉભા પાકને બચાવવા માટે ચિંતિત બન્યા છે. ત્યારે સરકાર દ્વારા તાત્કાલિક તાલુકાવાર વરસાદ, ડેમોની જળસપાટી, પાકની સ્થિતિ તેમજ પાણીની જરૂરિયાત અંગેના સત્તાવાર આંકડા જાહેર કરવા જોઈએ. ઉપરાંત, દુષ્કાળ જાહેર કરવા માટેના લાગુ માપદંડો મુજબ તાત્કાલિક સર્વે હાથ ધરી યોગ્ય નિર્ણય લેવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

સૌની યોજના સહિત ઉપલબ્ધ જળસ્ત્રોતોમાંથી શક્ય હોય ત્યાં સુધી જામનગર જિલ્લાના ડેમોમાં તાત્કાલિક પાણી પહોંચાડવામાં આવે અને ઉપલબ્ધ સિંચાઈના પાણીનું આયોજન કરીને કેનાલોમાં પાણી છોડવામાં આવે, જેથી ખેડૂતોના ખેતરો સુધી પાણી પહોંચી શકે તેવી રજૂઆત કરવામાં આવી છે.

**પશ્ચિમ રેલવે - રાજકોટ મંડળ**

**SLR/VP લીઝિંગના કરાર માટે ઈ-ઓક્શન**

'SLR/VP લીઝિંગ'ના કરાર માટે ઈ-ઓક્શન આમંત્રિત કરવામાં આવ્યું છે. આ અંગેનું કેટલોગ IREPS વેબસાઈટ પર ઓનલાઈન પ્રકાશિત કરવામાં આવ્યું છે. તેની વિગતો નીચે મુજબ છે:

| કોન્ટ્રેક્ટનો પ્રકાર: SLR/VPનું લીઝિંગ | | સમયગાળો: 03 વર્ષ |
|---|---|---|
| કેટલોગ નંબર અને તારીખ | લોટની વિગતો | લોટની શરૂઆતની તારીખ અને સમય |
| E-SLR-RJT-07-26, તારીખ: 25/09/2026 | 1) 16734-SLR-F1, 2) 22960-SLR-F1, 3) 22908-SLR-R1, 4) 19560-SLR-R1, 5) 19560-SLR-F2, 6) 22960-SLR-R1, 7) 19560-SLR-F1 | બધા લોટ માટે ઈ-હરાજી 12.10.2026 ના રોજ 10:00 વાગ્યે શરૂ થશે. |

ઉપરોક્ત કેટલોગ નંબર હેઠળના લોટની વિગતો આગામી ઈ-ઓક્શન, ઝોન: પશ્ચિમ રેલવે, યુનિટ: રાજકોટ મંડળ - કોમર્શિયલના શીર્ષક હેઠળ www.ireps.gov.in (ઈ-ઓક્શન લીઝિંગ) વેબસાઈટ પર ઉપલબ્ધ છે.
RJT 155

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

# મતદાર યાદીનો વકરતો વિવાદ

છેલ્લા કેટલાક સમયથી મતદાર યાદીનો વિવાદ વધુને વધુ વકરતો જાય છે પરંતુ આ વિવાદ હવે સમી જાય તેવા સંજોગો ઊભા થયા છે.લોકશાહીમાં સૌથી મોટી તાકાત બંદૂક નથી, નોટ નથી, પણ મતદાર યાદીમાં છપાયેલું તમારું નામ છે. આ એક નામ જ તમને રાજાથી માંડીને સામાન્ય માણસ સુધી બધાને એક લીટીમાં ઊભા રાખે છે. ચૂંટણી આવે ત્યારે નેતાઓ મોટી સભાઓ કરે છે, વચનો આપે છે, પણ આ બધાની શરૂઆત એ નાનકડા કાગળથી થાય છે જેમાં તમારું નામ, તમારું સરનામું અને તમારો ફોટો હોય છે. જો તેમાં જ ભૂલ હોય તો લોકશાહીનો પાયો હચમચી જાય.

તાજેતરમાં ભારતના ચૂંટણી પંચે દિલ્હીમાં એક ઉચ્ચ સ્તરની બેઠક બોલાવી હતી. તેમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને બંને ચૂંટણી કમિશનરો હાજર રહ્યા હતા. આ બેઠક એટલા માટે મહત્વની હતી કે થોડા સમયથી એસઆઈઆર એટલે કે ખાસ સઘન સુધારણા પ્રક્રિયાને લઈને અનેક સવાલો ઊભા થયા હતા. કોઈ કહેતું હતું કે પંચમાં અંદરોઅંદર મતભેદ છે, કોઈ કહેતું હતું કે નિર્ણયો એકલા લેવાઈ રહ્યા છે. આ બધી અટકળો વચ્ચે ત્રણેય કમિશનરો એકસાથે બેઠા અને એકસાથે તસવીર જાહેર કરી. આ તસવીરનો અર્થ સીધો હતો કે ચૂંટણી જેવા પવિત્ર કામમાં કોઈ વિખવાદ નથી, બધા નિર્ણયો સહમતિથી લેવાય છે.આ એકતાનો સીધો લાભ સામાન્ય મતદારને મળવાનો છે. એસઆઈઆરની કામગીરી દરમિયાન ઘણા સાચા મતદારોના નામ યાદીમાંથી કમી થઈ ગયા હતા. કોઈનું નામ સરનામું બદલાવાને કારણે નીકળી ગયું, કોઈનું નામ ડબલ એન્ટ્રીના કારણે રદ થયું, તો કોઈનું નામ ભૂલથી કપાઈ ગયું. જેનું નામ કપાય તેના મનમાં પહેલો વિચાર એ આવે કે હવે કચેરીના ધક્કા ખાવા પડશે, ફોર્મ ભરવા પડશે, લાઈનમાં ઊભા રહેવું પડશે. ગામડાના ખેડૂતને, શહેરમાં રોજ કમાઈને ખાતા મજૂરને, ઘરકામ કરતી બહેનોને આ બધું ભારે પડે છે.ચૂંટણી પંચે આ દર્દને સમજીને ખૂબ સારો નિર્ણય લીધો છે. હવે જેનું નામ કમી થયું હશે તે ફરીથી નામ ઉમેરાવી શકશે. પણ સૌથી મોટી વાત એ છે કે તમારે કચેરીએ જવાની જરૂર નથી, કચેરી તમારા ઘરે આવશે. બૂથ લેવલ ઓફિસર એટલે કે બીએલઓ પોતે ઘરે ઘરે ફરશે. તે તમારી પાસેથી જરૂરી કાગળ લેશે, તેની ખરાઈ કરશે અને સીધું વેબસાઈટ પર અપલોડ કરશે. વિચાર કરો, લોકશાહીનો એક કર્મચારી તમારા આંગણે આવીને કહે છે કે તમારો હક પાછો અપાવવા આવ્યો છું. આનાથી મોટી લોકસેવા બીજી કઈ હોઈ શકે?

આ વ્યવસ્થા પાછળ એક ઊંડો વિચાર છે. આપણા દેશમાં આજે પણ કરોડો લોકો એવા છે જેમને ફોર્મ ભરતા નથી આવડતું, ઓનલાઈન અરજી કરતા નથી આવડતી. વૃદ્ધ માબાપ એકલા રહેતા હોય, દીકરો બહારગામ નોકરી કરતો હોય ત્યારે આ કામ કોણ કરે? બીએલઓ ઘરે આવે ત્યારે આ બધી તકલીફ દૂર થઈ જાય છે. તે કાગળ જોઈને સમજાવે પણ ખરો કે શું ખૂટે છે. આને કારણે ખોટા નામ ઉમેરાવાની કે સાચા નામ કપાવાની બીક પણ ઓછી થાય છે.હવે વાત કરીએ ફોર્મ-૬ ની. નવા મતદાર તરીકે નામ નોંધાવવા માટે આ ફોર્મ ભરવું પડે છે. તેમાં એક ડિક્લેરેશન આપવાનું હોય છે. આ ડિક્લેરેશનને લઈને કોર્ટમાં સવાલ ઊભો થયો હતો. પણ સુપ્રીમ કોર્ટે તેને યોગ્ય ઠેરવ્યું છે. એટલે હવે કાયદેસર રીતે કોઈ શંકા રહી નથી. ચૂંટણી પંચે પણ કહ્યું છે કે પારદર્શિતા જાળવવી એ જ અમારૂ પહેલુ ધ્યેય છે.

# ગામડાની શાળાના પ્રેરણામૂર્તિ આચાર્ય

**એક નાનકડા ગામમાં બદલી પામીને આવેલા આચાર્યની સ્વયં શિસ્ત અને કર્તવ્યનિષ્ઠાનો આચાર, કથળી ગયેલી શાળામાં પુરુષાર્થ અને પરમાર્થની પ્રેરણાનું ઝરણું વહેવડાવી દે છે.**







અલપ ઝલપ -ડો. મનહર ઠાકર

નાનકડા ગામમાં શિક્ષક તરીકે બીજા ગામથી બદલી પામીને આચાર્ય તરીકે શાળામાં આવેલા શંકરલાલ ગ્રામવાસીઓમાં આદરપાત્ર બની ગયા હતા. શંકરલાલ હતા પણ એવા. એમના આવ્યા પહેલાં શાળામાં એટલી બધી અશિસ્ત હતી કે આવતાંની સાથે તો એ જોઈને પોતે છક જ થઈ ગયા. આવું તો ચાલે જ કેમ ? એમણે બીજા દિવસે બધા વિદ્યાર્થીઓ સાથે શાળામાં સ્વયં શિસ્તનો આરંભ કરાવ્યો. અરે પોતે પણ બધા વિદ્યાર્થીઓને કામ સોંપી કામે લાગી ગયા. શાળાના બીજા એક શિક્ષક અને એક અપટુડેટ રહેતા મહિલા શિક્ષકને આ શિસ્તમાં રહેવાનું ન ફાવ્યું, બન્ને ક્ષોભ, સંકોચ અનુભવતા હતા પણ સાહેબને કામ કરતા જોઈ તેમણે પણ આ અભિયાનમાં સાથ આપવો જ પડયો. એક શિક્ષકે સાહેબની પાસે આવી વિનંતી કરીઃ "સાહેબ, બધાં કામ અમે બધાં આટોપી લઈશું. આપ આરામ કરો. આપને કામ કરતાં જોઈ અમને ક્ષોભ થાય છે."

સાહેબે કચરો વાળતાં વાળતાં જ કહયું: "સુરેશભાઈ, માણસ કામ કરવાથી જ શોભે અને ખાસ કરીને કયું કામ તે કરી રહયો છે તે જોઈને તો તેની સુંદરતા વધુ દીપી ઉઠે છે. તમારે આરામ કરવો હોય તો છુટ છે. એ.પી. જે. અબ્દુલ કલામ સાહેબ તો બધું કામ જાતે જ કરી લેતા. રાષ્ટ્રપતિ પદ પર હોવા છતાં અચાનક એક જોડી કપડાં સાથે તેમને વધુ એક દિવસ અન્યત્ર રોકાવાનું થયું તો પોતના કપડાં જાતે ધોઈને બીજા દિવસે તેનો ઉપયોગ કરેલો."

સુરેશભાઈ ઘડીનોય વિચાર કર્યા વિના કામે લાગી ગયા. સાહેબની એક જ અઠવાડિયાની સ્વયં શિસ્ત પછી આખી શાળાની તો રોનક જ બદલાઈ ગઈ. સાહેબે બધા વિદ્યાર્થીઓને હાથ પગ ધોઈ ઓટલા પર કતારબંધ બેસાડયા ને બધાને નાસ્તો કરાવીને જ ઘરે મોકલ્યા. જોનારા તો મોઢામાં આંગળી જ નાખી ગયા.

" સાહેબ, આપે તો કમાલ કરી. આજદિન સુધી આટલી સ્વયં શિસ્ત, ચીવટ ને મહેનત કોઈએ કરી નહોતી." ગામના આગેવાને સાહેબની પ્રશંસા કરી ત્યારે નમ્રભાવે સાહેબ બોલ્યાઃ " અરે, વડીલ ! જે પહેલાં થયું તે થયું. કોઈના વિશે ટીકા કરવાનું ગમે નહી. બસ, હું જેવું અને જેટલું કરીશ તે શાળા માટે ; વિદ્યાર્થીઓનાં હિત ને શ્રેય માટે, ગામને આદર્શ શાળા તરીકે નામના મળે તે માટે મારા પુરુષાર્થમાં સહેજે કચાશ નહી રાખું, ઈશ્વરને પણ શિષ્ટ આચાર સાથેની પવિત્રતા ખૂબ જ ગમે છે. હું એ વાતનો ખૂબ જ ખ્યાલ રાખું છું. કારણકે શિક્ષક કે આચાર્ય હોવું એ કોઈ સત્તા નહી પણ મારે મન તો વિદ્યાર્થીઓની, ગામની, સમાજની કે રાષ્ટ્રની સેવા છે. તેથી માનવજાત માટે સેવકભાવે મારી નિષ્ઠાથી નાગરિક ધર્મ નિભાવવો છે, જે મારું કર્મ એ જ ધર્મ છે."

શાળાને આઠ ઓરડાનું મકાન, આગળ ખુલ્લું મેદાન, મેદાનમાં ત્રણેક લીમડા, બે ગુલમહોર, ત્રણ ગરમાળા ને એક વડલો પણ બરાબર જામી પડેલો. વિશ્રાંતિ માટે આ વૃક્ષોનો છાંયો સાહેબને ખૂબ જ ગમતો. શીતળ હવામાં બેસવાનો લ્હાવો માણવાનું એ ચૂકતા નહીં. રજાના દિવસોમાં ત્યાં બેસી પોતે વાંચન કરતા. વિદ્યાર્થીઓ મળવા આવતાં, તેમને શેતરંજી પર બેસાડી ઘણી વાતો કરતાં. કયારેક તો દાખલા ને બીજા અભ્યાસના પ્રશ્નો પણ એટલી સરળતાથી સમજાવતા કે વિદ્યાર્થીઓના પોતે પ્રિય બની ગયા. એક દિવસ એક વિદ્યાર્થીએ સાહેબને પ્રશ્ન કર્યો, " રજાના દિવસે પણ તમે વાંચ્યા કરો છો, એ બધું વાંચવાથી શું થાય ? "

સાહેબે સ્મિત સાથે જવાબ આપ્યો : " બેટા, દરરોજ હું કોઈને કોઈ પુસ્તક વાંચું છું. વાંચવાથી ચિત્ત એકાગ્ર થાય છે. શિષ્ટ ને સંસ્કારી પુસ્તકો વાંચવાથી સારા વિચારો આવવા લાગે છે. હૃદયનો કચરો સાફ થઈ જાય. સ્વયં શિસ્ત પ્રગટે. જીવન જીવવાનો માર્ગ મળે. કોઈના પ્રત્યે નફરત ન થાય. આંતર મનમાં નમ્રતા પેદા થાય. પોતાની મહેનતથી, પ્રમાણિકતાથી જે મળે તેમાંથી જ જીવન વ્યવહાર ચલાવવાની પ્રેરણા મળે. કોઈનું પડાવી લેવું, ઝૂંટવી લેવું અધમ, હરામ કૃત્ય કહેવાય, તેનું ભાન થાય. સદ્ વાંચન એ રીતે આપણને જગાડે છે. જયાં જયાં જરુર પડે ત્યારે વધુ પવિત્ર બાબતો જાણવા માટે આવાં પુસ્તકોનું વાંચન ઉપયોગી થાય છે."

સાહેબ પરણેલા નહોતા. પિતાની છત્રાછાયા બાળપણમાં ગુમાવી દીધેલી. પોતાની વૃધ્ધ બા સાથે રહેતા. એટલે ગામના એક નાનકડા મકાનમાં જ એમનું રહેણાંક હતું. ઘરકામ પણ જાતે જ કરી લેતા. વૃધ્ધ બાથી કામ થતું નહોતું. એટલે રસોઈ પણ જાતે બનાવી ખૂબ જ પ્રેમથી પોતાની બાને જમાડતા.

ગામથી એક કિલોમીટર દૂર આવેલી નદીના કિનારે સાહેબ સાયકલ લઈને દરરોજ જતા. કયારેક તો વહેલી સવારે ઝડપ ઝડપથી ચાલતા નીકળી પડતા તે નદીએ પ્રાતઃ સ્નાન કરીને પાછા ફરતા. એમને એમેય ચાલવાનો ખૂબ જ શોખ. સાંજે કયારેક ચાલીને દૂર દૂર સુધી ચાલી નીકળતા તે ગામના સીમાડે ડુંગરની ટોચે ચડીને બેસતા. ગામના ચબુતરે પંખીઓને દાણા નાંખતા. ગામને પાદર કિલ્લોલ કરતા બાળકોને નીરખતા. બાળકો તોફાન કરી એક બીજાને નુકસાન પહોંચાડતા નથી ને તેનું પણ ધ્યાન રાખતા. એમ શરીરે સુકલકડી પણ ઊંચાઈ ને ગોરો વાન, મોટી આંખો કોઈને પણ આકર્ષી જતી. ખૂબ જ કરકસરથી જીવનારા. પોતે ગામની શાળના તો આચાર્ય પણ ક્યારેક ગામમાં કોઈ બિમારી ફેલાય નહીં તેની તકેદારી રાખવા કૂવા, તળાવના પાણી પર તીક્ષ્ણ દૃષ્ટિ રાખતા. ગ્રામ પંચાયતનું ખાસ ધ્યાન દોરતા. ધીમે ધીમે તો સાહેબની નામના એટલી વધતી ગઈ કે ગામમાં નાના મોટા ઝગડાની પતાવટ માટે ગ્રામજનો આવતા. ખૂબ જ પ્રેમથી તેમને આવકારી સાહેબ પોતાની શક્ય તેટલી મદદ કરતા. કહેતા પણ ખરા કે, ઈશ્વર એવા લોકોથી ખૂબ ખુશ છે જે લોકોની નિઃસ્વાર્થ સેવા કરે છે.

# ખરી સમસ્યા કઈ? સમય નથી કે મન નથી?

વિશેષ

એક યુવાન સંત પાસે સમસ્યા લઈને પહોંચ્યો. સંતને પ્રણામ કરીને તેણે કહ્યું : 'મહાત્મન્ ! મને મારા જીવનમાં ઘણી બધી ધર્મપ્રવૃત્તિ કરવી છે, પરંતુ મને એ માટે સમય જ મળતો નથી. તો મારે શું કરવું ?' સંતે વાત્સલ્યસભર સ્વરે યુવાનને કહ્યું :- 'કેમ વત્સ ? તને બાલ્યવયમાં તો ધર્મ કરવાનો સમય મળ્યો જ હશે ને ?' બિલકુલ નહિ, બાલ્યવયમાં અભ્યાસની જવાબદારીઓ- સ્કૂલ/ ટયૂશન/ હોમવર્ક/રમત-ગમત વગેરેમાં એટલો વ્યસ્ત રહ્યો કે ધર્મ કરી શક્યો જ નહિ.' યુવાને ઉત્તર આપ્યો.

'અચ્છા, પરંતુ અત્યારે તો તને સ્કૂલ-ટયૂશનની કોઈ જવાબદારી છે જ નહિ. તો પછી ધર્મ માટે સમય મળતો જ હશે ને ?' સંતે પૂછયું. 'જરાય નહિ, બાળપણમાં હું જેટલો વ્યસ્ત હતો, એથી ય વધુ વ્યસ્ત અત્યારે છું. એક તરફ પરિવારને સાચવવાનો, બીજી તરફ વ્યવહારો સાચવવાના, ત્રીજી તરફ ધંધામાં ધ્યાન આપવાનું અને ચોથી તરફ મિત્રોને તેમ જ નિકટના સ્નેહીજનોને પણ સમય આપવાનો. મહાત્મન ! તમે જ કહો, આટલી



વ્યસ્તતા વચ્ચે ધર્મ માટે સમય ક્યાંથી નીકળે ?' યુવાને વિસ્તૃત ઉત્તર આપ્યો. સંતે એ જ પ્રેમાળ શબ્દોમાં જણાવ્યું :- 'વત્સ ! ભલે તું અત્યારે ધર્મ ન કરી શકે. પણ આજે એક સંકલ્પ કરી જ લે કે બુઢાપામાં તો હું ધર્મ કર્યા વિના નહિ જ રહું. વૃદ્ધવયમાં વળી કઈ જવાબદારી તારો પીછો કરવાની છે ?'

'શું કહું મહાત્મન્ !' યુવાન બોલ્યો :- 'બુઢાપામાં ભલે ને મારા શિર ઉપર કોઈ જવાબદારી ન હોય. પરંતુ ત્યારે શરીર નિર્બળ બની ગયું હોય- નાના/ મોટા રોગોનું આક્રમણ થયા કરતું હોય, ત્યાં વળી ધર્મ કઈ રીતે થઈ શકે ?' સંત યુવાનનો આ ઉત્તર સાંભળી રહ્યો અને 'ધર્મ માટે સમય મળતો નથી' એવી તેની સમસ્યાનું શું નિરાકરણ આપવું ? તે વિચારી રહ્યા. આખરે સંતે યુવાનને બીજા દિવસે આવવા કહ્યું.

બીજે દિવસે યુવાન આવ્યો ત્યારે સંત પુસ્તકવાંચનમાં વ્યસ્ત હતા. તેમણે કહ્યું : - 'આજે હું વ્યસ્ત છું. માટે કાલે ઉત્તર આપીશ.' યુવાન ત્રીજે દિવસે આવ્યો. ચોથે દિવસે આવ્યો પણ સંત વ્યસ્ત. આખરે આ રીતે દશ દિવસ વીતી ગયા. અગિયારમાં દિવસે પણ સંત તરફથી 'કાલે આવવાનો' ઉત્તર મળતા યુવાન રહી ન શક્યો. તેણે પૂછી લીધું : 'મહાત્મન્ ! માફ કરજો. પણ રોજ આપ વ્યસ્ત હોવાનું કહીને મારો ઉત્તર ટાળો છો તો ખરેખર આપની પાસે સમય નથી ? કે ઉત્તર આપવાનું મન નથી !'

સંતે સ્મિત સાથે યુવાનને કહ્યું : ' આ જ પ્રશ્ન હું તને પૂછવા માગુ છું. તારી પાસે પ્રભુભક્તિ માટે સમય નથી, સત્સંગ માટે સમય નથી. ધર્મસાધના માટે સમય નથી. તો તારી પાસે ફરવાનો સમય ક્યાંથી આવે છે ?' મોજ-શોખ માટેનો સમય તને ક્યાંથી મળે છે ? ટી.વી. માટેનો સમય તું ક્યાંથી કાઢે છે ? મોબાઈલ માટેની રોજની બે-ચાર કલાકની લોન તને કંઈ બેંકમાંથી મળે છે ? તને સંસારની આ દરેક પ્રવૃત્તિ માટેનો સમય મળે છે અને તને ધર્મ માટે સમય નથી ? તો ખરેખર હકીકત શું છે ? ધર્મ માટેનો સમય નથી ? કે ધર્મ માટેનું મન નથી ?' સંતની ચોટદાર વાત યુવાનના મનમાં બેસી ગઈ. આપણે પણ જીવનમાં ધર્મ ન કરવાના ઘણા કારણો બતાવીએ છીએ. જે ગમે છે તે આપણે ગમે તે રીતે કરીએ છીએ અને જે આપણું જીવન બદલી શકે છે તેના માટે આપણે સમય કાઢતા નથી. આવો, હવે આ પદ્ધતિ બદલીએ. ધર્મ ન કરવા માટે બહાના બતાવવાની ઈચ્છા થાય ત્યારે જાતને સવાલ કરીએ કે ' ખરેખર સમય નથી ? કે મન નથી ?'

# ટ્રમ્પની ચેતવણી પછી ચીન-અમેરિકા સંબંધો

આસપાસ ચોપાસ — સુરેશ ભટ્ટ

**ટ્રમ્પના બીજા કાર્યકાળમાં બંને મહાસત્તાઓ વચ્ચે સહકાર ઓછો અને સ્પર્ધા વધુ જોવા મળી રહી છે, જેમાં ઈરાન, યુક્રેન અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ જેવા મુદ્દાઓએ સંબંધોને વધુ સંવેદનશીલ બનાવ્યા છે.**

ચીન અને અમેરિકાના સંબંધોનો ઈતિહાસ છેલ્લા ૭૫ વર્ષના વિશ્વ રાજકારણનો સૌથી નાટકીય અધ્યાય છે. ૧૯૪૯માં ચીનમાં સામ્યવાદી ક્રાંતિ પછી માઓ ત્સે-તુંગના નેતૃત્વમાં પીપલ્સ રિપબ્લિક ઓફ ચાઈનાની સ્થાપના થઈ ત્યારે અમેરિકાએ લાંબા સમય સુધી તાઈવાનમાં રહેલી ચિયાંગ કાઈ-શેકની સરકારને જ સાચું ચીન માન્યું હતું. કોરિયન યુદ્ધમાં બંને દેશો સામસામે લડ્યા, જેનાથી દુશ્મનાવટ વધુ ઘેરી બની અને શીતયુદ્ધના તે દોરમાં અમેરિકા ચીનને સોવિયેત સંઘના સાથી તરીકે જોતું રહ્યું. ૧૯૭૦ના દાયકામાં મોટો વળાંક આવ્યો જયારે સોવિયેત સંઘ સાથે ચીનના સંબંધો બગડ્યા. અમેરિકાના પ્રમુખ રિચર્ડ નિક્સને આ તક ઝડપી લીધી. ૧૯૭૧માં હેન્રી કિસિંજરની ગુપ્ત બીજિંગ યાત્રા અને ૧૯૭૨માં નિક્સનની ઐતિહાસિક ચીન યાત્રાએ વિશ્વને ચોંકાવી દીધું. આ પિંગ-પોંગ ડિપ્લોમસીએ બંને દેશો વચ્ચેના બરફને ઓગાળી નાખ્યો અને ૧૯૭૯માં જિમી કાર્ટરના શાસનમાં બંને દેશો વચ્ચે પૂર્ણ રાજદ્વારી સંબંધો સ્થપાયા. ત્યારબાદ ડેંગ શિયાઓપિંગના આર્થિક સુધારાઓએ ચીનને વિશ્વ માટે ખોલી નાખ્યું. અમેરિકન કંપનીઓ ચીનના સસ્તા શ્રમ અને વિશાળ બજાર તરફ આકર્ષાઈ. ૨૦૦૧માં ચીન વિશ્વ વેપાર સંગઠનમાં જોડાયું, જેનાથી તે વિશ્વનું કારખાનું બન્યું. અમેરિકન ગ્રાહકોને સસ્તો માલ મળ્યો અને ચીનને અઢળક ડોલર મળ્યા. આ દોરને ચાઈમેરિકા કહેવામાં આવ્યો, જેમાં અમેરિકા ખર્ચ કરે અને ચીન બચત કરીને અમેરિકન દેવું ખરીદે. પરંતુ ૨૦૧૦ પછી ચિત્ર બદલાવા લાગ્યું. ચીનની આર્થિક અને સૈન્ય તાકાત વધતાં અમેરિકાને તેમાં પડકાર દેખાવા લાગ્યો. દક્ષિણ ચીન સમુદ્રમાં ચીનના કૃત્રિમ ટાપુઓ, બૌદ્ધિક સંપદાની ચોરીના આરોપો અને વધતા વેપાર ખાધના મુદ્દે તણાવ વધ્યો. બરાક ઓબામાએ એશિયા તરફ નરમ નીતિ અપનાવી, જયારે ડોનાલ્ડ ટ્રમ્પના પ્રથમ કાર્યકાળમાં વેપાર યુદ્ધ શરૂ થયું અને ચીની માલ પર ભારે ટેરિફ લાદવામાં આવ્યા. જો બાઈડનના શાસનમાં આ સ્પર્ધા વધુ તીવ્ર બની. સેમિકન્ડક્ટર ચિપ્સ પર નિયંત્રણો, તાઈવાન મુદ્દે તણાવ અને કોવિડ મહામારી પછી સપ્લાય ચેઈન અંગેની ચિંતાએ સંબંધોને સૌથી નીચલા સ્તરે પહોંચાડી દીધા. હવે ટ્રમ્પના બીજા કાર્યકાળમાં બંને મહાસત્તાઓ વચ્ચે સહકાર ઓછો અને સ્પર્ધા વધુ જોવા મળી રહી છે, જેમાં ઈરાન, યુક્રેન અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવા મુદ્દાઓએ સંબંધોને વધુ સંવેદનશીલ બનાવ્યા છે.

આ ઐતિહાસિક પૃષ્ઠભૂમિમાં ચીનના પ્રમુખ શી જિનપિંગની ત્રણ દિવસીય અમેરિકા યાત્રા વોશિંગ્ટનમાં પૂર્ણ થઈ છે. શુક્રવારે તેઓ બીજિંગ જવા રવાના થયા. આ યાત્રા દરમિયાન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને શી જિનપિંગ વચ્ચે વેપાર, ઈરાન, યુક્રેન, તાઈવાન અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવા અત્યંત સંવેદનશીલ વિષયો પર લાંબી અને ગહન ચર્ચા થઈ હતી. બેઠકનું આયોજન ભવ્ય હતું અને બંને નેતાઓએ મિત્રતાનું પ્રદર્શન કર્યું, પરંતુ પરિણામની દૃષ્ટિએ આ શિખર પરિષદ લગભગ ખાલી રહી. ત્રણ દિવસની મેરેથોન વાટાઘાટો બાદ કોઈ ઐતિહાસિક નવી ડીલ થઈ ન હતી અને સંયુક્ત નિવેદનમાં પણ કોઈ નક્કર જાહેરાત જોવા મળી ન હતી. વિશ્લેષકોનું માનવું છે કે બંને પક્ષોએ પોતપોતાની લાલ રેખાઓ સ્પષ્ટ કરી દીધી છે, પરંતુ સમાધાન માટે હજુ લાંબો રસ્તો કાપવાનો બાકી છે. આ સમગ્ર બેઠકમાં સૌથી ગંભીર મુદ્દો પશ્ચિમ એશિયામાં ચાલી રહેલો તણાવ અને ઈરાનની ભૂમિકા રહ્યો હતો. વેપાર મુદ્દે પણ કોઈ સફળતા મળી ન હતી અને ટેરિફ ઘટાડવા અંગેની ચીનની આશા ઠગારી નીવડી હતી. તાઈવાન મુદ્દે ચીને વન ચાઈના નીતિનું પાલન કરવા દબાણ કર્યું, જ્યારે અમેરિકાએ યથાસ્થિતિ જાળવી રાખવાની વાત કરી. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ચિપ ટેકનોલોજી પર અમેરિકાએ નિયંત્રણો હળવા કરવાનો ઈનકાર કર્યો હોવાનું મનાય છે, જ્યારે યુક્રેન યુદ્ધમાં રશિયાને ચીનની પરોક્ષ મદદ અંગે પણ અમેરિકાએ ચિંતા વ્યક્ત કરી હતી.

આ શિખર પરિષદનું સૌથી મહત્વનું પરિણામ કોઈ વેપારી કરાર નહીં, પરંતુ ઈરાન મુદ્દે અમેરિકાની સ્પષ્ટ અને કડક ચેતવણી રહ્યું. ન્યૂઝ એજન્સી રોઈટર્સના અહેવાલ મુજબ, બંધ બારણે ટ્રમ્પે ચીનને અત્યંત કડક શબ્દોમાં ચેતવણી આપી હતી. જિનપિંગના રવાના થતાં જ ટ્રમ્પે પોતાના ટ્રુથ સોશિયલ એકાઉન્ટ પર બંને નેતાની તસવીર શેર કરીને છર્દ્વીંષ્ઠિક્રૈ જ હ્વક્રષ્ઠા લખ્યું હતું, જે અમેરિકાના કડક વલણનો સ્પષ્ટ સંકેત માનવામાં આવે છે. ડોનાલ્ડ ટ્રમ્પે શી જિનપિંગને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે ચીન દ્વારા ઈરાનને કોઈ પણ પ્રકારની સૈન્ય કે આર્થિક મદદ પૂરી પાડવામાં ન આવે. ચીનમાં અમેરિકી રાજદૂત ડેવિડ પરડયુના જણાવ્યા મુજબ, ટ્રમ્પે સાફ કરી દીધું હતું કે ઈરાનને પ્રત્યક્ષ કે પરોક્ષ કોઈ પણ રીતે સહાય આપવી અમેરિકાને બિલકુલ સ્વીકાર્ય રહેશે નહીં. આ ચેતવણી એટલા માટે અગત્યની છે કારણ કે ચીન ઈરાન પાસેથી મોટા પ્રમાણમાં સસ્તું તેલ ખરીદે છે અને બંને દેશો વચ્ચે ૨૫ વર્ષનો વ્યૂહાત્મક કરાર પણ થયેલો છે. જવાબમાં ચીને અમેરિકાને ખાતરી આપી હતી કે તે ઈરાનને આવી કોઈ સૈન્ય મદદ કરશે નહીં, જોકે તેલ ખરીદી જેવા આર્થિક સંબંધો ચાલુ રહેશે કે કેમ તે અંગે સ્પષ્ટતા થઈ નથી. આ ખાતરીને અમેરિકા પોતાની રાજદ્વારી જીત તરીકે જુએ છે. આમ, શિખર પરિષદનો અંત નો ડીલ સાથે થયો, પરંતુ કડક સંદેશા સાથે થયો. ટ્રમ્પે વિશ્વને બતાવી દીધું કે અમેરિકા હવે નરમ વલણ નહીં અપનાવે. છર્દ્વીંષ્ઠિક્રૈ જ હ્વક્રષ્ઠાનો નારો એ જ દર્શાવે છે કે અમેરિકા પોતાના હિતોની રક્ષા માટે કોઈપણ હદ સુધી જશે. ચીન માટે આ ચેતવણી એક કસોટી સમાન છે, કારણ કે ઈરાન સાથેના સંબંધો તોડવા તેના ઉર્જા હિતોને નુકસાન પહોંચાડી શકે છે.



ચીન-અમેરિકા વચ્ચેની આ નિષ્ફળ શિખર પરિષદ અને ઈરાન મુદ્દે વધેલા તણાવની ભારત પર સીધી અને ઊંડી અસર પડશે. પ્રથમ દૃષ્ટિએ તક તરીકે જોઈએ તો અમેરિકા-ચીન વેપાર તણાવથી ભારતને ફાયદો થઈ શકે છે. અમેરિકન કંપનીઓ ચાઈના પ્લસ વન નીતિ હેઠળ ભારતમાં રોકાણ વધારી શકે છે અને એપલ જેવી કંપનીઓ પહેલેથી જ ભારતમાં ઉત્પાદન વધારી રહી છે. બીજી તરફ, ઈરાન મુદ્દે અમેરિકાના કડક વલણથી ભારતની મુશ્કેલી વધી શકે છે, કારણ કે ભારતે ચાબહાર બંદર જેવા વ્યૂહાત્મક પ્રોજેક્ટમાં રોકાણ કર્યું છે. જો અમેરિકા ઈરાન પર પ્રતિબંધો વધુ કડક કરશે તો ભારતે કૂટનીતિક સંતુલન સાધવું પડશે. ત્રીજું, તાઈવાન અને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રે ચીન-અમેરિકા તણાવથી ભારતનું મહત્વ વધશે. અમેરિકા ક્વાડને વધુ મજબૂત કરવા માંગશે, જેમાં ભારત કેન્દ્રીય ભૂમિકા ભજવશે અને તેનાથી ભારતને સંરક્ષણ અને ટેકનોલોજી ક્ષેત્રે અમેરિકાનો વધુ સહયોગ મળી શકે છે. ચોથું, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ચિપ યુદ્ધમાં ભારત તટસ્થ રહીને બંને તરફથી ટેકનોલોજી મેળવવાનો પ્રયાસ કરી શકે છે, પરંતુ જો અમેરિકા ચીન પર વધુ નિયંત્રણો લાદશે તો વૈશ્વિક સપ્લાય ચેઈન ખોરવાશે, જેની અસર ભારતના ઉદ્યોગો પર પણ પડશે. સમાપનમાં કહીએ તો, જિનપિંગને જતાં-જતાં મળેલી ટ્રમ્પની ચેતવણી એ માત્ર બે દેશોના સંબંધોનો મુદ્દો નથી, પરંતુ સમગ્ર વિશ્વ વ્યવસ્થાનો પ્રશ્ન છે. ભારતે આ સ્થિતિમાં પોતાની વ્યૂહાત્મક સ્વાયત્તતા જાળવી રાખીને અમેરિકા સાથે ભાગીદારી વધારવી પડશે અને સાથે જ ચીન સાથે સરહદી તણાવ ઓછો કરવાના પ્રયાસો ચાલુ રાખવા પડશે. આવનારા દિવસોમાં વિશ્વ રાજકારણ વધુ અસ્થિર બનશે, તેમાં ભારત માટે સંતુલિત મુત્સદ્દીગીરી જ સૌથી મોટું શસ્ત્ર રહેશે.

# રાજસ્થાન ક્રિકેટ એસોસિએશન ચૂંટણીમાં રાજકીય પરિવારોની હાજરી આ વખતે ચર્ચાનો વિષય બની

જયપુર,

આ વખતે રાજસ્થાન ક્રિકેટ એસોસિએશન (આરસીએ) ચૂંટણીમાં રાજકીય પરિવારોની હાજરી સ્પષ્ટપણે દેખાઈ રહી છે. પાંચ રાજકીય નેતાઓના પુત્રોએ ચૂંટણીમાં ઉતર્યા છે. પાંચેય નેતાઓએ આજે પોતાના ઉમેદવારી નોંધાવ્યા છે. આના કારણે સમર્થન અંગે પણ અટકળો શરૂ થઈ છે. આજે નામાંકન માટેની છેલ્લી તારીખ હતી. નામાંકન દાખલ કરનારા રાજકારણીઓના પુત્રોમાં આરોગ્ય મંત્રી ગજેન્દ્ર સિંહ ખિંવસારના પુત્ર ધનંજય સિંહ ખિંવસારનો સમાવેશ થાય છે; શિક્ષણ મંત્રી મદન દિલાવરના પુત્ર પવન દિલાવર; ધારાસભ્ય જસવંત યાદવના પુત્ર મોહિત યાદવ; રાજ્યસભા સાંસદ ઘનશ્યામ તિવારીના પુત્ર આશિષ તિવારી; અને ભૂતપૂર્વ કેબિનેટ મંત્રી રાજેન્દ્ર રાઠોડના પુત્ર પરાક્રમ સિંહ રાઠોડ.

નામાંકન ભરવાની સાથે, રાજસ્થાન ક્રિકેટ એસોસિએશનની ચૂંટણીમાં સમર્થન અને આંતરિક ગતિશીલતાની ચર્ચા વધુ તીવ્ર બને છે. ભાજપ સમર્થિત જિલ્લા ક્રિકેટ એસોસિએશનોએ પણ સંકેત આપ્યો છે કે તેમની ભાવિ રણનીતિ સરકાર અને સંગઠનના નિર્દેશોના આધારે નક્કી કરવામાં આવશે. ધનંજય સિંહ ખિંવસારે જણાવ્યું છે કે તેમને હજુ સુધી સરકાર તરફથી કોઈ માહિતી મળી નથી. તેથી, અમે આગામી દિવસોમાં ચૂંટણીઓ અંગે રાજકીય




અને ક્રિકેટ એસોસિએશનની પ્રવૃત્તિઓ પર નજર રાખીશું.

રાજસ્થાન ક્રિકેટ એસોસિએશન માટે નામાંકન માટેની છેલ્લી તારીખ ૨૬ સપ્ટેમ્બર છે અને મતદાન ૨૯ સપ્ટેમ્બરે થશે. આ ચૂંટણી હાઈકોર્ટના આદેશ પર યોજાઈ રહી છે. રાજકારણીઓના પુત્રો આરસીએ પ્રમુખ પદ માટે સ્પર્ધા કરી રહ્યા છે. ૨૯મી તારીખે ખબર પડશે કે કોનું નસીબ ચમકશે. ભાજપ સત્તામાં આવ્યા પછી, ઈઝછ એક એડહોક સમિતિના નિયંત્રણ હેઠળ રહ્યું છે. જોકે, અઢી વર્ષ પછી, ચૂંટણીઓ ચાલી રહી છે, ત્યારે સત્તા ચૂંટાયેલા પ્રમુખને સોંપવામાં આવશે.રાજસ્થાન ક્રિકેટ એસોસિએશનની ચૂંટણીઓને મુખ્ય પ્રવાહના રાજકારણમાં પ્રવેશવાનો એક સરળ રસ્તો માનવામાં આવી રહ્યો છે. જેમ વિદ્યાર્થી સંઘની ચૂંટણીઓ એક સમયે રાજકારણમાં એક પગથિયું માનવામાં આવતી હતી, તેવી જ રીતે ક્રિકેટ એસોસિએશનની કારોબારી સમિતિમાં જોડાવાને હવે મુખ્ય પ્રવાહના રાજકારણમાં પ્રવેશ બિંદુ તરીકે જોવામાં આવી રહ્યું છે.

# એશિયન ગેમ્સની બીજી ક્વાર્ટર-ફાઈનલ મેચ વરસાદને કારણે રદ : ટીમ ઈન્ડિયા સેમિફાઈનલમાં પહોંચી

નવીદિલ્હી,

એશિયન ગેમ્સ ૨૦૨૬ ની બીજી ક્વાર્ટર-ફાઇનલ મેચ ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે નિસિનના કોરોગી સ્પોર્ટ્સ પાર્ક ખાતે રમવાની હતી. જોકે, ભારે વરસાદને કારણે, એક પણ બોલ ફેંકાયો ન હતો અને મેચ રદ કરવામાં આવી હતી. આ મેચ રદ થતાં, ટીમ ઈન્ડિયા સેમિફાઈનલમાં પહોંચી ગઈ છે. અગાઉ, આ જ મેદાન પર પાકિસ્તાન અને હોંગકોંગ વચ્ચેની મેચ પણ વરસાદને કારણે રદ કરવામાં આવી હતી. ત્યાં પણ, પાકિસ્તાન તેમના સારા રેક્રિંગને કારણે સેમિફાઇનલમાં પહોંચવામાં સફળ રહ્યું. પાકિસ્તાને એક પણ બોલ રમ્યા વિના સેમિફાઇનલમાં સ્થાન મેળવ્યું.એશિયન ગેમ્સમાં



પોતાનું અભિયાન શરૂ કરતા પહેલા, ભારતીય ટીમે સાનોમાં જાપાન સામે એક જ્ ૨૦ મેચ રમી હતી. વરસાદને કારણે તે મેચ ફક્ત ૫-૫ ઓવરની કરવામાં આવી હતી, અને ભારતીય ટીમે આખરે રોમાંચક મેચમાં જાપાનને ૨ રનથી હરાવ્યું હતું. તે મેચ પછી, ભારતીય ટીમ એશિયન ગેમ્સ માટે નાગોયા પહોંચી હતી.ભારત અને અફઘાનિસ્તાન વચ્ચેની ટી ૨૦ મેચોમાં ભારત હંમેશા ટોચ પર રહ્યું છે. ભારતે અત્યાર સુધી બંને ટીમો વચ્ચે રમાયેલી ૧૨ ૨૦ મેચોમાંથી ૧૧ જીતી છે, જ્યારે એક મેચ ડ્રો રહી છે. ૨૦૨૪ માં અફઘાનિસ્તાન ભારતને હરાવવાની નજીક પહોંચ્યું હતું.

# કુલદીપના વિકેટ-ટેકિંગ પ્રદર્શનને કારણે વેસ્ટ ઈન્ડીઝની ટીમ મોટો સ્કોર બનાવી શકી નહી : શુભમન ગિલ

તિરૂવનંતપુરમ,

વેસ્ટ ઈન્ડીઝ સામેની પ્રથમ વનડે જીત્યા પછી, ભારતીય કેપ્ટન શુભમન ગિલે આખી ટીમની પ્રશંસા કરી. તે વિરાટ કોહલીને બદલે કુલદીપ યાદવને મેચનો વાસ્તવિક "ગેમ-ચેન્જર" માનતો હતો. ગિલે કહ્યું કે વેસ્ટ ઈન્ડીઝની મજબૂત શરૂઆત જોઈને એવું લાગતું હતું કે તેઓ ૩૪૦-૩૫૦ રન બનાવશે, પરંતુ કુલદીપે આવીને પરિસ્થિતિ પલટી નાખી. તેણે ૨૦મી ઓવરમાં પહેલી ભાગીદારી તોડી નાખી અને ૧૦ ઓવરમાં માત્ર ૪૦ રન આપીને ચાર મોટી વિકેટ લીધી. ગિલે તેની બેટિંગ, સ્ટ્રાઈક રેટ અને વિરાટ કોહલીની શાનદાર સદી વિશે પણ ખુલ્લેઆમ વાત કરી.કુલદીપ



યાદવ વિશે શુભમન ગિલે કહ્યું, "જ્યારે કુલદીપ મધ્ય ઓવરોમાં સારી બોલિંગ કરે છે, ત્યારે તે આપણો સૌથી મોટો વિકેટ લેનાર બોલર બની જાય છે. તેણે આ વખતે વારંવાર સાબિત કર્યું છે, અને તેણે આજે ફરીથી તે કર્યું. વેસ્ટ ઈન્ડિઝની મજબૂત ઓપનિંગ ભાગીદારી અને ટોપ ઓર્ડરની વિસ્ફોટક બેટિંગને કારણે અમે કેટલાક દબાણ હેઠળ હતા, પરંતુ કુલદીપે મહત્વપૂર્ણ વિકેટો લઈને અમને મેચમાં પાછા લાવ્યા. એક સમયે, એવું લાગતું હતું કે વિરોધી ટીમ ૩૪૦-૩૫૦ રન બનાવશે, પરંતુ તેમને ૩૦૦ થી ઓછી રન સુધી મર્યાદિત રાખવા એ અમારી ટીમનો એક મહાન પ્રયાસ હતો."વિરાટ વિશે, કેપ્ટન ગિલે કહ્યું, "તે હાલમાં શાનદાર બેટિંગ કરી રહ્યો છે." તે મુક્તપણે રમી રહ્યો છે અને તેની બેટિંગનો આનંદ માણી રહ્યો છે, જે તેના પ્રદર્શનમાં સ્પષ્ટપણે દેખાય છે. તેની પાસે હંમેશા ચોગ્ગા અને છગ્ગા ફટકારવાની ક્ષમતા રહી છે, અને તે હજુ પણ તે જ શૈલીથી રન બનાવી રહ્યો છે. વિરાટ કોહલી જેવા ખેલાડીઓ, જેમણે દેશ માટે ઘણી બધી મેચ જીતી છે અને વારંવાર સાબિત કર્યું છે, તેમને તેમના પોતાના પર છોડી દેવા જોઈએ. તમારે ફક્ત તે પોતાની ગતિએ અને કોઈપણ દબાણ વિના રમવાનું ઈચ્છવું જોઈએ, કારણ કે જ્યારે તે તેના તત્વમાં હોય છે, ત્યારે તે એકલા હાથે મેચ જીતી શકે છે.

# 'કટપ્પા'ની પુત્રી દિવ્યા સત્યરાજે અભિનેતા ઉપર એક કરોડનો માનહાનિનો દાવો દાખલ કર્યો

મુંબઈ,

"બાહુબલી"માં કટપ્પાની ભૂમિકા ભજવનાર પ્રખ્યાત અભિનેતા સત્યરાજની પુત્રી અને ડીએમકે આઈટી વિંગના ડેપ્યુટી સેક્રેટરી દિવ્યા સત્યરાજ ગુસ્સે ભરાયા છે. તેણીએ અભિનેતા બેઈલ્વન રંગનાથન અને યુટ્યુબ ચેનલ "પુથિયા સિંથાનાઈ" સામે ૧ કરોડનો માનહાનિનો દાવો દાખલ કર્યો છે. લગ્ન અંગે દિવ્યાના નિવેદન બાદ વિવાદ ઉભો થયો હતો. એક ઈન્ટરવ્યુમાં, દિવ્યા સત્યરાજે કહ્યું હતું કે યુગલોએ લગ્નની મજબૂરીને કારણે નહીં પણ એકબીજા પ્રત્યેના પ્રેમને કારણે સાથે રહેવું જોઈએ. બેઈલ્વન રંગનાથને આ અંગે



વાંધાજનક ટિપ્પણીઓ કરી હતી.

મદ્રાસ હાઈકોર્ટે ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ કેસની સુનાવણી કરતા, બેઈલ્વન રંગનાથન, ગૂગલ એલએલસી, ફેસબુક ઈન્ડિયા ઓનલાઈન સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ અને એક્સ કોર્પ. સાથે મળીને યુટ્યુબ અથવા અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર કથિત રીતે વાંધાજનક નિવેદનો ફેલાવવાથી રોકવા માટે વચગાળાનો મનાઈ હુકમ આપ્યો હતો. દિવ્યાએ ૧૨% વ્યાજ સાથે ૧ કરોડનું નુકસાન પણ માંગ્યું છે.

દિવ્યા સત્યરાજે એક યુટ્યુબ ચેનલ સાથેની મુલાકાતમાં લગ્ન અને સંબંધો પર પોતાના અંગત વિચારો શેર કર્યા. તેણીએ કહ્યું હતું કે તે ધર્મ, જન્માક્ષર વગેરેના આધારે "કોર્પોરેટ લગ્ન" માં માનતી નથી. દિવ્યાનો આરોપ છે કે આ નિવેદન બાદ, બેઈલ્વન રંગનાથને "પુથિયા સિંથાનાઈ" યુટ્યુબ ચેનલ પર તેના વિરુદ્ધ ખોટી અને બદનક્ષીભરી ટિપ્પણીઓ કરી.પોતાના ઈન્ટરવ્યુમાં દિવ્યાએ કહ્યું, "તેઓએ સાથે રહેવું જોઈએ કારણ કે તેઓ એકબીજા પ્રત્યે પાગલ છે, એટલા માટે નહીં કે તેઓ પરિણીત છે. હું ધર્મ, જન્માક્ષર વગેરે પર આધારિત આ કોર્પોરેટ લગ્નોમાં માનતી નથી.

# દર્શનના ચાહકોએ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને પત્ર લખીને રેણુકા સ્વામી હત્યા કેસમાં દયાની માંગણી કરી

નવીદિલ્હી,

કન્નડ અભિનેતા દર્શન થુગુદીપ તેના ૩૩ વર્ષીય ચાહક રેણુકા સ્વામીની હત્યાના આરોપમાં જેલમાં છે. રેણુકા સ્વામી હત્યા કેસમાં ન્યાયિક કસ્ટડીમાં રહેલા કન્નડ અભિનેતા દર્શન થુગુદીપને જામીન મેળવવાના તમામ પ્રયાસો નિષ્ફળ ગયા છે. આ કેસમાં બીજા આરોપીના સાક્ષી બનવાના સમાચારથી તેમની મુશ્કેલીઓ વધુ વધી ગઈ છે. આ ઘટનાક્રમ વચ્ચે, એક ભાવનાત્મક વાર્તા બહાર આવી છે જેમાં દર્શનના ચાહકોએ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને અભિનેતા માટે રાહત અને સહાય માટે અપીલ કરી છે.

"ધ-બોસ ફેન્સ, કર્ણાટક" દ્વારા કન્નડમાં લખાયેલો પત્ર સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. આ પત્રમાં, ચાહકોએ રાષ્ટ્રપતિને માતા સમાન ગણાવ્યા છે અને દર્શનના કેસને માનવતાથી જોવાની અપીલ કરી છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને લખેલા આ પત્રમાં, ચાહકો કહે છે, 'તમે એક દયાળુ માતા છો જે ગરીબો, આદિવાસી સમુદાયો અને પીડિતો માટે ઉભા રહે છે. અમને ભારતીય કાયદા વ્યવસ્થા અને અદાલતોમાં વિશ્વાસ અને આદર છે.' જોકે, કર્ણાટકના ગૌરવ, અભિનેતા ડી-બોસ દર્શન સર, હાલમાં ખૂબ જ મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહ્યા છે. કર્ણાટકના લોકો માટે, તેઓ



ભગવાનથી ઓછા નથી.દર્શનના ચાહકોએ હાથ જોડીને અપીલ કરી છે કે, "એક માતા તરીકે, કૃપા કરીને દર્શનના કેસને માનવતાવાદી દ્રષ્ટિકોણથી ધ્યાનમાં લો. કાયદા અનુસાર ન્યાય મળવો જોઈએ, તેમ છતાં અમે તમને હાથ જોડીને વિનંતી કરીએ છીએ કે તમારા સ્તરે શક્ય તેટલી વહેલી તકે ન્યાય મળે તે માટે તમામ શક્ય સહાય પૂરી પાડો."

ચાહકોનો એવો પણ દાવો છે કે દર્શન જેલમાં કરોડરજ્જુમાં તીવ્ર દુખાવાની ફરિયાદ કરી રહ્યો છે અને તેને વધુ સારી તબીબી સારવારની જરૂર છે. કોર્ટ તરફથી વારંવાર નિરાશા મળ્યા બાદ, હવે સોશિયલ મીડિયા પર તેના સમર્થનમાં એક ડિજિટલ ઝુંબેશ શરૂ કરવામાં આવી રહી છે. આ ઝુંબેશના ભાગ રૂપે, લોકો પત્રો અને ખાસ પોસ્ટરો શેર કરી રહ્યા છે.જ્યારે દર્શન જેલમાં કાનૂની કાર્યવાહીનો સામનો કરી રહ્યો છે, ત્યારે તેના ચાહકો વિવિધ માધ્યમો દ્વારા તેના સમર્થનમાં અવાજ ઉઠાવી રહ્યા છે. તેઓ પ્રાર્થના કરી રહ્યા છે અને પત્રો લખી રહ્યા છે, મદદ માટે વિનંતી કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, કન્નડ અભિનેતા સાધુ કોકિલાએ ચાહકોને મુખ્યમંત્રીને પત્રો લખવા વિનંતી કરી હતી.

# 'ખતરોં કે ખિલાડી ૧૫' માંથી રૂહાનિકા ધવન બહાર, મગરના સ્ટંટને કારણે ફિનાલેમાં પહોંચવાનું તેનું સ્વપ્ન ચકનાચૂર

મુંબઈ,

જાસ્મીન ભસીન પછી, 'ખતરોં કે ખિલાડી ૧૫' ના સેમિ-ફાઇનલ અઠવાડિયા દરમિયાન મગરના એલિમિનેશન સ્ટંટ હારી ગયા બાદ રૂહાનિકા ધવન શોમાંથી બહાર થઈ ગઈ. શોમાં ૧૮ વર્ષીય અભિનેત્રીની સફર ત્યાં જ સમાપ્ત થઈ ગઈ, કારણ કે તેણી ગ્રાન્ડ ફિનાલેમાં પહોંચવાની તક ગુમાવી દીધી. રુહાનિકાએ આખી સીઝન દરમિયાન પોતાની હિંમત, દ્દઢ નિશ્ચય અને પડકારજનક સ્ટંટથી દર્શકોના દિલ જીતી લીધા. ઘણા પડકારજનક કાર્યોનો સામનો કરવા છતાં, તેણીએ પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું અને પોતાને એક મજબૂત સ્પર્ધક સાબિત કરી. તેણીના એલિમિનેશન પછી, હોસ્ટ રોહિત શેટ્ટીએ રૂહાનિકાની સફર અને



દરેક સ્ટંટમાં તેના પ્રયત્નોની પ્રશંસા કરી. જોકે, રૂહાનિકાના બહાર નીકળવાથી તેના ચાહકો નિરાશ થયા, કારણ કે ઘણા લોકો તેણીને ફિનાલેમાં ટ્રોફી માટે સ્પર્ધા કરતી જોવા માંગતા હતા.રુહાનિકા ધવન અભિનેત્રી ફરહાના ભટ્ટ સામે મગરમચ્છ સ્ટંટ હારી ગઈ અને 'ખતરોં કે ખિલાડી ૧૫' માંથી બહાર થઈ ગઈ. તેણીએ ફિનાલે પહેલા જ એલિમિનેશન સ્ટંટ છોડી દીધો, જ્યારે ફરહાનાએ ટાસ્ક પૂર્ણ કર્યો અને જીતી ગઈ. અગાઉ, કેપ્ટન તરીકે, રિત્વિક ધનજાનીને મુશ્કેલ નિર્ણય લેવો પડ્યો. તેણે 'ફિયર ફંડા' માટેબેસ્પર્ધકોપસંદ કરવા પડ્યા. 'પવિત્ર રિશ્તા' અભિનેતાએ રૂબીના દિલૈક અને રૂહાનિકા ધવનને પસંદ કર્યા.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ધ | ઈ | કા | બિ | અ | ણિ | બ | અ: | ર | વા | પ્રા | ભા |
| ફ | મ | દ | બં | ગી | ણ | રા | ડી | કા | ળ | મા | કા |
| ર | હિ | ભ | ન | બા | મો | બ | વા | રો | કા | ણિ | અ |
| જ | મા | આ | ચા | રો | અ | ર | જ | લી | ગ | ક | શ |
| જ્ઞા | સ | ક | બ | ફ | બા | એ | અ | ન | લા | ક | કા |
| ત | શિ | ડો | ધ | દ | બ | બિ | ભો | શ | બં | શિ | ણે |
| અ | ર | કી | બા | શિ | લ | ભ | ભ | ર | લા | ર | રા |
| મ | પ્ર | કી | જ્ઞા | ભા | પ્ર | મ | ળો | ઉ | લ | મા | ધ |
| પ્ર | આ | વ | સ | ક્રો | તી | રો | રી | પ્ર | મા | દ | ળ |
| ન | સા | કા | વ | અ | ઔ | ગ | સા | ક | ચી | ફ | તી |
| ચા | ર | દ | ર | ગં | દ | ત | ળ | દ | એ | ળ | સા |
| મો | કા | ક | દ | બા | કુ | કા | ણ | લી | બં | ર | ચા |

**શબ્દ શોધો**

**પ્રમાદ, પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ, ભોરલ, મહિમા**

# રિતેશ પાલે 'ઈન્ડિયાઝ બેસ્ટ ડાન્સર ૫' જીત્યો, કોરિયોગ્રાફર પ્રતિક ઉતેકર સાથે ટ્રોફી જીતી

રાયપુર,

રાયપુરના રિતેશ પાલે કોરિયોગ્રાફર પ્રતીક ઉતેકર સાથે મળીને 'ઈન્ડિયાઝ બેસ્ટ ડાન્સર સીઝન ૫' નો ખિતાબ જીત્યો છે. તેમણે તેમના કોરિયોગ્રાફર પ્રતીક ઉતેકર સાથે આ પ્રતિષ્ઠિત ટ્રોફી જીતી હતી. આ સીઝન પડકારજનક પ્રદર્શન અને યાદગાર નૃત્ય અભિનયથી ભરેલી હતી. સમગ્ર સીઝન દરમિયાન નર્તકોએ તેમની વિવિધ નૃત્ય શૈલીઓથી દિલ જીતી લીધા, ત્રણ વખત "બેટલ ટ્રોફી" જીતી. રિતેશ અને પ્રતીકે ગ્રાન્ડ ફિનાલેમાં સાથી ફાઈનલિસ્ટ દીપાલી બોરકર, પ્રથમેશ માને, અંશિકા ધારા અને ગીતાંજલી મારવાહને હરાવીને આ પ્રતિષ્ઠિત ટ્રોફી જીતી. સ્ટીવ જિરવા ઈન્ડિયાઝ બેસ્ટ ડાન્સર ૪ ના વિજેતા બન્યા.

સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝનના ડાન્સ રિયાલિટી શો "ઈન્ડિયાઝ બેસ્ટ ડાન્સર ૫" ની થીમ "ઈન્ડિયા વાલા ડાન્સ" હતી, જે સ્પર્ધકોને વિવિધ નૃત્ય શૈલીઓ સાથે પ્રયોગ કરવા અને તેમની પ્રતિભા દર્શાવવા માટે પ્રોત્સાહિત કરે છે. "ઈન્ડિયાઝ બેસ્ટ ડાન્સર ૫" ના વિજેતા રિતેશ પાલે સમગ્ર સ્પર્ધા દરમિયાન તેમના સતત પ્રદર્શન અને શોધકતાથી બધાને પ્રભાવિત કર્યા. તેમણે આ સિઝનમાં ત્રણ વખત "બેટલ ટ્રોફી" પણ જીતી, શોના ટોચના કલાકારોમાં તેમનું




સ્થાન વધુ મજબૂત બનાવ્યું. તેમની સફર પ્રતીક સાથે અનેક પ્રભાવશાળી પ્રદર્શનમાં પરિણમી, જે ફિનાલે સુધી પહોંચી, જ્યાં બંનેએ વિવિધ નૃત્ય સ્વરૂપોમાં તેમની પ્રતિભા દર્શાવી. તેમની મહેનત રંગ લાવી, અને તેમને સિઝનના વિજેતાઓનો તાજ પહેરાવવામાં આવ્યો.

ગ્રાન્ડ ફિનાલે શોના જજ કરિશ્મા કપૂર, જાવેદ જાફરી, ગીતા કપૂર અને ટેરેન્સ લુઈસને એકસાથે લાવ્યા, જેમણે સમગ્ર સિઝન દરમિયાન સ્પર્ધકોને માર્ગદર્શન આપ્યું. જેકી શ્રોફ, તમન્ના ભાટિયા અને સિદ્ધાર્થ મલ્હોત્રા જેવા કલાકારો પણ ખાસ મહેમાનો તરીકે ઉજવણીમાં જોડાયા હતા.

પોતાની જીત વિશે વાત કરતાં, રિતેશ પાલને કહ્યું, "ડાન્સ હંમેશા મારો જુસ્સો રહ્યો છે, અને 'ઈન્ડિયાઝ બેસ્ટ ડાન્સર સીઝન ૫' જીતવું એ એક સ્વપ્ન સાકાર થયું છે." હું સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન સાથે આ સફરનો ભાગ બનવા બદલ મારી જાતને ખૂબ જ ભાગ્યશાળી માનું છું. 'ઈન્ડિયા વાલા ડાન્સ' એ મને મારા કમ્ફર્ટ ઝોનમાંથી બહાર કાઢ્યો અને એક કલાકાર તરીકે વિકાસ કરવામાં મદદ કરી. હું કરિશ્મા મેડમ, જાવેદ સર, ગીતા મા અને ટેરેન્સ સરનો તેમના માર્ગદર્શન માટે આભારી છું, અને ગીતા મા મારા હૃદયની ખૂબ નજીક છે. મારા કોરિયોગ્રાફર, પ્રતિક ઉતેકર સરનો પણ ખાસ આભાર, જેમણે મારામાં વિશ્વાસ કર્યો અને મારી સફરને આકાર આપ્યો. મેં મારા સાથી સ્પર્ધકો પાસેથી પણ ઘણું શીખ્યા. આ ટ્રોફી દરેક પડકારને સાર્થક બનાવે છે.

### વડાપ્રધાનના જન્મદિવસ અંતર્ગત ચાલતા સેવા સંકલ્પ અને સાંસદના જન્મદિવસ નિમિતે

# જામનગરમાં સર્વરોગ નિદાન કેમ્પમાં ૮૫૦૦ લોકોએ લીધો લાભ, ૧૭૨૫ બોટલ રક્ત એકત્ર









જામનગર : તબીબી સારવાર અને વિશેષ સેવાઓ એ હાલના સમયની તાતી માંગ છે, જે જન જનને તંદુરસ્ત અને આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવાનુ બળ પુરૂ પાડી જન જનને એક સુખદ અનુભૂતિનો અહેસાસ કરાવે છે આ બાબતનુ હાર્દ છેવાડાના માનવી સુધી પહોંચાડવાનો દ્રઢ સંકલ્પની આપણને સૌને પ્રેરણા આપનાર વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આ પ્રેરકબળથી જામનગરમાં ૧૨-જામનગર લોકસભાના સંસદસભ્ય પૂનમબેન માડમએ જામનગરમા જાહેર જનતા માટે સર્વરોગ નિદાન સારવારનો નિશુલ્ક મેગા કેમ્પ અને રકતદાન શિબિર નું સુંદર આયોજન કરાયું હતું.

ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ અને મુખ્યમંત્રી તથા પ્રધાનમંત્રી તરીકેના જાહેરજીવનના ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે "સેવા સંકલ્પ અભિયાન" અંતર્ગત નિઃશુલ્ક સર્વરોગ નિદાન મેગા કેમ્પ અને રકતદાન શિબિરનુ જામનગરમાં સંસદસભ્ય પૂનમબેન માડમ દ્વારા અનન્ય આયોજન થયુ હતુ જેનો હજારો દર્દીઓએ લાભ લીધો હતો અને ઓશવાળ સેંટર જામનગર ખાતે આ સુદ્રઢ આયોજનથી મહા "હેલ્થ મેલા" સમાન માહોલ બની રહ્યો હતો કેમકે નિદાન સારવાર અને તમામ દવાઓ વિનામુલ્યે પુરીપાડવાના આ સેવાયજ્ઞનો જામનગર જિલ્લા અને દેવભૂમિ દ્વારકા જિલ્લા ઉપરાંત શહેર ના ૮૫૦૦થી વધુ નાગરીકોએ બહોળી સંખ્યામા લાભ લીધો હતો.

ઓશવાળ સેંટર ખાતે યોજાયેલ રકતદાન શિબિરમાં જામનગર-દેવભૂમિ દ્વારકા જિલ્લાના સેવા ભાવિ નાગરિકો, યુવાનો, મહિલાઓં રકતદાન માટે ઉમટયા હતા, જેમાં ૧૭૨૫ જેટલા રક્તદાતાઓએ રકતદાન કર્યું હતું. જામનગર જી. જી. હોસ્પિટલ અને ખંભાળિયા સિવિલ હોસ્પિટલના બ્લડ બૅંકના સ્ટાફએ રક્ત એકત્ર કરવાની સરાહનીય કામગીરી બજાવી હતી.

તેમજ એકંદરે ડોકટર્સ- પેરામેડીકોઝ- સ્વયંસેવકો- સહયોગીઓ સહિત સૌની પ્રસંશનીય અને સમર્પિત સેવાથી સૌ દર્દીનારાયણએ સેવા અને સંતોષની અનન્ય અનુભૂતિ કરી આ કેમ્પને એક આશીર્વાદ સમાન ગણાવ્યો હતો. આ કેમ્પમાં જનરલ ફિઝીશીયન, કાન- નાક-ગળાના નિષ્ણાંત, આંખ, ચામડી, હાડકા, બાળરોગ, સ્ત્રીરોગ, મગજ અને જ્ઞાનતંતુ, જનરલ રોગો ના રાજકોટ ની સેનરર્જી હોસ્પિટલ, વોકહાર્ટ, સ્ટલ'ગ હોસ્પિટલ તથા જામનગર અને દેવભૂમિ દ્વારકા જીલ્લા ના નામાંકિત નિષ્ણાત અને સર્જન જેવા વિવિધ વિભાગોમાં ૫૦-જેટલા નિષ્ણાંત ડોક્ટરશ્રીઓએ સેવાઓ આપી હતી. બહોળી સંખ્યામાં ઉપસ્થિત દર્દીઓનું નિદાન કરી, નિઃશુલ્ક જરૂરી દવાઓ આપવામાં આવી હતી.

જામનગર અને દેવભૂમિ દ્વારકા અને મોરબી તાલુકા ના આમરણ વિસ્તારની વિવિધ ૨૧૨ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ માટે વોટર પ્યોરીફાયર સાથ્ના વોટર કુલર અને વિવિધ ૪૦ કન્યા છાત્રાલયો તેમજ સેવાભાવી સંસ્થાઓમાં ૨૫૦ આર.ઓ. તથા ૧૩૦ એરકન્ડીશનર સાધનોનું સંસદસભ્ય પૂનમબેન માડમના વહસ્તે લોકાર્પણ કરવામાં આવ્યા હતા જે માટે વિસ્ટા કન્સોલ્સ ઈલેક્ટ્રોનીક્સ પ્રા.લિ. દ્વારા સાંસદ પૂનમબેનની પ્રેરણાથી સામાજિક ફરજના ભાગરૂપે સેવાકીય કાર્ય હાથ ધરાયુ હતુ.

આ પહેલા પણ શાળાઓ, કન્યા છાત્રાલયો અને સંસ્થાઓ માં ૩૨૬ આર.ઓ. કમ વોટર કુલર અને વોટર પ્યુરીફાયર સાધનો આપવામાં આવ્યા છે. બાળકો ડીજીટલ શિક્ષણમાં આગળ વધે તે માટે ૨૦૦ કમ્પુટર સીસ્ટમ આપવામાં આવી છે. અને આપણી દીકરીઓને છાત્રાલયોમાં સારું અને આરામદાયક વાતાવરણ મળે તે માટે ૬૦ એરકન્ડીશનર ની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. સાથે સાથે જરૂરિયાત સમયે લોકોની મદદ માટે એમ્બ્યુલન્સ અને અંતિમયાત્રા માટે બસો પણ સમાજ ને સમર્પિત કરવામાં આવી છે.

આ આયોજનના દિવસે સાંસદ પુનમબેન માડમનો જન્મદિવસ હોવાથી તેઓને શુભેચ્છાઓ આશીર્વાદ આપવા માટે આંણદાબાવા સંસ્થાના સંત દેવપ્રસાદજી મહારાજ, ખિજડા મંદિરના કૃષ્ણમણીજી મહારાજ, સ્વામીનારાયણ મંદિરના સ્વામી ચત્રભુજદાસજી અને પૂ. રસાદરાયજી બાવાશ્રી, સંતોએ તેમના ઉદબોધનમાં પૂનમબેનને આશીર્વચન પાઠવી તેમના સેવા કાર્યોને બિરદાવ્યા હતા. તેમજ આ પ્રંસગે દિલ્હી સ્થિત વિસ્ટા કન્સોલ્સ ઈલેક્ટ્રોનીક્સ પ્રા.લિના પ્રોડક્શન હેડ તુષાર આહ્યા, રીલાયન્સ ગ્રુપ પ્રેસિડેન્ટ ધનરાજભાઈ નથવાણી, જામનગર મેયર મોનિકાબેન વ્યાસ, ધારાસભ્યો રાઘવજીભાઈ પટેલ, મુળુભાઈ બેરા, દિવ્યેશભાઈ અકબરી, મેઘજીભાઈ ચાવડા અને જામનગર જિલ્લા પંચાયત પ્રમુખ રંજનબેન જીવાણી, દેવભૂમિ દ્વારકા જીલ્લા પંચાયત પ્રમુખ ગૌરીબેન હાથીયા, આશાબેન નકુમ-મંત્રી પ્રદેશ ભાજપ, ધનસુખભાઈ ભંડેરી-જામનગર મહાનગર પ્રભારી, ચીમનભાઈ સાપરિયા-પૂર્વ મંત્રી, જામનગર જિલ્લા ભાજપ પ્રમુખ વિનોદભાઈ ભંડેરી, શહેર ભાજપ અધ્યક્ષા બીનાબેન કોઠારી, ધીરેનકુમાર મોનાણી-ચેરમેન સ્ટેન્ડિંગ કમિટી, જામનગર અને દેવભૂમિ દ્વારકા જીલ્લાના જુદી-જુદી સ્થાનીક સ્વરાજ્યની સંસ્થાઓ, જીલ્લા પંચાયત, તાલુકા પંચાયતના સદસ્યો, સરપંચો, નગરપાલિકાઓના ચૂંટાયેલા પદાધિકારીઓ, સંગઠનના હોદ્દેદારો, વિવિધ અનેક સંસ્થાઓ, એન.જી.ઓ. સંગઠનોના હોદેદારો તથા બહોળી સંખ્યામાં શુભેચ્છકો ઉપસ્થિત રહી સાંસદને જન્મદિવસની ઉમળકાભેર શુભેચ્છાઓ પાઠવી હતી, ઉપસ્થિત સૌના ઉત્સાહ અને આશીર્વાદ લાગણીને સંસદસભ્ય પૂનમબેન માડમએ આવકારી સૌનો આભાર પ્રગટ કર્યો હતો.

# જામનગરના ફાયર વિભાગમાં ૧૦ નવા અત્યાધુનિક વાહનોની સુવિધાનું નિરીક્ષણ કરતા મ્યુ. કમિશનર

## ૬૦ મીટર ઊંચાઈ સુધી બચાવ કામગીરી કરી શકે તેવું ટર્ન ટેબલ લેડર વાહન પણ ફાળવાયું



તસવીર: સુનિલ ચુડાસમા



જામનગર : જામનગર મહાનગરપાલિકાના ફાયર અને આપાતકાલીન સેવા વિભાગને વધુ સુસજ્જ અને સક્ષમ બનાવવા માટે મેઈન ફાયર સ્ટેશન ખાતે નવનિર્મિત વાહનો તથા આધુનિક સાધન-સામગ્રીનું મ્યુનિસિપલ કમિશનર દીપેશ કેડિયા દ્વારા નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સિટી એન્જિનિયર તથા ચીફ ફાયર ઓફિસર ભાવેશ જાની ઉપસ્થિત રહ્યા હતા.

શહેરમાં આગ કે અન્ય આપત્તિના સમયે તાકીદે રાહત અને બચાવ કામગીરી હાથ ધરી શકાય તે માટે મહાનગરપાલિકા દ્વારા વિવિધ પ્રકારના કુલ ૧૦ નવા વાહનો વસાવવામાં આવ્યા છે. જયારે ઊંચી ઈમારતોમાં બચાવ કામગીરી માટે રાજ્ય સરકાર દ્વારા ૬૦ મીટર ક્ષમતા ધરાવતું અત્યાધુનિક 'ટર્ન ટેબલ લેડર' વાહન પણ ફાળવવામાં આવ્યું છે.

કમિશનર દીપેશ કેડિયાએ તમામ નવા વાહનોની કાર્યક્ષમતા તથા ક્ષમતાનું જાત નિરીક્ષણ કરી ફાયર વિભાગના અધિકારીઓ પાસેથી જરૂરી માહિતી મેળવી હતી. ત્યારબાદ ફાયર કંટ્રોલ રૂમ ખાતે રાજ્ય સરકારની એકીકૃત આપાતકાલીન સેવા 'ડાયલ ૧૧૨'ની કામગીરીની પણ સમીક્ષા કરવામાં આવી હતી.

નાગરિકો તરફથી મળતા આપાતકાલીન ફોન, તેના પર થતો ત્વરિત પ્રતિસાદ અને વિવિધ વિભાગો વચ્ચેના સંકલન અંગે કમિશનરે વિગતવાર માહિતી મેળવી હતી. તેમણે ફાયર સ્ટાફ સાથે સંવાદ કરી નવા સાધનોની યોગ્ય જાળવણી, ટેકનિકલ જાણકારી તથા ૧૧૨ સેવામાં સમયસૂચકતા અને સત્વર કામગીરી જળવાઈ રહે તે અંગે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

### લોહાણા મહાજન પ્રેરિત અને રઘુવીર સેના આયોજિત

# કટરામાં ચાલતી ભાગવત સપ્તાહમાં શ્રીકૃષ્ણ જન્મોત્સવની ભવ્ય ઉજવણી





દ્વારકા : શ્રી લોહાણા મહાજન પ્રેરિત શ્રી રઘુવીર સેના, દ્વારકા દ્વારા માં વૈષ્ણોદેવીના પવિત્ર ધામ કટરા ખાતે હોટેલ દેવી ગ્રાન્ડમાં આયોજિત 'શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ' અંતર્ગત શ્રીકૃષ્ણ જન્મોત્સવ અત્યંત હર્ષોલ્લાસ અને ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. પૂજ્ય કથા વક્તા શાસ્ત્રી ચેતનભાઈ સુરેશભાઈ સાતા (દ્વારકા વાળા)ના વ્યાસપીઠ પરથી સંગીતમય શૈલીમાં કૃષ્ણ પ્રાગટ્યની કથા વર્ણવતાં જ સમગ્ર કથા મંડપ "નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલ કી"ના ગગનભેદી નારાઓથી ગુંજી ઊઠ્યો હતો. ભગવાન શ્રીકૃષ્ણના બાળસ્વરૂપના દર્શન સાથે માખણ-મિસરીનો અન્નકૂટ અને દિવ્ય પ્રસાદ ધરાવવામાં આવ્યો હતો. આ અલૌકિક ઉત્સવમાં સમસ્ત રઘુવંશી સમાજ સહિત દ્વારકા અને ગુજરાતભરમાંથી આવેલા તમામ યાત્રિકો ભાવવિભોર બનીને રાસ-ગરબે ઝૂમી ઊઠ્યા હતા. મુખ્ય યજમાન ચંદારાણા પરિવાર, શુભેચ્છક દાવડા પરિવાર તેમજ વ્યવસ્થાપક સમિતિના સભ્યોની જહેમતથી સમગ્ર આયોજન અતિ દિવ્ય અને યાદગાર બની રહ્યું હતું.

# સલાયામાં વિઘ્નહર્તા શ્રી ગણેશજીને વિદાય અપાઈ



તસવીર : આનંદ લાલ-સલાયા

સલાયા : સલાયા તળાવને કાંઠે આવેલ પૌરાણીક શ્રી બાલા હનુમાનજી મંદિરમાં વિઘ્નહર્તા એવા શ્રી ગણેશજીની સ્થાપના કરવામાં આવેલ હતી. તેમજ સ્ટેશન રોડ વાલ્મિકી વાસમાં વાલ્મિકી સમાજના પ્રમુખ બચુભાઈ બારીયા પરિવાર દ્વારા પણ ગણેશજીની સ્થાપના કરાઈ હતી. જયાં દરરોજ ભક્તિભાવપૂર્વક પૂજા-અર્ચના કર્યા બાદ આજે ગણેશજીને ભાવભીની વિદાય આપવામાં આવી હતી.

ગણેશ મહોત્સવ દરમિયાન સમગ્ર સલાયા શહેરમાં ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો. દરરોજ વિવિધ ધાર્મિક કાર્યક્રમો, પૂજા-અર્ચના અને દીપ માળા કરવામાં આવતી હતી.ગઈ કાલે વિસર્જનના દિવસે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા અને ગણપતિ બાપ્પાના જયઘોષથી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. વાલ્મિકી સમાજ દ્વારા આયોજિત ગણેશ ઉત્સવમાં ગણેશજીનું વિસર્જન દ્વારકા મુકામે કરાયું હતું.જયારે બાલા હનુમાન મંદિર દ્વારા ગણેશજીનું વિસર્જન સલાયા કોઝવે ખાતે કરાયું હતું. ઢોલ-નગારાના તાલે, ભક્તિગીતો અને ગણપતિ બાપ્પાના જયઘોષ સાથે ગણેશજીની વિસર્જન યાત્રા નીકળી હતી. શ્રદ્ધાળુઓએ ભારે ઉત્સાહ અને ભક્તિભાવ સાથે બાપ્પાને વિદાય આપી હતી.

દશ દિવસ સુધી ભક્તોના ઘરે અને વિવિધ સ્થળોએ બિરાજમાન રહેલા દુંદાળા દેવને વિદાય આપતી વખતે ભક્તોની આંખોમાં ભાવુકતા જોવા મળી હતી. "ગણપતિ બાપ્પા મોરિયા, આવતા વરસે વહેલા આવજો"ના નાદ સાથે ભક્તોએ આગામી વર્ષે ફરી બાપ્પાના આગમનની પ્રાર્થના કરી હતી.

# જામનગર સીટી 'બી' પોલીસના બે હેડ કોન્સ્ટેબલને એએસઆઈ તરીકે બઢતી



જામનગર : જામનગર સીટી 'બી' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ હર્ષદભાઈ એ. પરમાર તથા હેડ કોન્સ્ટેબલ ઓસમાણભાઈ એસ. સુમરાને આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટર (એએસઆઈ) તરીકે બઢતી મળતાં પોલીસ પરિવારમાં ખુશીની લાગણી જોવા મળી હતી. બંને કર્મચારીઓને બઢતી મળવાના પ્રસંગે સીટી 'બી' ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઈ એન.બી. ચૌહાણના માર્ગદર્શન હેઠળ પ્રમોશન પિપિંગ સેરેમની યોજાઈ હતી. જેમાં બંને કર્મચારીઓને એએસઆઈ તરીકેના બેજ લગાવી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે પોલીસ અધિકારીઓ તથા સહકર્મીઓએ હર્ષદભાઈ એ. પરમાર અને ઓસમાણભાઈ એસ. સુમરાને શુભેચ્છાઓ પાઠવી તેમની ઉજ્જવળ કારકિર્દી માટે શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

# જામનગર આઈ.ટી.આઈ. ખાતે 'નશા મુક્ત ભારત અભિયાન' કાર્યક્રમ યોજાયો



જામનગર : ઔદ્યોગિક તાલીમ સંસ્થા, જામનગર ખાતે 'નશા મુક્ત ભારત અભિયાન' અંતર્ગત નશાબંધી અને આબકારી ખાતાના સહયોગથી નશાબંધી નીતિ અંગેના પ્રચાર-પ્રસાર અને જન જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે જીંય શાખાના કુલદીપસિંહ સોઢા તથા નશાબંધી અને આબકારી વિભાગના સબ ઈન્સ્પેક્ટર ઝેડ. એફ. સિંધી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલ વિવિધ નીતિઓ, કાયદાઓ, યોજનાઓ અને અભિયાનો વિશે વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી. આ ઉપરાંત, વ્યસનથી થતા શારીરિક તથા સામાજિક નુકસાન અને બીમારીઓ અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કરી જાગૃત કરવામાં આવ્યા હતા, તેમજ તાલીમાર્થીઓને સમાજમાં અન્ય નાગરિકોને પણ વ્યસનમુક્તિ અંગે જાગ્રત કરવા પ્રોત્સાહિત કરાયા હતા.

કાર્યક્રમના ભાગરૂપે હાજર તાલીમાર્થીઓ માટે એક વિષયાનુકૂળ વક્તૃત્વ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર પ્રથમ ત્રણ વિજેતાઓને પુરસ્કાર આપીને પ્રોત્સાહિત અને સન્માનિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમના અંતમાં, ઉપસ્થિત તમામ તાલીમાર્થીઓ અને સ્ટાફગણ દ્વારા વ્યસનમુક્તિ માટેના શપથ લેવડાવવામાં આવ્યા હતા. ત્યારબાદ સમૂહ રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમનું ઉત્સાહભેર સમાપન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાના આચાર્ય આર. એસ. ત્રિવેદીની અધ્યક્ષતામાં સુચારુ રૂપે પૂર્ણ થયું હતું.

# રાધા નિકેતન સંસ્થા દ્વારા વેલકમ નવરાત્રીની સાથે વિવિધ સ્પર્ધાનું આયોજન

જામનગર : રાધા નિકેતન બહેનો માટેની સંસ્થા દ્વારા 'વેલકમ નવરાત્રિ'નું ભવ્ય આયોજન તા. ૮-૧૦-૨૦૨૬ ના ગુરુવારે સાંજે ૪-૩૦ વાગ્યે મોદી લહાણા મહાજન વાડી, પંચેશ્વર ટાવર, જામનગરમાં કરવામાં આવ્યું છે. અલગ-અલગ વય જુથનાઓ માટે વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી છે, જેમાં પાંચ વર્ષ સુધીના બાળકો માટે ટ્રેડિશનલ, ૫ થી ૧૧ વર્ષમાં વેલડ્રેસ, ફ્રી સ્ટાઈલ, ૧૨ થી ૩૦ વર્ષ માટે વેલડ્રેસ, હીચરાસ, ૩૦ થી ૫૫ વર્ષ માટે ચોકડી, પંચિયા રાસ અને ૫૬ વર્ષથી વધુની વયનાઓ માટે તાળીરાસનું આયોજન કરવામાં આવ્યું છે.

હેર સ્ટાઈલ, બાંધણી, કંડોરા અને પરફેક્ટ મેચિંગ હરિફાઈ માટે ૩૦ રૂપિયાની ફી તેમજ ગેસ્ટ માટે ૧૦૦ રૂપિયા અને મેમ્બર માટે ૫૦ રૂપિયા ફી રાખવામાં આવી છે. જજનો નિર્ણય આખરી રહેશે. રાધા નિકેતનના મેમ્બરે કાર્ડ સાથે લાવવાનું રહેશે. વધુ વિગત માટે શીલાબેન મજીઠિયા મો. ૯૪૨૯૨ ૭૨૬૭૩, મધુબેન રાડિયા મો. ૯૯૦૪૯ ૩૫૯૯૭, નિમુબેન મજીઠિયા મો. ૯૮૨૫૮ ૧૦૯૯૯, કાજલબેન નથવાણી મો. ૯૯૭૮૭ ૩૦૧૬૨, ડિમ્પલબેન દાવડા મો. ૮૨૦૦૦ ૭૦૪૫૮, કોમલબેન દાવડા મો. ૯૭૭૩૨ ૦૪૫૬૩, અથવા શોભનાબેન મણિયાર મો. ૭૩૮૩૯ ૯૫૭૨૮ નો સંપર્ક કરવો.

# ધનકુંવરબાઈસ્વામીની ૩૩મી પુણ્યતિથિની કરશે ઉજવણી

જામનગર : પ.પૂ. શ્રી મહાસતીજી ધનકુંવરબાઈસ્વામી ભક્ત મંડળની યાદી જણાવે છે કે, પ.પૂ. શ્રી મહાસતીજી ધનકુંવરબાઈ સ્વામીની ૩૩મી વાર્ષિક પુણ્યતિથિએ ધનકુંવરબાઈસ્વામી ઉપાશ્રય, વિદ્યાભવનવાળી ગલીમાં ભારદવા વદ ૫ તા. ૧/૧૦/૨૦૨૬ને ગુરૂવારે ધાર્મિક રીતે ઉજવવાનુ નકકી કરેલ છે.

આ પ્રસંગે તેજપ્રકાશ ઉપાશ્રયમાં બીરાજતા શ્રમણ સંઘના સળંગ ૨૯૯ દિવસની આયંબીલની ઉગ્ર તપશ્ચર્યા કરતા પ.પૂ. હઠયોગી શ્રી ધૈર્યમુની મ.સા. તથા સેવાભાવી પૂ. ઋષભમુનિ મ.સા. બીરાજશે અને પ્રાર્થના સવારે ૮:૩૦થી ૯ મોટી સાધુવંદનાની તથા વ્યાખ્યાન સવારે ૯થી ૧૦ ગુણાનુવાદ સભા યોજાશે. તો સર્વે ધર્મપ્રેમી શ્રાવક-શ્રાવિકાઓએ વિશેષ પ્રમાણમાં હાજરી આપી વ્યાખ્યાન તથા દર્શનનો લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે. આ ઉપરાંત બપોરે ૨-૩૦ થી ૫ વાગ્યા સુધી ત્રણ-ત્રણ સામાયિક (માત્ર બહેનો માટે) જાપ, સાંજે ૫-૩૦ વાગ્યે દાતા સ્વ. મનહરલાલ દડિયા પરિવાર (હસ્તે જયદેવીબેન દડિયા) તરફથી બટુક ભોજનનું આયોજન કરવામાં આવ્યું છે. આ તમામ આયોજનમાં ભક્ત મંડળ અને વિવિધ દાતાઓ તરફથી પ્રભાવના અને બહુમાન કરવામાં આવશે. આ તમામ કાર્યક્રમો ધનકુંવરબાઈસ્વામી ઉપાશ્રય, દયારામ લાયબ્રેરીની સામે, ચૌહાણ ફળી, જામનગર ખાતે રાખેલ છે.

આ ઉપરાંત અન્ય વિશેષ કાર્યક્રમોમાં બપોરે ૧૨ વાગ્યે (દાળીયા-મમરાની નિરાંભી આયંબીલ)દાતા સ્વ. વકીલશ્રી દલસુખલાલ મોહનલાલ મહેતા હસ્તે જયશ્રીબેન દલસુખલાલ મહેતા પરિવાર તરફથી દશા શ્રીમાળી વણીક જ્ઞાતીની વાડી, રાજગોર ફળી, જામનગર ખાતે રાખેલ છે.

## સી.સી. રોડની કામગીરીના લીધે ઢીચડાથી વાયુનગર મેઈન રોડ ત્રણ મહિના બંધ

જામનગર : જામનગર મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં. ૬માં ઢીચડા ગામ તરફ જતાં માર્ગ પર સી.સી. રોડની કામગીરી હાથ ધરવામાં આવનાર હોવાથી આ માર્ગ ત્રણ મહિના માટે વાહનવ્યવહાર માટે બંધ મહાનગરપાલિકાના કમિશનર દીપેશ કેડિયાની જાહેર નોટિસ મુજબ, એરફોર્ષ ગેઈટ થી ઢીચડા ગામ તરફ જતા રસ્તા પર સી.સી. રોડનું કામ ચાલુ કરવાનું હોવાથી તા. ૧૬ સપ્ટેમ્બરથી તા. ૧૮ ડિસેમ્બર સુધી આ માર્ગ બંધ રહેશે.

આ સમયગાળા દરમિયાન વાહનચાલકો અને સ્થાનિક રહેવાસીઓ માટે વૈકલ્પિક માર્ગની વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં ઢીચડા ગામથી દ્વારકાધીશ સોસાયટી થઈ બેડી બંદર રીગ રોડ, ઢીચડા ગામથી દરગાહવાળો રોડ તરફ થઈ બેડી બંદર રીગ રોડ તથા વાયુનગર-મુરલીધરનગર મેઈન રોડ પરથી તિરુપતિ-૧ સોસાયટી થઈ રીંગ રોડનો ઉપયોગ કરી શકાશે. મનપાએ સ્થાનિક રહેવાસીઓ તેમજ આ માર્ગનો ઉપયોગ કરતા વાહનચાલકોને કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવા અનુરોધ કર્યો છે. જાહેરનામાનો ભંગ કરનાર સામે બી.પી.એમ.સી. એક્ટની જોગવાઈ મુજબ કાર્યવાહી કરવાની પણ ચેતવણી આપવામાં આવી છે.

## હેપ્પી બર્થ-ડે

# દ્વારકાના પત્રકાર રિશી રૂપારેલિયાનો આજે જન્મદિવસ



દેવભૂમિ દ્વારકા જિલ્લામાં છેલ્લા બે દાયકા જેટલા સમયથી પત્રકારિત્વ ક્ષેત્રે કાર્યરત રાજુ રૂપારેલિયાના પુત્ર, 'દેવભૂમિ ન્યૂઝ' સોશિયલ મીડિયા પ્લેટફોર્મના માધ્યમથી અનેક લોકો સુધી સમાચાર પહોંચાડતા તથા દ્વારકાની જાણીતી 'ગોવર્ધન આર્ટ ગેલેરી'ના સંચાલક રિશી રૂપારેલિયાનો આજે જન્મદિવસ છે.પત્રકારિત્વ ક્ષેત્રે સક્રિય રહી રિશી રૂપારેલિયાએ અત્યાર સુધીમાં અનંત અંબાણી, બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રી (બાગેશ્વર બાબા), લોકપ્રિય ભજન ગાયક હંસરાજ રઘુવંશી, રાજેશ આહિર, 'લાલો' ફિલ્મની કાસ્ટ સહિત અનેક જાણીતી હસ્તીઓના વિશેષ ઈન્ટરવ્યૂ લીધા છે અને તેમના માધ્યમથી મહત્વપૂર્ણ વ્યક્તિઓ તથા વિવિધ ક્ષેત્રની જાણીતી હસ્તીઓ સાથેની વાતચીતને લોકો સુધી પહોંચાડી છે. જન્મદિવસના આ શુભ અવસરે રિશી રૂપારેલિયાને હાર્દિક શુભેચ્છાઓ તથા અભિનંદન. તેઓ જીવનમાં સતત નવી ઊંચાઈઓ સર કરે, સફળતાના નવા શિખરો પ્રાપ્ત કરે અને સુખ, સમૃદ્ધિ, ઉત્તમ સ્વાસ્થ્ય તથા દીર્ઘાયુષ્ય સાથે ઉજ્જવળ ભવિષ્ય પ્રાપ્ત કરે તેવી હાર્દિક શુભકામનાઓ.

# ભારતીય કોસ્ટ ગાર્ડે પારાદીપના દરિયાકાંઠે પલટી ગયેલ વિદેશી કેમિકલ ટેન્કરને બચાવ્યું : ૨૩ લોકોને સુરક્ષિત બહાર કાઢ્યા

## ઓડિશાના પારાદીપ કિનારે ૨૩ ક્રૂ સભ્યોને લઈ જતા અને અસ્થિર બનેલા કેમિકલ ટેન્કરને બચાવી લેવાતા સમુદ્રમાં એક મોટી દુર્ઘટના ટાળી



ઓડિશા

ભારતીય કોસ્ટ ગાર્ડે સોમવારે ઓડિશાના પારાદીપ કિનારે ૨૩ ક્રૂ સભ્યોને લઈ જતા અને અસ્થિર બનેલા એક કેમિકલ ટેક્રરને બચાવીને સમુદ્રમાં એક મોટી દુર્ઘટના ટાળી હતી. મદદ માટેનો સંદેશ (ડિસ્ટ્રેસ કોલ) મળતાં જ ભારતીય કોસ્ટ ગાર્ડ (ICG) સક્રિય થયું અને વિદેશી જહાજને સુરક્ષિત રીતે ખેંચીને (ટો કરીને) લઈ જવામાં આવ્યું.

'X' (અગાઉનું ટ્વિટર) પર એક પોસ્ટમાં ભારતીય કોસ્ટ ગાર્ડે જણાવ્યું હતું કે, "ઈપારાદીપ નજીક MT સીગલ (MT Seagull ૯) તરફથી મળેલા ગંભીર કટોકટીના સંદેશ બાદ, #ICGS વિશ્વાસ્તે ૯,૦૦૦ મેટ્રિક ટન પામ ઓઈલ અને ૨૩ ક્રૂ સભ્યોને લઈ જતા અસ્થિર કેમિકલ ટેક્રરને બચાવવા માટે ઝડપી અને નિર્ણાયક અભિયાન હાથ ધર્યું હતું."

ઓપરેશનની વિગતો આપતા કોસ્ટ ગાર્ડે જણાવ્યું હતું કે, એક વિશેષ 'ડેમેજ કંટ્રોલ ટીમ' જહાજ પર પહોંચી હતી. તેમણે બેલાસ્ટ ટેક્રમાંથી પાણી કાઢવા માટે સબમર્સિબલ પંપનો ઉપયોગ કર્યો અને નમેલા જહાજને સ્થિર કરવા માટે ક્ષતિગ્રસ્ત દરિયાઈ પાઈપલાઈનોને સીલ કરી હતી.

પ્રદૂષણ સામેની કાર્યવાહીને મજબૂત કરવા અને સતત દેખરેખ રાખવા માટે, ICGનું પ્રદૂષણ નિયંત્રણ જહાજ અને ઓફશોર પેટ્રોલ વેસલ (દરિયાઈ પેટ્રોલિંગ જહાજ) પણ તે સ્થળ તરફ રવાના કરવામાં આવ્યા હતા. ICGના ડોર્નિયર વિમાને પુષ્ટિ કરી હતી કે તે વિસ્તારમાં જોવા મળેલું પામ ઓઈલનું પાતળું પડ સંપૂર્ણપણે વિખેરાઈ ગયું હતું. ICGએ કહ્યું, "જહાજ હવે સુરક્ષિત રીતે પારાદીપ તરફ ખેંચાઈ રહ્યું છે. ICGની ટુકડીઓ સતત ચોકીદારી કરી રહી છે—જેથી ૨૪/૭ સુરક્ષા સુનિશ્ચિત કરી શકાય અને આપણા મહાસાગરોનું રક્ષણ થઈ શકે."ભારતીય કોસ્ટ ગાર્ડ એ દેશની દરિયાઈ કાયદા અમલીકરણ એજન્સી છે.

# યુપીઆઇ વ્યવહારો પર ફી વસૂલવાના નિર્ણય પર સ્ટે આપવાનો સુપ્રીમ કોર્ટે ઈનકાર કર્યો

## કેન્દ્ર સરકાર, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા, નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા અને યુપીઆઈ સ્ટીયરિંગ કમિટીને નોટિસ

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે ૨,૦૦૦ થી વધુની યુપીઆઇ ચુકવણી માટે વેપારીઓ પર એમડીઆર (મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ) વસૂલવાના નિર્ણય પર સ્ટે આપવાનો ઈનકાર કર્યો છે. સુપ્રીમ કોર્ટે આ મામલે કેન્દ્ર સરકાર, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા, નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા અને યુપીઆઇ સ્ટીયરિંગ કમિટીને નોટિસ ફટકારી છે અને ચાર અઠવાડિયામાં જવાબ માંગ્યો છે.

૨,૦૦૦ થી વધુની યુપીઆઇ ચુકવણી સ્વીકારતા વેપારીઓ પાસેથી સ્હ્રઈ વસૂલવાના સરકારના નિર્ણયને પડકારતી અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવી હતી. વકીલ અંજન દત્તા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને પૂછ્યું કે શું યુપીઆઇ વ્યવહારો પર વસૂલવામાં આવતો સ્હ્રઈ ફી, ટેક્સ છે કે બીજું કંઈક.

અંજન દત્તા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં ૧૪ ડિસેમ્બરે જારી કરાયેલ નોટિફિકેશન અને ૧૫ સપ્ટેમ્બરે જારી કરાયેલ એમડીઆર ફ્રેમવર્કને રદ કરવાની માંગ કરવામાં આવી છે. અરજીમાં જણાવાયું છે કે સરકારે આ નિર્ણય પૂરતા કાનૂની આધાર વિના લીધો છે. આ મામલે, મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની આગેવાની હેઠળની બેન્ચે કેન્દ્ર સરકાર, ભારતીય રિઝર્વ બેંક, રાષ્ટ્રીય ચુકવણી કોર્પોરેશન ઓફ ઈન્ડિયા અને યુપીઆઇ સ્ટીયરિંગ કમિટીને નોટિસ ફટકારી છે. હકીકતમાં, કેન્દ્ર સરકારે વેપારીઓને ૨,૦૦૦ થી વધુના યુપીઆઇ વ્યવહારો પર ૦.૪ ટકા એમડીઆર મંજૂર કર્યો હતો.

# સરકાર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ માટે સગીરો સંબંધિત ભારતીય કાયદાઓનું પાલન ફરજિયાત બનાવે :સુપ્રીમ કોર્ટ

## સર્વોચ્ચ અદાલતે સરકારને ૧૮ વર્ષની ઓછામાં ઓછી ઉંમરના માટે નિયમો બનાવવાની શક્યતા તપાસવા કહ્યું

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને સગીરો સંબંધિત ભારતીય કાયદાઓનું પાલન કરવા માટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મને જરૂરી કાયદાકીય નિયમોનો ભાગ બનાવવાનું વિચારવા કહ્યું છે. દેશની સર્વોચ્ચ અદાલતે ખાસ કરીને સરકારને ૧૮ વર્ષની ઓછામાં ઓછી ઉંમરના નિયમો બનાવવાની શક્યતા તપાસવા કહ્યું હતું, જેથી સગીરો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ સાથે સ્વતંત્ર રીતે કરાર કરી ન શકે.

ન્યાયાધીશ જોયમલ્યા બાગચીએ ટિપ્પણી કરી હતી કે આ પદ્ધતિ ફક્ત માર્ગદર્શિકા સુધી મર્યાદિત ન હોવી જોઈએ. તેમણે કેન્દ્રને મધ્યસ્થી નિયમો હેઠળ તેને વૈધાનિક સ્વરૂપ આપવાની શક્યતા પર વિચાર કરવા કહ્યું હતું.

ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની આગેવાની હેઠળની બેન્ચે સંકેત આપ્યો હતો કે કેન્દ્રએ સગીરોના રક્ષણ સંબંધિત આવી પદ્ધતિને ફક્ત વહીવટી માર્ગદર્શિકાને બદલે મધ્યસ્થી નિયમો હેઠળ વૈધાનિક આધાર આપવાનું ગંભીરતાથી વિચારવું જોઈએ. સુનાવણી દરમિયાન, જસ્ટ રાઈટ્સ ફોર ચિલ્ડ્રન એલાયન્સનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ એચ.એસ. ફૂલકાએ દલીલ કરી હતી કે સગીરો દ્વારા કરવામાં આવેલા કરારો હાલના કાયદા હેઠળ પહેલાથી જ અમાન્ય

# મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે મહારાષ્ટ્રમાં પ્રથમ સ્ટીલ બ્રિજનું સફળતાપૂર્વક લોન્ચિંગ કરવામાં આવ્યું

મુંબઈ,

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અંતર્ગત મહારાષ્ટ્રના થાણે જિલ્લામાં ભિવંડીના દિવે-અંજુર ગામ નજીક NH-3 (નાશિક હાઈવે) ઉપર ૧૦૦ મીટર લાંબો અને ૧,૪૦૫ મેટ્રિક ટન વજન ધરાવતો સ્ટીલ બ્રિજ સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યો છે.

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે મહારાષ્ટ્રમાં પૂર્ણ કરવામાં આવેલો આ પ્રથમ સ્ટીલ બ્રિજ છે.

આ બ્રિજની એક મહત્વપૂર્ણ વિશેષતા એ છે કે તેનું નિર્માણ લોન્ચિંગ સ્થળથી લગભગ ૧,૩૦૦ કિલોમીટર દૂર તમિલનાડુના ત્રિચી ખાતે આવેલી



**મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન કોરિડોરમાં કુલ ૨૮ સ્ટીલ બ્રિજ પ્રસ્તાવિત છે, જેમાંથી ૧૬ સ્ટીલ બ્રિજનું બાંધકામ પૂર્ણ**

વર્કશોપમાં કરવામાં આવ્યું છે. તૈયાર સ્ટીલ માળખાને ટ્રેલર્સ દ્વારા મહારાષ્ટ્ર લાવવામાં આવ્યું અને સાઈટ પર તેનું એસેમ્બલી કરીને સ્થાપન કરવામાં આવ્યું.

આ માત્ર એક સ્થળે તૈયાર કરીને બીજા સ્થળે સ્થાપિત કરવામાં આવેલું સ્ટીલ માળખું નથી, પરંતુ દેશના જટિલ અને અદ્યતન ઈન્ફ્રાસ્ટ્રક્ચર માળખાના નિર્માણ અને સપ્લાયમાં ભારતની વધતી સ્વદેશી ક્ષમતાનું ઉદાહરણ છે.

બ્રિજના નિર્માણમાં ડિઝાઈન, ડ્રોઈંગ અને નિર્ધારિત ટેકનિકલ ધોરણો અનુસાર ચોકસાઈપૂર્વક કટિંગ, ડ્રિલિંગ, વેલ્ડિંગ અને પેઈન્ટિંગનું કાર્ય કરવામાં આવ્યું.

સ્ટીલની દરેક પ્રોડક્શન બેચનું અલ્ટ્રાસોનિક ટેસ્ટિંગ (UT) કરવામાં આવ્યું. વેલ્ડર અને સુપરવાઈઝર્સને આંતરરાષ્ટ્રીય વેલ્ડિંગ નિષ્ણાતો દ્વારા પ્રમાણિત કરવામાં આવ્યા.

# વિનય કુમારે બિહારના ડીજીપી પદેથી સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી

## મુખ્ય માહિતી કમિશનર તરીકે નવી જવાબદારી સંભાળી

પટના,

બિહારના પોલીસ મહાનિર્દેશક (DGP) વિનય કુમારે ડિસેમ્બરમાં નિર્ધારિત નિવૃત્તિ પહેલાં જ સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી છે. રાજ્ય સરકારે આ વરિષ્ઠ IPS અધિકારીની સ્વૈચ્છિક નિવૃત્તિનો તાત્કાલિક અસરથી સ્વીકાર કર્યો છે.

રાજ્યના ગૃહ વિભાગની સૂચના અનુસાર, ૧૯૯૧ની બેચના IPS અધિકારી કુમારે ૨૫ સપ્ટેમ્બરે સ્વૈચ્છિક નિવૃત્તિ માટે અરજી કરી હતી. સ્વૈચ્છિક નિવૃત્તિ માટે જરૂરી ત્રણ મહિનાના નોટિસ પિરિયડના નિયમમાં છૂટછાટ આપીને તેમની વિનંતી સ્વીકારવામાં આવી હતી. કુમાર તાજેતરમાં સ્વાસ્થ્યના કારણોસર રજા પર હતા. અન્યથા, બિહારના DGP તરીકેનો તેમનો કાર્યકાળ ડિસેમ્બરમાં તેમની નિવૃત્તિ સાથે સમાપ્ત થવાનો હતો.

વિનય કુમાર મુખ્ય માહિતી કમિશનર તરીકે નિયુક્ત


સ્વૈચ્છિક નિવૃત્તિ બાદ, કુમારની બિહારના મુખ્ય માહિતી કમિશનર તરીકે પણ નિમણૂક કરવામાં આવી છે.

સામાન્ય વહીવટ વિભાગની એક અલગ સૂચનામાં જણાવાયું છે કે કુમાર પદ સંભાળવાની તારીખથી મુખ્ય માહિતી કમિશનરનો હોદ્દો સંભાળશે.

એ નોંધવું મહત્વપૂર્ણ છે કે આ નિમણૂક ત્યારે થઈ છે જ્યારે કુમાર બિહારના DGP તરીકે સેવા આપ્યા બાદ રાજ્ય પોલીસના નેતૃત્વમાંથી બહાર આવી રહ્યા છે. તેમની નવી જવાબદારી રાજ્યના માહિતી આયોગમાં હશે.

# સુપ્રીમ કોર્ટે દિલ્હી-એનસીઆરમાં થયેલા ગેંગરેપ કેસોની સુઓમોટો નોંધ લીધી

## સુપ્રીમ કોર્ટે દિલ્હી-એનસીઆરમાં તાજેતરના બળાત્કારના બનાવો પર ગંભીર ચિંતા વ્યક્ત કરી



નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે દિલ્હી-એનસીઆરમાં તાજેતરના બળાત્કારના કેસ અને દિલ્હીમાં ચાલતી સ્લીપર બસમાં સગીરા પર થયેલા જાતીય હુમલાના કેસોની સ્વતઃ નોંધ લીધી છે. આ કેસ પર ટિપ્પણી કરતા, સુપ્રીમ કોર્ટે કહ્યું કે ૨૦૧૨ ના નિર્ભયા કેસ સાથે પીડાદાયક સમાનતા દર્શાવવાનો પ્રતિકાર કરવો મુશ્કેલ છે. કોર્ટે દિલ્હી-એનસીઆરમાં તાજેતરના બળાત્કારના બનાવો પર ગંભીર ચિંતા વ્યક્ત કરી. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે આ ઘટનાઓ મૂળભૂત જાહેર સલામતી સુનિશ્ચિત કરવામાં કાયદા અમલીકરણ એજન્સીઓ અને જાહેર વહીવટી અધિકારીઓની પ્રણાલીગત નિષ્ફળતાને સ્પષ્ટપણે પ્રકાશિત કરે છે. કોર્ટે જણાવ્યું હતું કે જાહેર સ્થળોએ નાગરિકો, ખાસ કરીને મહિલાઓ અને બાળકોની સલામતી સુનિશ્ચિત કરવી એ વહીવટની મૂળભૂત જવાબદારી છે. તાજેતરની ઘટનાઓ આ જવાબદારી નિભાવવા અંગે ગંભીર પ્રશ્નો ઉભા કરે છે.

કોર્ટે જણાવ્યું હતું કે આવા કિસ્સાઓ કાયદા અમલીકરણ એજન્સીઓની પ્રણાલીગત નિષ્ફળતા દર્શાવે છે. ન્યાયાધીશ જેબી પારડીવાલા અને કે વિનોદ ચંદ્રનની બેન્ચે જણાવ્યું હતું કે આ ઘટનાને ૨૦૧૨ ની નિર્ભયા ઘટના સાથે સરખામણી કર્યા વિના અવગણી શકાય નહીં. બેન્ચે કહ્યું, "દિલ્હી-એનસીઆરમાં બળાત્કારના કેસોના અહેવાલો સ્પષ્ટપણે દર્શાવે છે કે કાયદા અમલીકરણ અને જાહેર વહીવટી એજન્સીઓ લોકોની મૂળભૂત સલામતી સુનિશ્ચિત કરવામાં નિષ્ફળ ગઈ છે.

# શિયાળા દરમિયાન રાજધાની દિલ્હીમાં પ્રદૂષણને રોકવા માટે બાંધકામ પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ

## ૧ નવેમ્બરથી દિલ્હીમાં સરકારી અને બિન-સરકારી કચેરીઓમાં ઘરેથી કામ કરવાનો આદેશ

નવીદિલ્હી,

શિયાળા દરમિયાન દિલ્હીમાં પ્રદૂષણને ધ્યાનમાં રાખીને, દિલ્હી સરકારે અનેક મોટા નિર્ણયો લીધા છે. સરકારે ૧ નવેમ્બર, ૨૦૨૬ થી ૩૧ જાન્યુઆરી, ૨૦૨૭ સુધી ધૂળ ફેલાવતી ડિમોલિશન અને બાહ્ય સિવિલ બાંધકામ પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂક્યો છે. ૧૦ ડિસેમ્બર, ૨૦૨૬ થી ૨૦ જાન્યુઆરી, ૨૦૨૭ સુધી બાંધકામ અને ડિમોલિશન પ્રવૃત્તિઓ પર સંપૂર્ણપણે પ્રતિબંધ રહેશે.

સરકારી આદેશ અનુસાર, ૧ નવેમ્બરથી દિલ્હીમાં સરકારી અને બિન-સરકારી કચેરીઓમાં ઘરેથી કામ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. સરકારી અને ખાનગી કચેરીઓમાં કામ કરતા કર્મચારીઓની સંખ્યામાં ૫૦% ઘટાડો કરવામાં આવશે. ૧ નવેમ્બરથી ૨૮ ફેબ્રુઆરી સુધી, ૫૦% કર્મચારીઓ ઘરેથી અને ૫૦% ઓફિસમાંથી કામ કરશે.

દિલ્હી સરકારે ૧ નવેમ્બરથી ૨૮ ફેબ્રુઆરી સુધી ઓફિસના સમયમાં ફેરફાર કરવાનો પણ નિર્ણય લીધો છે.એમસીડી હેઠળની ઓફિસો સવારે ૮:૩૦ થી સાંજે ૫:૦૦ વાગ્યા સુધી કાર્યરત રહેશે, જ્યારે પ્દ્રઞ્હ હેઠળની ઓફિસો સવારે ૧૦:૦૦ થી સાંજે ૬:૩૦ વાગ્યા સુધી કાર્યરત રહેશે.

# તમિલનાડુ સરકાર મહિલાઓને વ્યવસાય માટે રૂ.૧૦ લાખથી ૫ કરોડ સુધીની લોન આપશે

## ધારાસભ્યોને તેમના મતવિસ્તારમાં ૧૦ મહિલાઓને લોન અપાવવા માટે લક્ષ્યાંક અપાયો

ચેન્નાઈ,

તમિલનાડુમાં જે મહિલાઓ પોતાનો વ્યવસાય શરૂ કરવા અથવા વિસ્તારવા માંગે છે તેઓ નવી રાજ્ય યોજના હેઠળ ૧૦ લાખથી ૫ કરોડ સુધીની લોન માટે અરજી કરી શકે છે. આ યોજનાનો હેતુ બેંકો અને નાણાકીય સંસ્થાઓ તરફથી મહિલાઓને નાણાકીય સહાય મેળવવાની સુવિધામાં સુધારો કરવાનો છે. સરકારે ધારાસભ્યોને રાજ્યના ૨૩૪ વિધાનસભા મતવિસ્તારોમાંથી "વેટ્રી મગાલિર થોઝિલમુનાઈવોર મેમ્બટ્ટુ થિટ્ટમ" માટે ૧૦ સંભવિત મહિલા ઉદ્યોગસાહસિકોને ઓળખવા કહ્યું છે. આના પરિણામે ૨,૩૪૦ સંભવિત અરજદારોનો પ્રારંભિક સમૂહ બની શકે છે. આ લોન તમિલનાડુ ઈન્ડસ્ટ્રિયલ ઈન્વેસ્ટમેન્ટ કોર્પોરેશન દ્વારા પૂરી પાડવામાં આવશે. તેઓ ૯.૯૫ ટકા વાર્ષિક વ્યાજ દર (ઘટાડતા બેલેન્સના આધારે ગણતરી) વહન કરશે, અને દેવાદારોને તેમને ચૂકવવા માટે નવ વર્ષ સુધીનો સમય મળશે.

ધારાસભ્યોને તેમના મતવિસ્તારમાં એવી મહિલાઓને ઓળખવા માટે કહેવામાં આવ્યું છે જેમની પાસે વ્યવસાય શરૂ કરવાની ક્ષમતા છે અને જેઓ ધિરાણ મેળવવામાં રસ ધરાવે છે. તેઓ ચકાસણી માટે ઉદ્યોગ વિભાગને સંભવિત અરજદારોની પ્રોફાઈલ સબમિટ કરશે.

આ યોજના હેઠળ સહાય માટે ઉમેદવારોને શોર્ટલિસ્ટ કરતા પહેલા અધિકારીઓ તેમની પાત્રતા અને અન્ય માપદંડોનું મૂલ્યાંકન કરશે. આ ઓળખ પ્રક્રિયાનો હેતુ મુખ્ય શહેરો અને સ્થાપિત ઔદ્યોગિક કેન્દ્રોની બહારના વિસ્તારો સહિત સમગ્ર તમિલનાડુના અરજદારોને શામેલ કરવાનો છે. સરકારે ધારાસભ્યોને રાજ્યના ૨૩૪ વિધાનસભા મતવિસ્તારોમાંથી દરેકમાં ૧૦ મહિલાઓને ઓળખવા કહ્યું છે જે વ્યવસાય શરૂ કરવામાં રસ ધરાવે છે. આનાથી ૨,૩૪૦ સંભવિત અરજદારોનો પ્રારંભિક સમૂહ બની શકે છે.

# સિંધુ સંધિ પર યુદ્ધની ધમકીઓથી ભારત ડરશે નહીં, ભૂતપૂર્વ પાકિસ્તાની હાઈ કમિશનરે સત્ય સ્વીકાર્યું

## ભૂતપૂર્વ પાકિસ્તાની રાજદ્વારી અબ્દુલ બાસિતે શાહબાઝ સરકારને કાશ્મીર અને સિંધુ જળ સંધિ પર પોતાનું વલણ બદલવા કહ્યું

ઈસ્લામાબાદ,

ભૂતપૂર્વ પાકિસ્તાની રાજદ્વારી અબ્દુલ બાસિતે શાહબાઝ સરકારને કાશ્મીર અને સિંધુ જળ સંધિ પર પોતાનું વલણ બદલવા કહ્યું છે. તેમણે કહ્યું કે પાકિસ્તાન સિંધુ જળ સંધિ અંગે ભારતને ધમકી આપે છે, પરંતુ તે ધમકીઓનો ભારત પર કોઈ પ્રભાવ પડશે નહીં. યુએનમાં સામાન્ય ચર્ચાને સંબોધતા, શાહબાઝ શરીફે જણાવ્યું હતું કે સિંધુ નદી પ્રણાલીના વહેંચાયેલા પાણી "માત્ર પાકિસ્તાનના લોકો માટે જ નહીં પરંતુ સમગ્ર પ્રદેશ માટે જીવનરેખા" છે, અને હાલની સંધિને સ્થગિત કરવાના ભારતના એકપક્ષીય નિર્ણયનો "કોઈ કાનૂની આધાર નથી".

પાકિસ્તાને વારંવાર સિંધુ જળ સંધિને સ્થગિત કરવાના ભારતના નિર્ણયને "યુદ્ધનું કૃત્ય" ગણાવ્યું છે. આ અંગે પ્રતિક્રિયા આપતા, અબ્દુલ બાસિતે કહ્યું, "શહબાઝ શરીફ ચોક્કસપણે સિંધુ જળ સંધિ પર બોલી રહ્યા છે, પરંતુ ભારત જે કરવાનું છે તે કરશે." નવી દિલ્હીમાં પાકિસ્તાનના ભૂતપૂર્વ હાઈ કમિશનર અબ્દુલ બાસિતે જણાવ્યું હતું કે સિંધુ નદી પ્રણાલી "જીવનરેખા" છે.

અબ્દુલ બાસિતે કહ્યું કે તેમના છેલ્લા યુએન ભાષણમાં, શાહબાઝ શરીફે કહ્યું હતું કે પાણી રોકવાનું કોઈપણ પગલું યુદ્ધનું કૃત્ય હશે, પરંતુ આ વખતે તેમણે તેના પર વધુ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. શાહબાઝ શરીફે ગયા વર્ષે કહ્યું હતું કે સંધિનું કોઈપણ ઉલ્લંઘન યુદ્ધ ગણાશે, પરંતુ આ વખતે તેમણે કહ્યું કે પાણી રોકવું કે વાળવું એ યુદ્ધ ગણાશે.

અબ્દુલ બાસિતે કહ્યું, "પાણીના ડાયવર્ઝનની વાત કરીએ તો, તાજેતરમાં જ ખબર પડી છે કે ૧૧-૧૨ કિલોમીટરની લિંક બનાવવામાં આવી રહી છે, જે ચિનાબ નદીને બિયાસ નદી સાથે જોડે છે. તેથી, હું હજુ પણ માનું છું કે ભારત પાસે સિંધુ જળ સંધિ અંગે લાંબા ગાળાની યોજના છે. તેથી, ભલે તમે સિંધુ જળ સંધિ પર તમારી સ્થિતિ સ્પષ્ટ કરી દીધી હોય, પણ તમારી પાસે તેના પર અલગ વ્યૂહરચના હોવી જોઈએ. મને નથી લાગતું કે આ ધમકીઓનો ભારત પર કોઈ પ્રભાવ પડશે. ભારત તે પ્રોજેક્ટ્સ પર ઝડપથી કામ કરી રહ્યું છે જે તેણે પહેલાથી જ શરૂ કર્યા છે."

શાહબાઝ શરીફે આ વખતે યુએનમાં કાશ્મીર મુદ્દો પણ ઉઠાવ્યો. આ અંગે બોલતા અબ્દુલ બાસિતે કહ્યું કે શાહબાઝનું નિવેદન કે તેમને કાશ્મીરીઓ માટે રાજકીય અને નૈતિક સમર્થન છે તે દાયકાઓથી તેમનું વલણ રહ્યું છે. પાકિસ્તાને તેમાં કોઈ ફેરફાર કર્યો નથી, કે તેણે કોઈ નવી વાર્તા શરૂ કરી નથી.

# ભારતને નવો રૂટ મળ્યો, ૭૩૦ કિલોમીટર લાંબી ચાબહાર-ઝાહેદાન રેલ્વે લાઈન પર કામ પૂર્ણ

## ભારત માટે લગભગ એક દાયકાથી અટકેલી આશાઓ ફરી જીવંત થઈ

નવીદિલ્હી,

ભારતને અફઘાનિસ્તાન સુધી પહોંચવા માટે એક નવો રૂટ મળ્યો છે. ચાબહાર-ઝાહેદાન રેલ્વે લિંક, જેને ઈરાને પૂર્ણ જાહેર કરી છે, આગામી ત્રણથી ચાર મહિનામાં ખુલવાની તૈયારીમાં છે. આ જાહેરાત સાથે, ભારત માટે લગભગ એક દાયકાથી અટકેલી આશાઓ ફરી જીવંત થઈ છે, જેના કારણે આગામી દિવસોમાં માત્ર અફઘાનિસ્તાન જ નહીં, પરંતુ મધ્ય એશિયા અને પૂર્વી રશિયામાં પણ માલસામાનની અવરજવર ઘણી સરળ બની ગઈ છે.

ઈરાને ૭૩૦ કિલોમીટર લાંબી ચાબહાર-ઝાહેદાન રેલ્વે લાઈન પર કામ પૂર્ણ કરવાની જાહેરાત કરી છે. ભારત માટે, આ માત્ર પડોશી અફઘાનિસ્તાન, મધ્ય એશિયા અને રશિયા માટે એક નવો માર્ગ નથી, પરંતુ તે એક વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ માર્ગ પણ સાબિત થશે. ઈરાની શહેર ઝાહેદાન માત્ર ઈરાન-અફઘાનિસ્તાન સરહદ પર જ નથી પરંતુ પાકિસ્તાનની સરહદ પણ છે, જે માર્ગને બાયપાસ કરવા માટે ભારત રાહ જોઈ રહ્યું હતું.




અહેવાલો અનુસાર, આ પ્રોજેક્ટ વર્ષોથી કામમાં છે, અને ત્રણથી ચાર મહિનામાં તેનું સંચાલન શરૂ થવાથી ભારત અને હિંદ મહાસાગર ક્ષેત્રના દેશો માટે મધ્ય એશિયાના તે બધા દેશોમાં મુસાફરી સરળ બનશે જે જમીનથી ઘેરાયેલા છે અને સમુદ્રથી ઘેરાયેલા નથી.

ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાન બ્રિક્સ સમિટ માટે ભારતની મુલાકાતે આવ્યા હતા અને તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષીય મુદ્દાઓ પર વાટાઘાટો કરી હતી. આ સમયગાળા દરમિયાન, ઈરાનના ચાબહાર બંદર પર ભારતના અધિકારોનું રક્ષણ પણ ચર્ચા માટેનો મુખ્ય એજન્ડા મુદ્દો હતો. ચાબહાર-ઝાહેદાન રેલ્વે લિંક એ જ પ્રોજેક્ટનો સિલસિલો છે.

# જામનગર-દ્વારકા જિલ્લામાં કરોડના વીજ બિલના બાકી નાણાંની વસૂલાત કરવા પીજીવીસીએલની મેગા ડ્રાઈવ






તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ (પીજીવીસીએલ) દ્વારા જામનગર તથા દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વીજ બિલની બાકી રકમની વસૂલાત માટે વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જેને લઈ જામનગર શહેરના અમુક વિસ્તારમાં આજ સવારથી વિજ તંત્રની ટીમો ત્રાટકી છે અને વિજચોરી અંગે ચકાસણી હાથ ધરવામાં આવતાં વિજચોરોમાં દોડધામ મચી જવા પામી છે. આ ઉપરાંત દ્વારકા જિલ્લામાં પણ વિજતંત્ર દ્વારા આજ સવારથી ચોરી પકડી પાડવા મેગા ડ્રાઈવ હાથ ધરવામાં આવી છે.

## બંને જિલ્લાના કુલ ૯૪,૨૮૩ જેટલા ગ્રાહકો પાસેથી રૂ. ૩૪.૪૪ કરોડની બાકી રકમ વસુલવા આજ સવારથી જામનગરના અમુક વિસ્તારમાં ચેકિંગ હાથ ધરાતાં વિજ ચોરોમાં ફફડાટ

પીજીવીસીએલ જામનગર વર્તુળ કચેરી દ્વારા જણાવાયા મુજબ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના સપ્ટેમ્બર-૨૦૨૫ દરમિયાન વીજ બિલ પેટે કુલ ૯૪,૨૮૩ જેટલા બાકીદારો પાસેથી રૂ. ૩૪.૪૪ કરોડ જેટલી રકમ વસૂલવાની બાકી છે. આ બાકી રકમની વસૂલાત માટે હાલમાં અસરકારક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

વીજ બાકીદારો સામે કાર્યવાહી કરવા માટે જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કુલ ૩૮ પેટા વિભાગીય કચેરીઓમાં વિશેષ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કામગીરી માટે કુલ મળીને અંદાજે ૪૦૦ ટીમો કાર્યરત કરવામાં આવી છે. બાકી વીજ બિલની રકમ સમયસર ભરપાઈ ન કરનાર ગ્રાહકોના વીજ જોડાણ નિયમોનુસાર કાપવાની કાર્યવાહી પણ કરવામાં આવશે.

## મેઘપરમાંથી ગાંજાના જથ્થા સાથે ઝડપાયેલા આરોપી આઠ દિવસના રિમાન્ડ પર

### અઠવાડિયામાં ૧ કિલો ગાંજો વેંચી નાખ્યાનું ખૂલ્યું : અન્ય બેની શોધખોળ

જામનગર : જામનગરના મેઘપર ગામમાં ભાડાની ઓરડીમાં ચાલતા ગાંજાના વેચાણનો પોલીસે પર્દાફાશ કર્યા બાદ એક બિહારી શખ્સને દબોચી લીધો હતો જેને રિમાન્ડની માંગ સાથે કોર્ટમાં રજુ કરાતા ૮ દિવસના રિમાન્ડ મંજૂર થયા છે. બીજી બાજુ પોલીસની પ્રાથમીક તપાસમાં આરોપીના સગા ભાઈ અને બિહારના સપ્લાયર સહિતના બે શખ્સોની સંડોવણી સામે આવતા તેને ફરાર જાહેર કરી તપાસ અન્ય રાજ્યમાં લંબાવવામાં આવી છે.

મેઘપર ગામે ભાડાની ઓરડીમાં રહેતા સુનિલકુમાર રામબાબુ રાય (રહે હાલ મેઘપર ગામ, કેશુભા કંચવાના મકાનમા આવેલ આર.ઓ. પ્લાન્ટ પાસેની ઓરડીમાં મુળ, મૌરા બુઝુર્ગ ગામ, બિહાર) ને રૂ.૨ લાખની કિંમતનો ૪ કિલો નશીલા પદાર્થ ગાંજાના જથ્થા સાથે પકડી પાડ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં તેના ભાઈ એવા આરોપી સુજીતકુમાર રામબાબુ રાય (રહે. હાલ મેઘપર ગામ, મૂળ મૌરા બુઝુર્ગ ગામ,બિહાર) અને જથ્થો સપ્લાય કરનાર તરીકે મોનુ (રહે. બહુઆરા, બિહાર)નું નામ ખુલતા તેને ફરારી જાહેર કરાયો છે.

આરોપી સુનિલકુમાર અને સુજીતકુમાર વતનમાં ગયા અને બહુઆરા ગામમાં રહેતા મોનુને મળ્યા હતા અને તેની પાસેથી રૂ. ૨૦ હજારની કિંમતનો પાંચ કિલો ગાંજો ખરીધ્યો હતો. બાદમાં તા.૨૩/૯ ના રોજ આ ગાંજો લઈ વેચાણ કરવા માટે મેઘપરમાં આવ્યા બાદ મજુરોને છુટક વેચાણ કરતા હતા. એક કિલો ગાંજાનુ છુટક વેચાણ થયા બાદ પોલીસને જાણ થતાં સમગ્ર પ્રકરણ ઉઘાડું પડ્યું હતું. હાલ આરોપી સુનિલકુમારની ધરપકડ બાદ તે ૮ દિવસના રિમાન્ડ હેઠળ છે. જ્યારે ફરાર આરોપીઓની શોધખોળ ચાલી રહી છે.

## જોડિયાના જશાપર ગામના ખેડૂતે રૂ.૨૯ લાખ સામે ૮૦.૮૮ લાખ ચૂકવ્યા છતાં વ્યાજખોરોની ધમકી

### લતીપુરના બે વ્યાજખોરોએ ખેડૂત પાસે સોનાની વીંટી અને જમીનના કાગળો લઈ ધમકી આપતા મામલો પહોંચ્યો પોલીસમાં

જામનગર : જોડિયા તાલુકાના જશાપર ગામના ૫૬ વર્ષીય ખેડૂતે લતીપર ગામના બે શખ્સો સામે લાયસન્સ વિના નાણાં ધીરધાર કરી ઊંચા વ્યાજે રકમ વસૂલવા તેમજ ધાકધમકી આપ્યાની ફરિયાદ નોંધાવી છે.

પ્રાપ્ત વિગત મુજબ ફરિયાદી નરભેરામ ડાયાભાઈ પનારા ખેતીકામ કરે છે. વર્ષ ૨૦૨૩માં પુત્રના લગ્ન તથા રાજકોટમાં મકાન ખરીદવા માટે નાણાંની જરૂર પડતાં લતીપરના જનકભાઈ જીલુભાઈ ડાંગર પાસેથી પ્રથમ રૂ.૫ લાખ ૩ ટકા માસિક વ્યાજે લીધા હતા. તેના બદલામાં બેંકનો કોરો ચેક આપ્યો હતો. બાદમાં વધુ રૂ.૭ લાખ અને ત્યારપછી રૂ.૮ લાખ લઈ કુલ રૂ.૨૦ લાખ લીધા હતા અને અલગ અલગ કોરા ચેક આપ્યા હતા.

ફરિયાદીનો આક્ષેપ છે કે, રૂ.૨૦ લાખની મૂળ રકમ સામે વર્ષો દરમિયાન વ્યાજ પેટે કુલ રૂ.૧૦.૮૯ લાખ ચૂકવ્યા હોવા છતાં વધુ વ્યાજની માંગણી કરવામાં આવી હતી. વર્ષ ૨૦૨૫ માં જ રૂ.૩૬ લાખ જેટલું વ્યાજ રોકડમાં તથા રૂ.૫૮ હજાર ગુગલ પે મારફતે ચૂકવ્યા છે. તેમજ વર્ષ ૨૦૨૬માં પાંચ મહિના દરમિયાન રૂ.૨૦ લાખ જેટલું વ્યાજ ચૂકવ્યું હોવાનો તથા ત્રણ સોનાની વીંટી અને જમીનની ખાતાવહી પણ લઈ લેવાયાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

દરમિયાન બીજા આરોપી રાહુલભાઈ બચુભાઈ ડાંગર પાસેથી પણ ફરિયાદીએ રૂ.૯ લાખ ૩ ટકા માસિક વ્યાજે લીધા હતા. તેના બદલામાં સેન્ટ્રલ બેંકના કોરા ચેક આપ્યા હતા. ફરિયાદ મુજબ, આ રકમના વ્યાજ પેટે આશરે રૂ.૩.૫ લાખ ગુગલ પે તથા રોકડમાં ચૂકવ્યા બાદ મૂળ રકમ પણ પરત કરી દેવામાં આવી હતી.

ત્યારબાદ વર્ષ ૨૦૨૬માં ફરી રૂ.૯ લાખ લીધા હોવાનું અને આરોપીએ વ્યાજ વધ્યું હોવાનું કહી એક દિવસના રૂ.૨૦ હજાર લેખે ત્રણ મહિના સુધી કુલ રૂ.૧૮ લાખ વ્યાજ તરીકે વસૂલ્યાનો ફરિયાદમાં આક્ષેપ છે.

વધુ પરિવારના સભ્યોને નુકસાન પહોંચાડવાની ધમકી આપી વધુ રકમની ઉઘરાણી કરવામાં આવી હતી તેમજ રૂ.૯ લાખ હાથઉછીના લીધા હોવાનું બળજબરીપૂર્વક લખાણ કરાવવામાં આવ્યું હતું.

બંને શખ્સોએ અગાઉ લીધેલા કોરા ચેકમાં પોતાની રીતે મોટી રકમો ભરી બેંકમાં રજૂ કરતાં ચેક પરત ફર્યા હતા અને ત્યારબાદ તેમના વકીલ મારફતે ફરિયાદીને નોટિસો મોકલવામાં આવી હતી. મૂળ રકમ કરતાં વધુ વ્યાજ ચૂકવી દીધા હોવા છતાં ધાકધમકી આપી વધુ રકમની ઉઘરાણી કરવામાં આવતી હોવાના આક્ષેપ સાથે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

## બાલંભા પાસે પુરઝડપે આવતી રિક્ષાએ બાઈકને ટક્કર મારતાં બે વ્યક્તિ ઘાયલ

જામનગર : જોડીયા તાલુકાના બાલંભા ગામ નજીક બીણાધાર સ્મશાન પાસે પુરઝડપે અને બેફિકરાઈથી આવતી સી.એન.જી. રિક્ષાએ બાઈકને ટક્કર મારતાં બે વ્યક્તિને ઈજાઓ પહોંચી હોવાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

રાજકોટ ખાતે રહેતા અને મૂળ બીણાધારના ૪૬ વર્ષીય શાંતીલાલ પરમારે ફરિયાદમાં જણાવ્યું છે કે, તેઓ તથા પ્રવિણભાઈ કણજારિયા બાઈક પર બાલંભા ગામની વાડીમાંથી બીણાધાર ગામે જઈ રહ્યા હતા. દરમિયાન બીણાધાર સ્મશાન પાસે જી.જે.-૩૬-યુ-૭૦૨૧ નંબરની સી.એન.જી. રિક્ષાના ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે રિક્ષા હંકારી તેમની બાઈકને ટક્કર મારી હતી. જે અકસ્માતમાં ફરિયાદીને જમણા હાથની કોણી, પોચા, મોઢા-જડબા તથા જમણા કાન પાછળ ઈજાઓ થઈ હતી. જ્યારે સાથે રહેલા પ્રવિણભાઈને મોઢાના નીચેના ભાગે બે દાંત તૂટી જવા ઉપરાંત જમણા પગમાં ઘૂંટણની નીચે ફ્રેકચર જેવી ઈજા થઈ હતી. જોડીયા પોલીસે રિક્ષા ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## મોજપ ગામે દારૂના ૨૦ ચપલા સાથે બે શખ્સ ઝડપાયા : એક ફરાર

દ્વારકા : દ્વારકા પંથકના મોજપ ગામે પોલીસે દરોડો પાડી વાડી વિસ્તારમાં બાવળની ઝાળીમાં છુપાવવામાં આવેલ ઈંગ્લિશ દારૂના ૨૦ નંગ ચપલા સાથે બે શખ્સને દબોચી લીધા હતા જ્યારે એક હાજર નહીં મળી આવતા ફરાર જાહેર કરી ત્રણેય સામે દારૂબંધી ધારા હેઠળ ગુન્હો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર એલસીબી પોલીસે ચોક્કસ બાતમીના આધારે દ્વારકા તાલુકાના મોજપ ગામે વાડી વિસ્તારમાં આવેલ વાકોલ માતાજીની મંદિર ની બાજુમાં ખરાબાની જગ્યામાં દરોડો પાડ્યો હતો જ્યાં છુપાવવામાં આવેલ ઈંગ્લિશ દારૂના ૨૦ નંગ ચપલા મળી આવતા પોલીસે અજયભા ભાવુભા હાથલ અને નરેશભાઈ પુંજાભાઈ વારસાકીયા નામના બે શખ્સને ઝડપી લઈ ઈંગ્લિશ દારૂ ઉપરાંત રૂ. ૫ હજારની કિંમતનો મોબાઈલ ફોન સહિત કુલમળી રૂ. ૭ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો જ્યારે જોગેન્દ્રસિંહ ગામના શખ્સને ફરાર જાહેર કરી શોધખોળ આદરી છે.

## કલ્યાણપુર તાલુકાના માળી ગામે વાડી વિસ્તારમાંથી જુગારનો અખાડો પકડાયો

### સંચાલક સહિત સાત શખ્સની અટકાયત, રૂ. ૪.૫૧ લાખની મતા કબ્જે



ખંભાળિયા : કલ્યાણપુર તાબેના માળી ગામમાં વાડી વિસ્તારમાં ચાલતા જુગારના અખાડાનો પોલીસે પર્દાફાશ કર્યો હતો જેમાં સંચાલક સહિત સાત શખ્સને દરોડો પાડી ઝડપી લીધા હતા અને ત્યાંથી રોકડ રકમ, મોબાઈલ ફોન, કાર, મોટરસાયકલ સહિતનો સાડા ચાર લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે કરી તમામ વિરુદ્ધ જુગારધારા ૪-૫ મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રથમ માહિતી અનુસાર માળી ગામે રહેતો રાણાભાઈ દેવાભાઈ જામ નામનો શખ્સ પોતાની કબ્જા ભોગવટાની વાડીએ બહારથી માણસો બોલાવી નાલ ઉઘરાવી પોતાના અંગત ફાયદા માટે જુગારનો અખાડો ચલાવતો હોય તેવી બાતમીના આધારે દ્વારકા જિલ્લા એલસીબી પોલીસે ત્યાં દરોડો પાડ્યો હતો દરમિયાન અહીથી ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા સંચાલક રાણાભાઈ જામ, જગદીશભાઈ હરીશંકર આરંભડીયા, નારણભાઈ નાથાભાઈ ભોજાણી, મેરૂભાઈ નારણભાઈ જોગલ, આલાભાઈ ફોગાભાઈ કારીયા, સંદીપભાઈ હસમુખભાઈ રૂધાણી અને પરબતભાઈ લખમણભાઈ ચાવડા નામના ૭ શખ્સને પકડી પાડી સ્થળપરથી રૂ. ૧ લાખ ૩૦ હજાર ૫૦૦ ની રોકડ રકમ તથા રૂ. ૭૦૫૦૦ ની કિંમતના ૮ નંગ મોબાઈલ ફોન તથા રૂ. ૨ લાખની કિંમતની કાર અને રૂ.૫૦ હજારની કિંમતનું મોટરસાયકલ સહિત કુલમળી રૂ. ૪.૫૧ લાખની મતા ઝબ્બે કરી હતી.

## તરસાઈ ગામે પાઈપલાઈન રીપર ગયેલ ખેડૂતના બાઈક ઉપર બોલેરો ચડાવી દીધી, ત્રણ સામે ફરિયાદ

જામનગર : જામજોધપુર તાલુકાના તરસાઈ ગામે જમીનમાં દાટેલી સિંચાઈની પાઈપલાઈન રિપેર કરવા ગયેલા ખેડૂત સાથે થયેલા વિવાદમાં બોલેરો પીકઅપ મોટરસાઈકલ પર ચડાવી દઈ નુકસાન કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

પ્રાપ્ત વિગત મુજબ જામજોધપુર તાલુકાના તરસાઈ ગામના ૪૪ વર્ષીય હસમુખભાઈ કણઝારિયાએ ફરિયાદમાં જણાવ્યું છે કે, આરોપી સુરેશભાઈ ખાણધરના શેઢા પાસે તેમણે સિંચાઈ માટે જમીનમાં દાટેલી પાઈપલાઈન રિપેર કરવા જતાં પ્રદીપભાઈ ખાણધરે જી.જે.-૦૧-ડી.વાય.-૦૧૧૪ નંબરની બોલેરો પીકઅપ લાવી તેમની જી.જે.-૧૦-ડી.બી.-૮૪૧૧ નંબરની મોટરસાઈકલ પર ચડાવી દીધી હતી.

ત્યારબાદ અન્ય બે મદદગારો સહિત ત્રણેય આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપી ગાળો બોલી હોવાનો ફરિયાદમાં આક્ષેપ છે. આ બનાવમાં મોટરસાઈકલને આશરે રૂ.૮ હજાર અને પાણીની પાઈપલાઈનને આશરે રૂ.૨ હજારનું નુકસાન થયું હોવાનું જણાવાયું છે. જામજોધપુર પોલીસે પ્રદીપભાઈ ખાણધર, સુરેશભાઈ ખાણધર અને ગોપાલભાઈ ખાણધર સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## ધીણકી ગામે યુવાન ઉપર સગાઈનું મનદુઃખ રાખી ત્રણ શખ્સનો હુમલો

દ્વારકા : દ્વારકા તાબેના ધીણકી ગામના યુવાન ઉપર ત્રણ શખ્સે ભેગા મળી સગાઈ બાબતનું મનદુઃખ રાખી આડેધડ ફટકારી હુમલો કરતા તેને શરીરે જુદા - જુદા ભાગમાં ઈજાઓ પહોંચાડી હતી. આ બનાવમાં ઈજાગ્રસ્ત યુવાનની ફરિયાદ પરથી પોલીસે ગુન્હો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી આરંભી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર દ્વારકા તાલુકાના ધીણકી ગામમાં રહેતો પ્રવીણભા રાજાભા માણેક નામનો ૩૦ વર્ષનો યુવાન ગામમાં આવેલી ધીણકી જનરલ સ્ટોર નામની દુકાનમાં કામસર ગયો હોય દરમિયાન ત્યાં ડાડુભા વરજાંગભા ભગાડ, દેવેન્દ્રભા વરજાંગભા ભગાડ અને રાણાભાઈ નામના ત્રણેય શખ્સે તેઓના બેન દેવલબેન અને પ્રવીણભાની સગાઈની ખાર રાખી લાકડીથી આ યુવાનને ફટકારી ડાબા પગમાં અને પીઠના ભાગમાં ઈજા પહોંચાડી હતી ઉપરાંત પ્રવીણભાને ગાળો કાઢી જાનથી મારી નાખવાની ધમકી આપતા તેણે ત્રણેય સામે દ્વારકા પોલીસ દફતરે ફરિયાદ નોંધાવી છે.

## જામનગરમાં સફાઈ કર્મચારીઓના વિવિધ પ્રશ્ને ધરણાં-આવેદન

### આમરણાંત ઉપવાસ આંદોલનનો છઠ્ઠો દિવસ : પ્રશ્નનો હલ નહીં થાય તો ૨ ઓક્ટોબરે સફાઈ કામગીરીથી અળગા રહેવાની ચીમકી





તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેરમાં સફાઈ કર્મચારીઓની વિવિધ સમસ્યાઓનો તાકીદે ઉકેલ લાવવાની માંગ સાથે રાષ્ટ્રીય સફાઈ કર્મચારી મજૂર યુનિયનના હોદ્દેદારો દ્વારા શરૂ કરવામાં આવેલું આમરણાંત ઉપવાસ આંદોલન આજે છઠ્ઠા દિવસે પણ યથાવત રહ્યું હતું. દરમિયાન સફાઈ કર્મચારી સંસ્થાના શહેર પ્રમુખ મહેશભાઈ બાબરીયા, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અમિતભાઈ પરમાર સહિત સફાઈ કર્મચારીઓએ મ્યુનિ. કમિશનર દીપેશ કેડિયા તથા પદાધિકારીઓને મળી આવેદનપત્ર પાઠવી પ્રશ્નોના ઉકેલની માંગ કરી હતી.

આવેદનમાં જણાવ્યા મુજબ, જામનગર શહેરમાં સફાઈની કુલ ૧૮૯૬ બીટ સામે સફાઈ કર્મચારીઓનું મહેકમ માત્ર ૧૩૩૪નું છે. જેથી સફાઈ કર્મચારીઓનું મહેકમ વધારવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. ઉપરાંત વોર્ડ નં. ૮માં વીજ ટ્રાન્સફોર્મરના પાંજરામાં સફાઈ કર્મચારીઓ પાસે જોખમી રીતે સફાઈ કરાવનાર સામે કાર્યવાહી કરવા તેમજ વોર્ડ નં. ૯માં સફાઈ કર્મચારી સામે કથિત રીતે ખોટી રીતે પગલાં લેનારા એસએસઆઈ સામે કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. સફાઈ કર્મચારીઓને મુકાદમો દ્વારા કરવામાં આવતી કથિત હેરાનગતિ અટકાવવા, સફાઈ કર્મચારીઓની ખાલી પડેલી ૮૭ જગ્યાઓ તાત્કાલિક ભરવા સહિતના પ્રશ્નોનો પણ આવેદનમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

યુનિયનના હોદ્દેદારોએ ચીમકી ઉચ્ચારી હતી કે, તંત્ર દ્વારા સફાઈ કર્મચારીઓના પ્રશ્નો અંગે તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે તો આગામી તા. ૨ ઓક્ટોબર, ગાંધી જયંતિના દિવસે શહેરના સફાઈ કર્મચારીઓ સફાઈ કામગીરીથી અળગા રહેશે. ત્યારબાદ પણ પ્રશ્નોનો ઉકેલ નહીં આવે તો સંપૂર્ણ હડતાળ શરૂ કરવામાં આવશે. બીજી તરફ, હોદ્દેદારોનું આમરણાંત ઉપવાસ આંદોલન પણ ચાલુ રાખવામાં આવ્યું છે.

## જામનગરમાં સમાધાનના પ્રશ્ને બે શખ્સોએ પિતા-પુત્ર પર હુમલો કરી ધમકી આપી

જામનગર : જામનગરના કિશાન ચોક વિસ્તારમાં જૂની માથાકૂટના મનદુઃખને લઈને પિતા-પુત્ર પર લોખંડના પાઈપ વડે હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ સીટી-એ ડિવિઝન પોલીસમાં નોંધાઈ છે.

પ્રાપ્ત વિગત મુજબ કિશાન ચોક વિસ્તારમાં રહેતા ૨૨ વર્ષીય કિશનભાઈ વશીયર આરોપી સાગર ગજરા સાથે આશરે ત્રણ મહિના અગાઉ માથાકૂટ થઈ હતી. આ બાબતનું મનદુઃખ રાખી સાગરે ફરિયાદી તથા તેના પિતા મહેશભાઈને માર મારવા માટે કાવતરું રચ્યું હતું. દરમ્યાન સાગરે ઈકબાલ ખફીને મોકલ્યો હતો અને તેના પિતાને ગાળો આપી લોખંડના પાઈપ વડે શરીર તથા પગમાં માર માર્યો હતો.

આ ઉપરાંત સમાધાન નહીં કરે તો જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. પોલીસે સાગર ગજરા અને ઈકબાલ ખફી સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.